# પ્રકરણ-૩ : પંચાળના માલધારીઓનું લોકવાઙ્મય :-

## પંચાળ પ્રદેશનો પરિચય :-

ગુજરાત રાજ્યમાં વસતા પંચાળના માલધારીઓના ઈતિહાસ પર નજર નાખતાં ખ્યાલ આવે છે કે સુરેન્દ્રનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લાના ત્રિભેટાનો નાની-મોટી ટેકરીઓથી શોભતો વિસ્તાર પંચાળ એ હકીકતે તો કોઈ રાજય દ્વારા અપાયેલ રાજકીય પ્રદેશ નથી. પરંતુ લોકો દ્વારા લોકમાન્યતાથી દઢ થયેલ સંજ્ઞા તે પંચાળ પ્રદેશ. આમ આ પંચાળ પ્રદેશ એ લોકપ્રદેશ 'Folk Region' છે. સૌરાષ્ટ્રમાં હાલાર, નાઘેર, વાળાક, વાગડ, પંચાળ, ઓખામંડળ, ખારોપાટ, બાબરિયાવાડ, બારાડી વગેરે છે. પંચાળને 'કાંગો' પણ કહેવામાં આવે છે. આ પ્રદેશની કોઈ નિશ્ચિત સીમા આંકી શકાય તેમ નથી. છતાં લોક પ્રચલિત માન્યતાઓના આધારે પંચાળની સીમા નક્કી કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| પૂર્વમાં | - | લીબંડી-રાણપુર, બોટાદ |
| પશ્ચિમમાં | - | ચોટીલા, સરધાર |
| ઉત્તરમાં | - | મોરબી, વઢવાણ, થાન, વાંકાનેર |
| દક્ષિણમાં | - | ગઢડા, ભડલી અને જસદણ |

વચ્ચેના વિસ્તારને 'પંચાળ' ગણવામાં આવે છે. આ પ્રદેશમાં અનેક નાના-મોટા મંદિરો આવેલા હોવાથી પંચાળ પ્રદેશને 'દેવભૂમિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

પંચાળ પ્રદેશના નામનો ઉલ્લેખ બ્રાહ્મણ અને ઉપનિષદ ગ્રંથોથી માંડી આપણા પુરાણો સુધી મળી આવે છે. આ પ્રદેશનું સ્થાન ભિન્ન-ભિન્ન સમયે ભિન્ન-ભિન્ન રહ્યું છે. પંચાળ નામ પડવાના સંબંધમાં પુરાણોમાં ઉલ્લેખ મળે છે. મહારાજ હર્યશ્વ પોતાના ભાઈ સાથે ઝઘડો કરીને મધુપુરીમાં પોતાના સસરાને ત્યાં જતાં રહ્યાં. પોતાના સસરા મધુની મદદથી તેમણે અયોધ્યા પ્રદેશ જીતી લીધો. લોકોએ આવીને તેમને અયોધ્યાના રાજાના આક્રમણની વાત કરી ત્યારે તેમણે પોતાના પાંચ પુત્રો મૃદગણ, સંજય, વહદિપુ, પ્રવીર અને કાટિતલય તરફ નજરકરી કહ્યું કે ''પંચાભમ્ એટલે આ પાંચ પુત્રો મારા રાજયનું રક્ષણ કરવા પુરતા છે''[૧] ત્યારથી તે પ્રદેશનું નામ પંચાળ પડ્યું હોય.

'અતીતના અનાવરણ' નામના હિન્દી પુસ્તકમાં આચાર્ય અને મુની નથમલ લખે છે કે હિમાલયની તળેટીથી ચંબલ નદી સુધી ફેલાયેલા પ્રદશને 'પંચાળ' કહેવામાં આવેલો હતો. આ પ્રદેશ દિલ્હીથી ઉત્તર પશ્ચિમમાં હતો. પણ ત્યારબાદ ગંગાનદીથી વિભકત પ્રદેશને ઉત્તર-પંચાળ અને દક્ષિણ પંચાળ કહેતા. ઉત્તર પંચાળની રાજધાની અહિચ્છત્રપુર અને દક્ષિણ પંચાળની રાજધાની કપિલ લખે છે. દ્રૌપદી અહીંના રાજાની કન્યા હોવાને કારણે પાંચાલી કહેવામાં આવી. પ્રાચીન હિંદમાં હિન્દુસ્તાનની દક્ષિણે આવેલા એક પ્રદેશને પંચાળ કહેવામાં આવતો.''[૨] આજે પણ દક્ષિણમાં પંચાળ નામન એક જાતિ

વસે છે. આ જાતિના લોકો લુહારનું કામ કરે છે. પોતાને વિશ્વકર્માના વંશજો તરીકે ઓળખાવે છે. તેઓ જનોઈ પણ પહેરે છે. આમ પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં બ્રાહ્મણ ને ઉપનિષદ ગ્રંથોથી માંડી આજ સુધી પંચાળના નામનો ઉલ્લેખ જોવા મળે છે.

## ઐતહાસિક દષ્ટિએ પંચાળ :-

સંસ્કૃત તેમજ ઐતિહાસિક ગ્રંથોમાં પંચાળના નામનો ઉલ્લેખ સ્પર્શતો નથી. સૌરાષ્ટ્રનો પંચાળ પ્રદેશ વિસ્તારની દષ્ટિએ નાનો  હોવાથી અને સૌરાષ્ટ્રનો એક ભાગ હોવાથી ઈતિહાસમાં 'કાઠિયાવાડ' અને 'સૌરાષ્ટ્ર' ના નામનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોની જેમ બૌદ્ધ અને જૈન ધર્મના સાહિત્યમાં પણ પંચાળનો ઉલ્લેખ બહોળા પ્રમાણમાં જોવા મળે છે. બૌદ્ધ અને જૈનસાહિત્યમાં સોળ મહાજન પદ ગણાવ્યા છે. અને જનપદોની યાદીમાં થોડો ફેર જોવા મળે છે. પાલિ ત્રિપિટકમાના 'અંગુત્તર- નિકાય' નામના ગ્રંથમાં સોળ મહાજન પદ ગણાવ્યા છે. તેમાં પણ અંગ, મગધ, પંચાળ, વત્સ, ગંધાર વગેરે ગણાવ્યા છે.

આ ઉપરાંત ભગવદ્ગોમંડળના સૌરાષ્ટ્ર નામના પ્રદેશને પંચાળ- દેવ પંચાળ તરીકે ઓળખવામાં આવે છે. આ ગ્રંથમાં પંચાળ શબ્દના અન્ય અર્થો પણ મળે છે.

(૧) પંચાલઃ- ભારતના એક ઋષિનું નામ

(૨) પંચાલઃ- દક્ષિણ દેશની એક જાતિ

(૩) પંચાલઃ- એક જાતનો ઝેરી જીવડો

(૪) પંચાલઃ- એક રાજાનું નામ

(૫) પાંચાલઃ- ઘોડીની એક જાત

(૬) પાંચાલઃ- ભારતની એક વાયવ્ય તરફનો એક દેશ

(૭) પાંચાલઃ- હિન્દુસ્તાનની દક્ષિણે આવેલો એક પ્રદેશ

(૮) પાંચાલીઃ- પાંચાલ દેશના રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદી

(૯) પાંચાલીઃ- પ્રાકૃતની એક જાત

(૧૦) પાંચાલી- નર્મદના હજાર માંહેનું એક નામ

## પંચાલ વિશેની લોકમાન્યતા :-

(૧) પંચાલ પ્રદેશ એક એવી લોકમાન્યતા પ્રર્વતે છે કે સુરેન્દ્રનગર જિલ્લમાં આવેલ થાનગઢની ઉત્તરે પાંચેક માઈલના અંતરે તરણેતર મહાદેવનું મંદિર છે. આ મંદિર નજીક દ્રૌપદી- પાંચાલીનો સ્વયંવર યોજવામાં આવ્યો હતો. આ લોકમાન્યતામાં પૌરાણિક સત્યદોષ હોવાનો સંભવ છે.

(૨) એક બીજી પણ લોમાન્યતા છે કે પાંડવો કેટલોક સમય આ પ્રદેશમાં આવીને વસ્યા હતા. ને તેથી આ પ્રદેશનું નામ પાંચાલી પરથી પંચાલ પડયું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વાંકાનેરની બાજુમાં આંબરડી પાસે સુંદરી ગામમાં તેઓ આવેલા ત્યાં રાજયાભિષક દિવસનો ઉત્સવ ઉજવવાનો હતો. કુળદેવી વગર ઉત્સવ ઉજવાય નહી. એટલે તેઓએ માતાજીની પ્રતિષ્ઠા કરીને રાજયભિષેક દિનની ઉજવણી કરી. એ વખતથી 'દેવકો પંચાળ' ની ગણના થઈ. હાલ સુંદરી ગામમ માનવ કદની પાંચ મૂર્તિઓ છે. જેને આ પ્રદેશના લોકો પાંડવોની મૂર્તિઓ ગણે છે.

## પંચાળમાં વસતી લોકજાતિઓ :-

પંચાળમાં વસતી વિવિધ લોકજાતિઓમાં વિશેષ પ્રમાણ ખેતી પર નિર્ભર રહેનાર કણબી અને કોળી જાતિ છે. આ ઉપરાંત ભરવાડ, રબારી, ચારણ, બારોટ વગેરે જ્ઞાતિના લોકો વર્ષોથી વસવાટ કરે છે. અહીંની જમીન ફળદ્રુપ નથી. વરસાદનું પ્રમાણ નહિવત રહે છે. આસપાસમાં કોઈ મોટું શહેર કે નગર નથી. કે જયાં ઉદ્યોગ ધંધાનો વિકાસ થયો હોય. મોટાભાગની વસ્તી ગામડામાં રહે છે. ગામડામાં ઉપલબ્ધ હોય તેવા વ્યવસાય સાથે જોડાયેલા રહે છે. ગરીબીનું પ્રમાણ પંચાળમાં વધુ જોવા મળે છે. અહીં અતીત, કુંભાર, દરજી, પઠાણ, રજપૂત, રામાનંદી સાધુ, રાવળ, લોહાણા, વાદી, વાળંદ, ભવાયા, મીર, તૂરી જેવી અનેક જાતિઓ વસવાટ કરે છે. માલધારી જાતિ ભરવાડ, આહીર, રબારી, ચારણ જેની સંખ્યાની દ્રષ્ટિએ ત્રીજો ક્રમ આવે છે.

## પંચાળની લોકજાતિઓમાં માલધારીઓ:-

દેશકાળ આધુનિક પ્રવાહોથી અજ્ઞાત, દરિદ્ર ભોળા મૂંગા માલધારી સમાજ પ્રત્યે અન્ય સમાજે હંમેશા ઉપેક્ષા સેવી છે. માલધારી સમાજને 'ભરવાડ-ભૂત કે ગોબા જેવા તોછડા બિરૂદથી બોલાવવામાં આવે છે. ગામને છેવાડે જેમ હરિજનોના વાસ હોય છે. એજ રીતે માલધારી સમાજના ઘરો પણ ગામના છેવાડે જોવા મળે છે. તેને 'ભરવાડ-વાસ' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષોથી ખેડૂત પ્રજા માલધારી પ્રજાનું શોષણ કરતી આવી છે. માલધારી સમાજ પછાત છે. સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે અનુસૂચિત જનજાતિ કરતાં પણ પછાત ગણાવી શકાય.' પંચાળમાં ત્રણ જિલ્લની સીમારેખાઓનો ત્રિવેણી સંગમ થયેલો છે. રાજકોટ જિલ્લામાં ભરવાડની વસ્તી - ૩.૧૧%, ભાવનગરમાં ૨.૯૮% અને સુરેન્દ્રનગરમાં ૫.૯૦% ટકા ભરવાડની વસતી છે. આ ત્રણેય જિલ્લાની સરેરાશ કાઢતા પંચાલની કુલ વસ્તીમાં ભરવાડની વસ્તી ૪% ની છે.''[3]

સામાજિક સંપર્કના અભાવે આ પ્રજામાં ઘડતર-ભણતર ઓછું છે. દિશાશૂન્ય જેવા તે ઘેટાં-બકરાં સાથે ભટકતું જીવન જીવે છે. પંચાળમાં ઘેટાં-બકરાં કે ગાય-ભેંસના ટોળાને 'ભર' કહે છે. બ્રાહ્મણને રહેવાના સ્થળને બ્રાહ્મણવાડ કહે છે. ભરવાડના રહેવાના સ્થળને 'ભરવાડ-વાસ' તરીકે ઓળખવામાં

આવે છે. પંચાળના ભરવાડના મૂળ ગોત્રોમાં આજે પણ સિંધવ, જાદવ અને કારેથા મૂળ ગોત્ર તરીકે મોજૂદ છે. શ્રીકૃષ્ણ સાથે જાદવ અને તેના ત્રણ પુત્રો સૌરાષ્ટ્રમાં આવેલા. જેમાં માટિયા અને ધ્રાંગિયા શાખાઓ થઈ. બળદેવના વૈશ્યવંશ જોગોકીકાનો પણ જાદવવશંમાં સમાવેશ થાય છે. જાદવ ગોત્રની પંદર શાખાઓ ગણાય છે. આપણાં લોકગીતમાં પણ જુઓ :

વા વાયાને વાદળ ઉમટયા
ગોકુળમાં ટહુકયા મોર-મળવા આવો
સુંદર વર શામળિયા.
તમે ભરવાડના ભાણેજ મળવા આવો
સુંદર વર શામળિયા.

''શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીના મતે પરશુરામના ડરથી ક્ષાત્રત્વ છોડીને વૈશ્યપત્વ પ્રાપ્ત કરનાર આભીરોએ ફરી રાજયત્ત્વ પ્રાપ્ત કરી યજ્ઞાદિ કર્મ દ્વારા ક્ષત્રિય વંશ ગોત્રમાં પ્રવેશી જાડેજા, ચુડાસમા જેવા સીધા ગોત્રો ઉપરાંત ચૌહાણ, સોલંકી, પ્રતિહાર, પરમાર, મકવાણા કે તેઓ યજ્ઞાધ્વાશ કે યજ્ઞની રક્ષા દ્વારા ક્ષાત્રત્વ પામ્યા હતા. તેમની સાથે ક્ષત્રિય વૈશ્યના લોહી સંબંધ બાંધીને ઉપલા વર્ણો સાથે અને આદિમ જાતિ તથા નીચલા વર્ગ સાથે લોહીની સગાઈ ગોઠવીને ઉચ્ચ અને નીચે બન્ને સર્વણો સાથે ભરવાડ આહીર સમાજે એકત્ત્વ સાધ્યું. આ રીતે આ ભરવાડ સમાજે વર્ણસંસ્કૃતિના સંગમનું ઉત્તમ ઉદાહરણ દુનિયા સમક્ષ મૂકયું છે.

ગુજરાતમાં માલધારીઓની વધારેમાં વધારે વસ્તી રાજકોટ જિલ્લામાં છે અને ઓછામાં ઓછી વસ્તી ગાંધીનગર જિલ્લામાં છે. ગુજરાતની કુલ વસ્તીના લગભગ ૧.૯૮% વસ્તી માલધારીની છે. પંચાળમાં માલધારી પ્રજાની સૌથી વધારે વસ્તી ઝાલાવાડની ચાર્યાસીમાં છે. અને સૌથી ઓછી વસ્તી વાંકાનેર તાલુકામાં છે. પંચાળની સીમા રેખા કોઈ નિશ્ચિત તાલુકા કે જિલ્લાની સીમા સાથે સંબધિત નથી. એથી પંચાળમાં વસતા માલધારીની ચોક્કસ સંખ્યા નક્કી કરી શકીશું નહી. છતાં વ્યકિત અને સ્થળ મુલાકાતો દ્વારા એટલું જાણવા મળ્યું છે કે પંચાળમાં સૌથી વધારે વસ્તી મોટાભાઈ ભરવાડની છે. રબારીની વસ્તી મોટાભાઈ ભરવાડ કરતા ઓછી છે. નાનાભાઈ ભરવાડની વસ્તી ખૂબજ ઓછી છે. ગુજરાતમાં સમગ્ર મોટાભાઈ ભરવાડની વ્યવસ્થા ૭૯ પરગણાા દ્વારા ચાલે છે. નાનાભાઈ જ્ઞાતિની વ્યવસ્થા ૧૬ પરગણા દ્વારા ચાલે છે. રબારી જ્ઞાતિ ભરવાડ જ્ઞાતિ જેટલી રાજયકક્ષાએ અંકલિત બની નથી. એટલે રબારી જ્ઞાતિના પગરણા વિશે માહિતી મળતી નથી. છતાં પંચાળ વિસ્તારમાં રબારીના પરગણા માટે 'પાખોળ' કે 'દોઢી' જેવા પેટા શબ્દ પ્રયોગો વપરાય છે. પંચાળના પ્રદેશને ચાર 'પાખોળ' પરગણામાં વહેચેલ છે. ભરવાડના પંચાળમાં સાત પરગણા છે.''

## આર્થિક જીવન :-

પંચાળના માલધારીઓનો મુખ્ય વ્યવસાય ઘી, દૂધ, વેચવાનો છે. આ વ્યવસાય પશુઓ પર આધારિત હોઈ તેથી તેઓ ગાય, ભેંસ, ઘેટાં, બકરાં જેવા પાલતું પશુઓ ઉછેરે છે. દુષ્કાળ વખતે તેમનો વ્યવસાય ધીમો પડી જાય છે. પરંતુ તે વખતે તેઓ સ્થળાંતર થઈને સમય પસાર કરી દે છે. હાલમાં પશુઓને નભાવવાના સાધનો જમીન, ગોચર અનેજંગલો ઘટતા જાય છે. પહેલા દેશી રાજયોમાં વિશાળ ગોચર જમીન પંચાળમાં હતી અત્યારે નથી. પરિણામે ઢોરનુ પોષણ પંચાળના માલધારી માંડ-માંડ કરે છે. એમના આર્થિક જીવન પર આ ભારે ફટકો ગણાય. જંગલો ઘટતા માલધારી સીમશેઢે જવા લાગ્યો. પણ તેમની પાસે સીમચરાઈ લેવામાં આવતી. અમુક રકમ ભંડોળમાં જમા કરાવ્યા પછી જ એ ખાલી સીમમાં પોતાના ઢોરને ચરવા લઈ જઈ શકે. આર્થિક રીતે ઘસાતો આ વર્ગ ના છુટકે ગામડામાં મજૂરી કરવા લાગ્યો. જેને મજૂરીનું નાનુ મોટુ કંઈ કામ ન મળ્યુ હોય તેવા લોકો શહેર તરફ વળ્યા. શહેરમાં જ્યાં-ત્યાં ઘાસના ઝૂંપડા કે પતરાના ઘોલકામાં તે પાંચ-સાત ઢોર સાથે રહેવા લાગ્યો. ઘરનો પુરુષવર્ગ કારખાનામાં કે જયાં કંઈ પણ છૂટક કામ મળે તે કરવા લાગ્યો. સ્ત્રીઓ શ્રીમંતોને ત્યાં કપડા-વાસણના નાના-મોટા ઘરકામમમાં જોડાઈગઈ. કોઈ-કોઈ પુરુષો સોસાયટીમાંથી એઠવાડ ઉઘરાવી ગાયોને ખવડાવે તંદુરસ્ત ખાનપાન, કે આરામમાં કોઈ સગવડ કે નિરાંત ન રહી ને ગરીબીને ગંદકીથી ખદબદતું જીવન આર્થિક રીતે પણ પછાત થતું ગયું. અને નૈતિક રીતે પણ તેની દુર્દશા વધતી ગઈ. સારા-નરસાં પ્રસંગો વખતે કરજ વધારતો ગયો આ રીતે પંચાળનો માલધારી આર્થિક રીતે પડી ભાંગ્યો.

પંચાળમાંથી શહેર તરફ દોડી જનાર માલધારી કોઈ રીતે કરજમાંથી ઊંચા ન આવતા તેઓએ ઘી-દૂધમાં ભેળસેળ શરૂ કરી. તો સામે પક્ષે વેપારીઓ માલ નબળો ઠરાવી ભાવ-તાલમાં માલધારીઓને વેતરી નાખતા. શોષણખોર વેપારીઓ યેનકેન પ્રકારે તેનો લાભ ઉઠાવતા. પંચાળના માલધારીઓ ને બે શત્રુ સતત મૂંઝવતા. દુષ્કાળ અને માંદગી. દુષ્કાળમાં સ્થળાંતર કરવું પડતું. જયારે માંદગીમાં સંઘર્ષ તેમજ કરજ કરવું પડતું હતું. આટલું ઓછુ હોય તેમ પંચાળના માલધારીના જીવનમાં બેરોજગારી, ગરીબી અને સાધનહીનતા અને કોઈ કામધંધા માટે મૂડીનું રોકાણ નહોતું એ પણ એમની મોટામાં મોટી મૂંઝવણ હતી. ટૂંકમાં પંચાળના માલધારીઓ આર્થિક રીતે ખૂબ પછાત રહ્યા. સ્થળાંતર અને રઝળપાટને લઈ પોતાની ભાવિ પેઢીને તેઓ ભણાવી ન શકયા. તેઓ આર્થિક ભીંસમાં આવ્યા ને ભણવાની ઉંમરે ઢોર ચરાવતા થયા. છેલ્લા ૭૦ વર્ષમાં પંચાળના માલધારીઓની આર્થિક સ્થિતિ તપાસતા જણાય છે કે જેમને સરકારી યોજનાનો લાભ મળ્યો છે તેઓ પણ હાલમાં ગરીબ સ્થિતિમાંજ જીવે છે. શહેરમાં જઈ વસવાટ કર્યો પણ નિરક્ષરતાને કારણે સારો વેપાર કે સારો કામ-ધંધો, કલા-કારીગીરી શીખી શકયા નહી. તેમાં તેઓ નિષ્ફળ ગયા આ તેમની આર્થિક નબળાઈનું મુખ્ય પાસુ ગણાવી શકાય.

## ધાર્મિક જીવન :-

પંચાળના માલધારીઓ ગોપાલક કૃષ્ણ અને ગાયને શ્રધ્ધાની નજરે જુએ છે. 'કાળિયા ઠાકર' શ્રીકૃષ્ણ ભગવાન તેમના કુળદેવતા છે. શ્રીકૃષ્ણના બાળપણને ગોપીઓ સાથેના વિહાર ને પ્રણયના પ્રસંગો બહેલાવીને તો કોઈકવાર મૂળ સ્વરૂપે કહેવાતા હોય છે. પણ એમનો ભગવાન કૃષ્ણ પ્રતિ આદરને ભકિતભાવતો હોય છે જ પંચાળના માલધારીઓ એવું માને છે કે ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચરાવવા જતાં એટલે પોતાના ઈષ્ટદેવ માને છે. પંચાળના દરેક ગામમાં રામજીમંદિર તો હોય જ છે. પરંતુ માલધારીઓના નેસમાં માત્ર તેની જ્ઞાતિ સિમિત એક નાનુ ઠાકર મંદિર હોય છે. જેમાં માલધારી ભગત સેવા-પૂજા કરે છે. શિવ, રામ, કૃષ્ણ, હનુમાન, ગણપતિથી માંડીને અંબાજી મહાકાળી જેવી અનેક દેવીઓને કુળદેવી કે કુળદેવતા તરીકે માને છે. ગુજરાતના માલધારીઓ મોટેભાગે સાત્વિક નૈવેધ ધરે છે. જયાં-જયાં ઠાકરદ્વાર છે ત્યાં કૃષ્ણ અને નકલંકની પૂજા આરતી થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને નકલંકદેવના ભકતો દારૂ, જુગાર, માંસાહારથી દૂર રહે છે. રામદેવપીરનો પાટ હોય ત્યારે પણ દૂધ ગોળની પ્યાલી અને મીઠાભાત કે માનભોગ ધરાય છે. હિમાચલના માલધારીઓમાં ગર્ભરક્ષા કે ભયમુકિત માટે શકિતની માનતા માને છે. એમાં મોટા મનોરથ સિદ્ધ થાય તો ૮૦ થી ૮૪ બકરાનો બલિ ચડાવે છે. પંચાળના માલધારીઓ દેવીઓને પણ સાત્વિક નૈવેધ ધરાવે છે. નવરાત્રિમાં ભૂવા ધૂણે છે આઠમના દિવસે માતાજીના નૈવેધ ધરાવાય છે. શ્રીફળ અને સુખડી ધરાય છે.

પંચાળનો માલધારી આર્થિક, સામાજિક અને રાજકીય દ્રષ્ટિએ પછાત છે. પણ ધાર્મિક દ્રષ્ટિએ અન્ય સમાજના કરતાં આગળ છે. એ તેમનું ઉત્તમ સાંસ્કૃતિક પાસુ ગણાવી શકાય. ઈશ્વર પ્રત્યેની અપાર શ્રધ્ધા આજે પણ તેમનામાં જોવા મળે છે. ગુજરાતમાં ઠેર-ઠેર આવેલા માલધારી સમાજના ઠાકરમંદિરો તેમનો જીવતો જાગતો પુરાવો છે. હિન્દુ સમાજ નદીઓને લોકમાતા તરીકે પૂજતો આવ્યો છે. નદીના નામ પરથી નદી કિનારે માતાનું સ્થાનક તે સ્થાપે છે. નાગબાઈ, સિંધુઈ, ધાવડી, માતરી, મચ્છુ જેવી દેવીઓના નામ નદી પરથી પડયા છે. પંચાળમાં સૌથી વધારે મહત્ત્વ મચ્છુ-મસોઈ માતાનું છે. મસોઈને સૌથી મોટી દેવી તરીકે મોટાભાઈ માલધારીઓ માને છે. કૃષક સમાજની જેમ માલધારીઓ ક્ષેત્રપાલને પણ પૂજે છે. અને ગુર્જર ક્ષત્રિયોની જેની વચ્છરાજ. વાછડાદાદાને માને છે. કશ્યપ, અત્રિ, દત્તાત્રેય, વસિષ્ઠ, શ્રીકૃષ્ણ જેવા ધર્મ પુરુષોના સમાગમથી અને બુદ્ધ- મહાવીરની અસરથી ગોપાલક વર્ગમાં ધાર્મિક સંસ્કારો વિશેષ ઊતર્યા છે. એટલું જ નહીં પણ આજ પર્યંત એ બધા સચવાઈ રહ્યા છે. આધુનિક જીવન વિચારધારાની અસર ગ્રામ સમાજમાં પડી છે. પણ તેમા માલધારી પ્રજા બાકાત રહી છે. આ ધાર્મિક સંસ્કારોને લીધે માલધારી સમાજમાં ઘણા સ્ત્રી-પુરુષો ભકતો-સંતો તરીકે પ્રસિધ્ધ છે. સ્ત્રીપ્રધાન સંસ્કારને લીધે નવરત્નો કરતાં નારીરત્નોની સંખ્યા વધારે છે. પંચાળમાં પણ સંત અને ભકત કોટિના કેટલાય સ્ત્રી-

પુરુષો થઈ ગયા છે. રાણીમાં, રૂડીમાં, હીરબાઈ, લગીબાઈ, વાલબાઈ તેમજ મેપા ભગત, ગેલા ભગત, આંબા ભગત, મૂળા ભગત વગેરે.

આમ, પંચાળના માલધારીઓનું ધાર્મિક પાસુ સૌથી વિશેષ સબળ છે. માલધારી સમાજના કથા-વાર્તા અને લોકગીતોમાં આ સંસ્કારો સ્પષ્ટ ઝીલાયા છે.

## પંચાળના માલધારીઓના રીત-રિવાજો :-

દરેક સમાજમાં રીતરિવાજોમાં વિવિધતા જોવા મળે છે. પંચાળના માલધારી સમાજમાં કોઈ ખાસ કૌટુંબિક પ્રશ્નો ઊભા થતા નથી. જે પ્રશ્નો ઊભા થાય તે નાત કે પંચના વડીલો ઉકેલી આપે છે. પતિ-પત્ની વચ્ચેનો અણબનાવ, છૂટાછેડાના પ્રશ્નો હોય, માલ-મિલકતની વહેંચણીના પ્રશ્નો હોય, તો સમાજનું પંચ જે નિર્ણય આપે તેનો અમલ બન્ને પક્ષનાલોકો કરે છે. સરકારી કાયદાઓ, કરતા અહીં જ્ઞાતિએ ઠરાવેલા કાયદાને ભયથી કે એવી બીજી કોઈ ગ્રંથિથી પાળવામાં આવે છે. 'નાત બહાર' થવાનો ભય એમને પાપ કરતા રોકે છે.

દીકરા-દીકરીની સગાઈ વખતે માતા-પિતાની પસંદગી જ માન્ય રહેતી. દીકરા-દીકરીની સગાઈ નાની ઉમંરમાં જ કરવામાં આવે છે. સગાઈ વખતે કુટુંબ, મોસાળ, ખાનદાન, વ્યવસાય, મિલકતને ધ્યાનમાં લેવામાં આવે છે. શિક્ષણ, રૂપ કે બાહ્યદેખાવને મહત્ત્વ આપવામાં આવતું નથી. સરખી, શાખ-અટક ધરાવતા વર-કન્યા વચ્ચે સંબંધ થતાં નથી. વળી મામા-ફૂઈના દીકરા-દીકરી પણ અંદર-અંદર પરણી શકતા નથી. બ્રાહ્મણની હાજરીમાં સગાઈ કરવામાં આવે છે. સગાઈ વખતે વરપક્ષ તરફથી રૂપિયો અને નાળિયેર કન્યાપક્ષને આપવામાં આવે છે. કોઈ કોઈ જગ્યાએ જ્ઞાતિના કાયદાઓ, નિયમો હોવા છતાં ખાનગીમાં કન્યાના પિતા દહેજ રૂપે નાની-મોટી રકમ લે છે. સગાઈને કેટલાક 'રૂઢ' શબ્દ પ્રયોગ વાપરે છે. 'રૂપિયો નાળિયેર દેવું', 'ચાંદલા કરવા', 'ગોળખાધો', 'ચા-પીધા', 'વેવિશાળ કરવું' જેવા રૂઢિપ્રયોગો સગપણને બદલે પ્રયોજાય છે.

પંચાળના માલધારીઓના લગ્નવિધિ બ્રાહ્મણ કરે છે. એક સાથે અનેક માંડવા રોપવામાં આવે છે. અહીં સમૂહલગ્નની પ્રથા છે. દીકરીના બાપને કમર તૂટી જાય તેટલું કરિયાવર આપવું પડે છે. એમાં પશુધન આપવાનો પણ રિવાજ છે. પંચાળના માલધારીઓમાં સ્ત્રીપ્રધાન જીવન હોઈ કૌટુબિંક પ્રશ્નો ઓછા ઊભા થાય છે. ઉમંરમા મોટા કે વડીલોની લાજ કાઢે છે. લગ્ન વિશેની એનીઅમુક બાબતો નોંધવા જેવી છે. આણાને 'ઢગ' કહે છે.

પંચાળના માલધારીઓમાં સમૂહલગ્ન વખતે મિનારા જેવડો ઊંચો માણેકથંભ રોપવામાં આવે છે. આ માણેકથંભમાં પંચાળી-માલધારી જીવનના ઉત્સવો, શોખ, ધર્મ, વગેરેને લગતા જાતભાતના

ચિત્રો દોરવામાં આવ્યા હોય છે. લગ્નને લગતી કેટલીક રીતોના ચિત્રો પણ એમા સુંદર ઢબે કોતરાવ્યા હોય છે. આ માણેકથંભની વચ્ચે ચોકડી જેવા સરસ લાકડા ગોઠવાયને એમા સાંકળો લટકાવાયા છે. જે સાંકળમાં જેટલા લગ્ન હોય તેટલાં દીવડા લટકાવવામાં આવે છે. આ માણેકથંભ ખીજડાના લાકડામાંથી બનાવવામાં આવે છે. એકનો એક માણેકથંભ તેઓ રંગરોગાન કરીને દર વર્ષે ઉપયોગમાં લે છે.

માલધારી સમાજમાં સંપનો મહિમાં જોવા મળે છે. જુના સમયથી બાળલગ્નનું પ્રમાણ આ સમાજમાં જોવા મળે છે. અત્યારે લગ્નના કાયદાઓ ઘડાતા અને ગોપાલક જ્ઞાતિના મંડળો સ્થપાતા હોવાથી બાળલગ્ન કે ઘોડિયા લગ્નનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે. એક સમયે સગર્ભા સ્ત્રીઓને પેટે ચાંદલા થતાં એટલે બાળકના જન્મ પહેલા એની સગાઈ થઈ જતી. બન્ને સ્ત્રીઓને દીકરા કે દીકરી અવતરે ત્યારે સગપણ આપોઆપ ફોક જણાતું. એકવાર સગપણ થયું હોય પછી આ સમાજમાં સંબંધ તોડી શકાય નહી. નાતનું કે પંચ મળે ને મંજૂરી આપે તો જ તોડી શકાય. સગપણ તોડવાની જે પક્ષ ઈચ્છા દર્શાવે તેની પાસેથી પાંચસો રૂપિયા દંડ વસૂલાતો. તે દંડ પંચના જમણવારમાં વપરાતો.

માલધારી સમાજમાં પ્રેમલગ્ન કે ગાંધર્વલગ્ન થતા નથી. પ્રથમ પત્નીથી સંતાન ન થતું હોય કે સંતાન ન થવાની શકયતા હોય ત્યારે બીજી પત્ની કરી શકે છે. પતિના મૃત્યુ પછી વિધવાને ફરિજયાત વૈધવ્ય પાળવાનું હોતું નથી. દિયર-અપરિણીત હોય તો દિયરવટુ વાળી શકે છે. નહિતર નાતના નિયમ મુજબ બિજવર સાથે ઘરઘરણું- પુનર્લગ્ન કરવાની છૂટ આપવામાં આવે છે. પુનર્લગ્ન સાદાઈથી આટોપી લેવામાં આવે છે. છૂટા-છેડાનું પ્રમાણ આ પ્રજામાં બિલકુલ નથી. છતાં પતિ-પત્ની વચ્ચે અણ બનાવ હોય ત્યારે જ્ઞાતિપંચ જાહેર કરે તો છૂટાછેડા થઈ શકે છે.

હિન્દુ ધર્મના રીતરિવાજ પ્રમાણે પંચાળમાં અગ્નિ સંસ્કાર કરીને નાહવાનો રિવાજ છે. ગામને પાદરે કે નદીકાંઠે સ્મશાન આવેલું હોય છે. મૃત્યુ પછી સ્વજન પાછળ છાતી કૂટીને માથુ પછાડીને શોક વ્યકત કરવામાં આવે છે. નાનુ બાળક મૃત્યુ પામે તો તેને દાટવામાં આવે છે. મૃતદેહને દાટયા પછી માથાબોળ સ્નાન કરવાની રીત પંચાળના માલધારીમાં જોવા મળે છે. મરનારના મોઢામાં તુલસીપાન, ગંગાજળ, રૂપાનો સિક્કો વગેરે મૂકવામાં આવે છે. કપાળે ચાંદલો કરી ઉમંર પ્રમાણે લાલ, લીલું કે સફેદ ખાપણ ઓઢાડવામાં આવે છે. મૃતકના અસ્થિને અનુકૂળતા પ્રમાણે સ્વજનો દરિયામાં, નદીમાં, દામોદરકુંડમાં, ગંગા નદી કે ગુપ્તપ્રયાગમાં પધરાવે છે. મરનાર વ્યકિત ભૂવો કે શહીદ હોય તો તેની ખાંભી ખોડાય છે. જેને કાળી ચૌદશે ચોખા રાંધી નૈવેધ ધરે છે. મોભીને સૂરોપૂરો કે સૂરધન કહે છે. સ્ત્રીઓ સૂરાપૂરા કે સૂરધનની લાજ કાઢે છે.

પંચાળના માલધારી સમાજમાં સ્ત્રીનો સીમંતનો પ્રસંગ રવિવાર કે મંગળવારના દિવસે જ રખાય છે. આ દિવસે સગર્ભાના હાથ પર કાળા-દોરાથી ગૂંથેલ કોડી, સોના-ચાંદીના ઓરિયાવાળી રાખડી

બાંધવામાં આવે છે.સીમંતનો પ્રસંગ સાસરીમાં જ ઉજવાય છે. કન્યાના પિયરમાંથી આવેલા સગા-સંબંધી કપડા, દાગીના ભેટ રૂપે આપે છે. સૌ સાથે બેસીને જમે છે. કન્યાને ખાટલા પર બેસાડી ચાંદલો કરવામાં આવે છે. ખોળામાં શ્રીફળ મૂકવામાં આવે છે. સગર્ભા સ્ત્રીનો દિયર બુહટિયો બને છે. જે ભાભીને ગાલ પર ધીમેથી થપાટ મારે છે. આ રીતે સીમંત વિધિ પૂર્ણ થયા બાદ જમણવાર યોજાય છે. જમણવારમાં નૈવેધ પીરસાય છે. ઉપરાંત મીઠાઈ પણ બનાવવામાં આવે છે. સીમંત પછી કન્યા પિતાને ઘરે આવે છે. અને પોતાને ત્યાં અવતરેલું બાળક પાંચ-છ મહિનાનું થાય ત્યાં સુધી પિતાને ઘરે રહે છે. ત્યારબાદ સાસરીપક્ષ વાળા તેડી જાય છે. તેને 'ઝીલડાનું આણું' તરીકે ઓળખવામાં આવે છે.

## માલધારીઓમા શિક્ષણ :-

પંચાળમાં વસતી તમામ લોકજાતિઓમાં માલધારી કોમમાં ભણતરનું પ્રમાણ સૌથી ઓછું છે. બાળપણથી જ માતાપિતાને પોતાનો દીકરો-દીકરી શિક્ષણ મેળવે તેમા રસ નથી. દીકરો ગાયો, બકરા, ભેંસ, ઘેટાં ચરાવે ને પોતાના વ્યવસાયમાં આગળ વધે તેવી ગ્રંથિ શરૂઆતથી બાંધે આપે છે. દીકરીને ભણીને શું કરવું ? તેને ઘરકામ ને મોટી થતાં કરિયાવર બનાવવાના કામે લગાડી દે તેમા શિક્ષણ કયાંથી મેળવે. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલા તો ભાગ્યેજ આ સમાજમાં ભાણેલો માણસ જોવા. બહેનો તો નહીં જ રાજ્યની ૫૦% પ્રજા અક્ષરજ્ઞાન ધરાવતી હતી ત્યારે માલધારી સમાજમાં કુલ વસ્તીના માત્ર ૨% પ્રજા અક્ષરજ્ઞાન ધરાવતી હતી. હાલમાં પરિસ્થિતિ સુધરી છે. આજે દરેક ગામમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. જંગલમાં નેસડામાં પણ આશ્રમ શાળાઓ સ્થપાઈ છે. હાલમાં પુરુષોમાં ૨૦-૨૫ વર્ષની ઉમંરનો માણસ ભાગ્યેજ અભણ જોવા મળે. સ્ત્રીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. હાલમાં સરકારી ખાતામાં જયાંત્યાં નાના-નાના હોદાઓ પર માલધારી સમાજનાં લોકો જોવા મળે છે. છેલ્લા એક દાયકામાં લગભગ અક્ષરજ્ઞાન મેળવ્યા વગરના સ્ત્રી-પુરુષ ભાગ્યેજ જોવા મળે?

## લોકમાન્યતાઓ:-

પંચાળના માલધારી સમાજમાં પરાપૂર્વથી કેટલીક માન્યતાઓ ચાલી આવી છે. વહેમ, શુકન-અપશુકનમાં આ અભણ પ્રજા ખૂબ માને છે. ભૂત, ભૂવા, મેલીવિદ્યા, દોરા-ધાગામાં તેમને અખૂટ શ્રધ્ધા રહેલી. આવી લોકમાન્યતાઓ નીચે મુજબ છે.

(૧) માલધારીઓ બાર મહીનાની બીજને દિવસે છાસ ફેરવતા નથી. એટલે કે એ દિવસે રવૈયો ઊભો ન થઈ શકે.

(૨) ગાયના છાણ- મૂત્રને પવિત્ર માનવામાં આવે છે. ઘરમાં બને ત્યાં સુધી સારા પ્રસંગે ગાયના છાણનું લીંપણ કરવામાં આવે છે.

(૩) દારૂ, માંસાહાર અને જુગારને પાપ ગણે છે. યાદવોનો નાશ આ દૂષણથી થયો હતો ત્યારથી આવું પ્રચલિત છે.

(૪) આભડછેટમાં આ પ્રજા ખૂબ માને છે. હરિજન, ભંગી, વાઘરી, વણકર જેવી પછાત જાતિને અડકતા નથી. ભૂલે ચૂકે અડી જવાય તો પાણીની છાંટ લે છે. આવી પછાત જાતિ સાથે બને ત્યાં સુધી કોઈપણ જાતનો વ્યવહાર રાખતા નથી.

(૫) નિમ્નવર્ગના લોકો સાથે બેસીને જમતા નથી.

(૬) બિલાડી સામી મળે, કૂતરું કાન પટપટાવે, કે કોઈ છીંક ખાય ત્યારે કાર્ય નિષ્ફળ જવાની શંકા સેવે છે.

(૭) સારા શુકન માટે ગાય, કુમારિકા સામી મળે ત્યારે પોતે ધારેલું કામ સફળ થઈ જશે તેવી શ્રધ્ધા રાખે છે.

(૮) રોગ-દાગ, તાવ-તરિયા કે મુશ્કેલી વખતે દેવ-દેવીની માન્યતા માને છે. દેવીને તાવો, શ્રીફળ કે યાત્રાની માનતા રાખે છે. કથા, ઠાકરથાળી કે સાધુ બ્રાહ્મણ જમાડવાની પણ માનતા રાખે છે.

(૯) સવારે બિલાડીનું મુખ જોવા મળે તો દુ:ખદાયી ગણે છે.

(૧૦) ભૂત-પ્રેતમાં માને છે. વળગાડ દૂર કરવા ભુવા ધુણાવે છે.

કેટલીક ધાર્મિક સામાજિક માન્યતાઓમાંથી માલધારી સમાજના ભૂવા, ભગત, બારોટ અને નાત પટેલ પરંપરાથી ચાલ્યા આવે છે. જે આ પ્રજાના સાંસ્કૃતિક વિકાસમાં અવરોધો ઊભો કરે છે.

## બારોટ :-

ઓછું ભણેલા પણ વાતો કરવામાં પાછી પાની ન કરે તેવા વાત ડાહ્યા તે બારોટ. માલધારી જ્ઞાતિની ઉત્પતિ, અને વડવાની વાતો, શૂરવીરતાની, ખાનદાનીની સ્તુતિ કરી આ ભલીભોળી પ્રજાને ફુલાવીને પૈસા પડાવે છે. અધુરી માહિતીવાળા ચોપડા રાખે. અભણ પ્રજા બારોટને સંતની દ્રષ્ટિથી જોવે છે.

## ભૂવા :-

ભૂવા તો મોટેભાગે સાવ નિરક્ષર જ હોય માથે ચોટલી, કંકુનો કપાળમાં મોટો ચાંદલો અને ગળામાં માળા પહેરલી હોય. માતાજીના મઢમાં દેવીની સેવા પૂજા કરે છે. કેટલીક પરેજી પણ ભૂવા પાળે છે. નવરાત્રિમાં ભૂવા ઉપવાસ કરે. અને આઠમે ધૂણે તે જે બોલે તે બ્રહ્મવાકય કહેવાય. માતાજીના નામના દાણા જોવે. અભણ પ્રજાને મનમાં વહેમ બેસાડે ને ખોટા ખર્ચમાં ઉતારે. વિધિ કરીને લોકોને લૂંટે.

**ભગત :-**

ભગત માલધારી સમાજના જ હોય છે. મોટેભાગે તે ઠાકર મંદિરના પૂજારી હોય છે. ભગત ને આ પ્રજા ગુરૂ માને છે. ભગત કાન ફૂંકીને કંઠી બાંધે છે.ભગત ચંદનનો કપાળમાં ચાંદલો કરે છે. ભગત યુવક-યુવતીઓના સગપણ ગોઠવી દેતા હોય છે. ભગત દર વર્ષે નક્કી કરેલ ટહેલ ઉઘરાવે છે. સમાજના આવા શિષ્યોથી તેનું ઘર સારી રીતે ચાલે છે.

**નાત પટેલ :-**

સમાજમાં નાતના પટેલનું ખૂબજ માન હોય છે. નાત પટેલનું વચન સર્વએ પાળવાનું હોય છે. તે જે કહે છે તે ચુકાદો સૌને શિરોમાન્ય રહેતો તેનો કોઈ વિરોધ ન કરી શકે. વર-કન્યાનાલગ્ન ભંગાણ થાય કે વેવિશાળ ફોક થાય, પરિવાર વચ્ચે ખટરાગ થાય અથવા મિલકત વહેચણીમાંથી મારા-મારી કે અબોલા થાય ત્યારે નાત પટેલ તેનું સમાધાન કરે. નાત પટેલ જે દંડ કરે તે ભરવો પડતો. ઘણીવાર સજામાં નાત જમાડવી, તાવો કરવો, નાતબહાર મૂકવો. માતાજીના માંડવાનો ખર્ચ વગેરે વગેરે નાત પટેલ ખર્ચ કરાવતા.

**માલધારીઓના વસ્ત્રાભૂષણો :-**

પંચાળની સ્ત્રીઓ ભરેલો કીડિયો ટંગલિયો કે ભરેલું કાપડું, રાતી જીમી અને માથે ઝીણી ચુંદડી અને ભરેલો લાલકિયો ઓઢે છે. ઘરેણામાં નાકમાં વાળી કે નથ, ગળામાં ચાંદીની કે મોતીની હારડી, હાથમાં કાંડે હાથીદાંતના બલોયા પહેરે છે. પગમાં કાંબી, કડલાં, ગળામાં સોનાની કટેહરી, સાંકળી કે ડોકિયું પ્રસંગોપાત પહેરે છે. કાનમાં ચાંદી કે સોનાના વેઢલાં પહેરે છે.

માલધારી પુરુષો રાતીબોરી, પાણાબંધી બોરી, ભરેલા કબજા સાથે મધરાસિયું અને બોકાનું. ભરવાડના લૂંગડા ભરેલા હોય છે. માથે સવળા કે અવળા આંટાની ગોળ પાઘડી પહેરે છે. ખંભે લીલી કે લાલલૂંગી રાખે છે. પુરુષો કેડે કંદોરો હાથમાં વીંટીં, કોરડા, ગળામાં હીરા કંઠી, સોનાની સટ, મોતીની કંઠી વધારે પહેરે છે. કાનમાં ફૂલડા કે બુટિયા કપાળે ત્રાજવાની દેરડી ભરવાડોને વધારે હોય છે. આમ અહીંના માલધારીઓ કપડા અને ઘરેણા ના શોખીન છે.

**ખોરાક :-**

પંચાળમાં સવારે જમવાની ક્રિયાને ‘છાસુપીવા’ કે ‘શિરામણ’ જેવા રૂઢિપ્રયોગ આજેય પ્રચલિત છે. અહીંના માલધારીઓ પોતાના માલ-ઢોર લઈને સીમમાં જવા નીકળી પડે છે. સવારમાં જુવાર કે બાજરાના રોટલા સાથે છાસ, દૂધ, ઘી, ગોળ, માખણ અને અથાણું તેઓ આરોગે છે. બપોરે કામળીના છેડે જ રોટલા કે રોટલી સાથે લાલ મરચુ કે ડુંગળીનો દડો લેતા જાય છે. વગડામાં બપોરે દૂઝણી ગાય કે

ભેંસનું દૂધ ખાય છે. માત્ર સાંજના ભોજનમાં શાકનો ઉપયોગ કરે છે. લીલા શાકભાજી કરતા કઠોળનો ઉપયોગ વધારે થાય છે. અથાણામાં કેરી, ગરમર, ગુંદા, લીબું વગેરેને મહત્ત્વ આપે છે. છાસ, દૂધનું પ્રમાણ ખૂબજ હોવાથી સાંજના ભોજનમાં દૂધ કે છાસની કઢીનો વધારે ઉપયોગ થતો હોય છે.

દાળ-ભાત, ખીચડીનું પ્રમાણ આ પ્રજામાં બહુઓછુ જોવા મળે છે. જ્ઞાતિનું જમણવાર હોય ત્યારે લાપસી કે ચોખા રાંધે છે. જેને ધાન કે ખીર કહે છે. તેમાં ગોળ, ખાંડ, ઘી વગેરે ઉમેરીને જમે છે. લગ્નપ્રસંગે, વેવિશાળમાં, સીમંત જેવા સામાજિક પ્રસંગોમાં ચણાની દાળના લાડવા, બુંદી, જલેબી, ગાંઠિયા, ભજિયા, ખમણ, મોહનથાળ, અડદિયા, દાળભાત, શાક-રોટલી અવશ્ય હોય છે. આ જ્ઞાતિમાં દારૂ કે માંસાહારનું સેવન કોઈ કરતું નથી. પ્રૌઢ વયના પુરુષેમાં ચલમ, બીડી, તમાકુંનું પ્રમાણ વધારે છે. અમુક લોકો ગાંજો કે અફીણનું સેવન કરતાં હોય છે. પૌઢ સ્ત્રીઓમાં છીંકણીનું પ્રમાણ નહિવત જોવા મળે છે. અત્યારના યુવક-યુવતીઓમાં પાન-માવા, સિગારેટ, ગુટકાનું પ્રમાણમાં વધ્યું છે. નાની ઉંમરમાં લોકોને આ વ્યસનના કારણે પેટના અલ્સર, કેન્સર, ચામડીના રોગ જેવા અસાધ્ય રોગો થયા હોય તેવું દેખાય આવે છે.

## માલધારી સંસ્કૃતિના વ્યાવર્તક લક્ષણો :-

માલધારી સમાજમાં સંસ્કૃતિ અને સંસ્કારની એક જુદી જ ભાત જોવા મળે છે. આ સમાજમાં લોક સંસ્કૃતિના કેટલાંક તત્ત્વો જોવા મળે છે. જે માત્ર આજ જ્ઞાતિમાં છે. પંચાળની અન્ય લોકજાતિમાં જોવા મળતા નથી.

(૧) ઉનના વસ્ત્રો ધાબળો, કામળો અને હાથમાં લાકડી પંચાળના માલધારી પુરુષો હંમેશા પોતાની સાથે રાખે છે.

''ખંભે છે કામળીને હાથમાં છે લાકડી
ગાયુ ચરાવવાને હાલ્યો રે લોલ'

(૨) કાળા રંગના વસ્ત્રો માલધારી સ્ત્રીઓજ પહેરે છે. કૃષ્ણવિરહના શોકને એમણે શાશ્વતરૂપ આપી દીધું છે.

(૩) પરાપૂર્વથી સમૂહલગ્નની પ્રથા માલધારી પ્રજામાં જ છે. અને મોટા મિનારા જેવડો થંભ માલધારી લગ્નપ્રથામાં જ છે.

(૪) ગાય, ઘેટાં-બકરાં ચરાવનાર માલધારી ચામડાની બનાવેલી બોખ પોતાની સાથે જ રાખે છે. પંચાળની લોકજાતિમાં સૌથી ઓછુ શિક્ષણ માલધારી પ્રજામાં છે. શિક્ષણ પ્રત્યે પરાપૂર્વથી રસ-અભિરૂચિ ઓછી ગણાય છે. હાલમાં થોડો સુધારો થયો છે.

(૫) ગામડામાં સ્થાયી ઘર હોવા છતાં પશુપાલન માટે ભટકતું જીવન ગુજારવું પડે છે. એટલે તો પંચાળની સ્ત્રીઓ ગીત ગાય છે.

''હાથ રંગીને શું રે કરૂં
એનો જોનારો ગયો છે પરદેશ
મેંદી રંગ લાગ્યો.''

(૬) ઘરનો મોટાભાગનો આર્થિક વ્યવહાર સ્ત્રી પર નિર્ભર છે. એટલે સ્ત્રી કેન્દ્રિત જીવન છે. સામાજિક વ્યવહારો પણ સ્ત્રી જ સાચવે છે.

(૭) સરકારશ્રીના કડક કાયદા હોવા છતાં આજે પણ બાળલગ્ન સંપૂર્ણપણે અટકયા નથી. પંચાળની અન્ય કોઈ જાતિમાં બાળલગ્ન થતા નથી.

(૮) પંચાળમાં માલધારીના સ્વતંત્ર 'ઠાકરમંદિર' ઘણા ગામોમાં છે. ગામ સમસ્તનું મંદિર ગામની વચ્ચે હોય તો પણ માલધારી સમાજનું સ્વતંત્ર મંદિર તેમના વાસમાં જોવા મળે છે. તેમની બોલીમાં વન્યપ્રજા જેવી તોછડાઈ સંભળાય છે. ભગત તેની સેવા-પૂજા કરે છે.''[૫]

## માલધારીઓના ઉત્સવો :-

ઉત્સવો, તહેવારો દરેક પૂજામાં નવો પ્રાણ પૂરે છે. દરેક જ્ઞાતિ-જાતિના ઉત્સવોની ઉજવણી અલગ-અલગ થતી હોય છે. ઉત્સવો જે-તે પ્રજા સાથે લોક સંસ્કૃતિની જેમ તાણા-વાણાની જેમ ગૂંથાયેલા રહે છે. પંચાળના માલધારીઓ ઉત્સવપ્રિય છે. ધાર્મિક તહેવારનું મહત્ત્વ આપણા જીવનમાં અનેરૂ છે. તહેવારોથી જીવન જીવવાનો ઉત્સાહ ટકી રહે છે. તહેવારોની ઉજવણી માનવીના જીવનમાં આવી પડેલા દુઃખોને ઘડીભર ભૂલાવી દે છે. માલધારીઓનો સૌથી મહત્ત્વનો અને મોટો તહેવાર જન્માષ્ટમીનો અને અષાઢી બીજનો છે. આ ઉપરાંત નવરાત્રિ, દીવાળી, હોળી જેવા મહત્ત્વના તહેવારો અન્ય પૂજા સાથે હળીમળીને ઉજવે છે. શિવરાત્રી, રામનવમી, ભીમ અગિયારસ, ગણેશ ચોથ, જળઝીણણી અગિયારસ, મકરસંક્રાતિ, શરદપૂનમ જેવા તહેવારો આ પ્રજા ધામધૂમથી ઉજવે છે.

## જન્માષ્ટમી :-

જન્માષ્ટમીએ માલધારીઓ મહત્ત્વનો તહેવાર છે. શ્રીકૃષ્ણ કે ઠાકોરજીના મંદિરે મેળો ભરાય છે. દૂર-દૂરથી ભરવાડ, રબારીઓ રંગબેરંગી વસ્ત્રો પહેરીને મેળો મહાલવા ઉમટી પડે છે. આ દિવસે મંદિરના પરિસરમાં આબાલ-વૃધ્ધ સ્ત્રી-પુરુષો સાથે મળીને રાસ, ગરબાની રમઝટ બોલાવે છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ શ્રાવણ વદ આઠમના રાત્રિએ ૧૨ વાગ્યે થયો હતો તેના માનમાં આ પર્વ પંચાળના માલધારીઓ ખૂબજ આનંદપૂર્વક ઊજવે છે. રાંધણછઠ્ઠના દિવસે બનાવેલા ઢેબરા, દૂધપાક જેવી રસોઈ આ દિવસે આરાગે છે. રાત્રે ભગવાન શ્રીકૃષ્ણના જન્મ બાદ પ્રસાદમાં પંજરી વહેચાય છે. માલધારીઓનો ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણ છે. તેની આ તહેવારનું મહત્ત્વ સૌથી વધારે જોવા મળે છે.

## અષાઢી બીજ :-

વર્ષની બાર બીજનું મહત્ત્વ અનેરૂ છે. દરેક મહિનાની અજવાળી એટલે કે સુદ-બીજ માલધારી સમાજ તહેવારની જેમ પાળે છે. તેમાય અષાઢીબીજ અને ભાદરવી બીજ મોટી ગણાય છે. આ દિવસે માલધારી સ્ત્રી-પુરુષો ઉપવાસ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન તેમજ દેવ-દેવીની પૂજા થાય છે. બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપે છે. આ પવિત્ર દિવસે દૂધ વેચવાનું નહી. પરંતુ નજીકના સગા-સંબંધી કે પાડોશીને ઘરે મફત દૂધ આપવાનો રિવાજ છે. આ દિવસે રવાયો ઉભો ન કરાય. આખાય દિવસનું દૂધ જેટલું ભેગુ થયું હોય તેની ખીર બનાવવામાં આવે છે. સૌ સાથે મળીને જમે છે.

## દિવાળી :-

દિવાળી એટલે ઝગમગતા દીવડાઓનું પર્વ દિવાળીના તહેવારમાં માલધારી સ્ત્રીઓ ઘરને સાફ સફાઈ કરી ગાર-માટીનું લીંપણ કરે છે. ચૂનો કે રંગ પણ કયાંક-કયાંક જોવા મળે છે. ધનતેરસથી આરંભાતો આ લોકોત્સવ દિવાળીએ પુરબહારમાં ખીલી ઊઠે છે. આ દિવસે ઘરના આંગણામાં રંગોલી દોરે છે. ઘરના દરવાજે આંબા કે આસોપાલવના તોરણ બંધાય છે. બાળકો ફટાકડા ફોડે છે. મકાનના ટોડલે દિવાળીના દીવડા મૂકવામાં આવે છે. આ દિવસે સાંજે દરેકના ઘરે લાપસી બનાવવાનો રિવાજ છે.

## બેસતુ વર્ષ :-

નવા વર્ષનો પ્રથમ દિવસ કારતક સુદ પડવો એટલે બેસતું વર્ષ. આ દિવસે વહેલી સવારે ઘરના સૌ સભ્યો ઊઠી જાય છે. નાહી-ધોઈને નવા કપડાં પહેરે છે. ઘરના વડીલોને પગે લાગીને સારા આશીર્વાદ મેળવે છે. ઘરના નાના-મોટા તમામ સભ્યો એકબીજાને મળે છે. 'જે શ્રીકૃષ્ણ', 'જય ગોપાળ', 'જય મુરલીધર', 'જય ઠાકરધણી' જેવા શબ્દપ્રયોગોથી મળે છે અને ભેટે છે. ત્યારબાદ ગામ કે નેસમાં રહેતા સૌ સ્નેહીજનોને ઘેરે જાય છે. સૌ સગાવહાલાં હળેમળે છે ને સાકરનો પ્રસાદ લે છે. વર્ષનો પ્રથમ દિવસ ગણાય તેથી મંદિરે અચૂક જાય છે. દરેકના ઘરે સારીવાનગી બનાવીને જમે છે.

## મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) :-

આ તહેવાર પોષ મહિનામાં આવે છે. આ તહેવાર તીથિ પ્રમાણે નથી ઉજવાતો જાન્યુઆરી માસની ૧૪ મી તારીખે ઉજવાય છે. પંચાળના માલધારીઓ આ દિવસે 'ખીચડો' બનાવે છે. અલગ-અલગ ધાન્યો ભેગા કરીને ખીચડો બનાવાય છે તેની સાથે કઢીની મજા માણે છે. ગામની ભાગોળે ગાયોને ઘાસ-ચારો નાખે છે. ગાયોને જુવાર-બાજરીની ઘૂઘરી ખવડાવી પુણ્યનું કાર્ય કરે છે. નાના બાળકો પતંગો ચગાવીને તથા શેરડીની મોજ માણતા જોવા મળે છે.

## હોળી :-

ફાગણ સુદ-૧૫ (પૂનમ)ના દિવસે આ તહેવાર ઉજવાય છે. વસંતઋતુનો આ સૌથી મોટો તહેવાર છે. શિયાળામાં જે વર-કન્યાના લગ્ન થયા હોય તે લોકો આ દિવસે ઉપવાસ કરે છે. હોળી દર્શન બાદ ઉપવાસ છોડે છે. ગામના ચોરે છાણા-લાકડા ભેગા કરીને હોળી પ્રગટાવવામાં આવે છે. આખાય ગામના લોકો ત્યાં દર્શને આવે છે. પ્રથમ દીકરાને હોળી ફરતા ચાર આંટા ફેરવીને શ્રીફળ નાખવામાં આવે છે. લોકો પાણીનો લોટો અને શ્રીફળ લઈ હોળીની પ્રદશિણા કરે છે. સ્ત્રીઓ ખજૂર-દાળિયા, ધાણી, ખારેક, પતાસાથી હોળીને વધાવે છે. અને ત્યારબાદ પ્રસાદ તરીકે ખાય છે. માલધારીઓ અને ખેડૂતો હોળીની જવાળાએ કડબનો પૂળો અડાડીને ઘેર લઈ જાય છે. આથી પશુઓમાં રોગચાળો આવતો નથી. અનુભવીઓ હોળીના દિવસનો પવન જોઈ આવતા વરસના વરસાદના વરતારા બાંધે છે.

## નવરાત્રિ :-

નવરાત્રિ એટલે શકિતની ભકિતનો ઉત્સવ. નવરાત્રિનો ઉત્સવ લોકજીવનમાં નોરતાના નામે જાણીતો છે. નોરતા એટલે દેવી શકિતનો આસૂરી શકિત-પરના વિજયનો ઉત્સવ. પંચાળમાં નવરાત્રિમાં માતાજીના મઢમાં દેવીની પૂજા કરવામાં આવે છે. માતાજીને નૈવેધ ધરાય છે. નવે દિવસના ઉપવાસ અન્ય વર્ણોની જેમ પંચાળના માલધારી સમાજમાં નથી. જે ગામમાં માતાજીનો મઢ હોય તે ગામમાં દૂર દૂરથી માલધારીઓ ભેગા થાય છે. અનેક લોકોને વિવિધ માનતાઓ હોય તે પૂરી કરે છે. નવ દિવસ માતાજીનો અખંડ દીવો રાખે છે. દરરોજ રાત્રે માતાજીના ગરબા ગવાય છે. પંચાળમાં નોરતામાં ભવાઈ, રામલીલાના ખેલ લોકનાટયના રૂપે ભજવાય છે. તે જોવા માલધારીઓ ઉમટી પડે છે. માલધારી સમાજમાં મમાઈ માતાનું મહત્ત્વ અનેરૂ છે. મમાઈ માતાના નોખા-નોખા સ્થળે પાંચ મઢ આવેલા છે. દર વર્ષે માતાના સ્થાનકે પુંજનો ઉત્સવ ઉજવાય છે.ભૂવો માતાજી પાસે પુંજ કરવાની આજ્ઞા માગે છે. આજ્ઞા મળતા પાંચ ટુકડીઓ હાથમાં મોરપીંછ લઈને સરજૂ ગાતી-ગાતી નોતરા દેવા નીકળે છે. આસો સુદ આઠમની સાંજે પુંજના સ્થળે દસ-વીસ હજાર માલધારીઓ ભેગા થાય છે. ભૂવાઓના સામૈયા થાય છે. ભૂવા ધૂણતાં-ધૂણતાં સૌને સારા આશીર્વાદ આપે છે.

## પંચાળની આબોહવા :-

પંચાળની આબોહવા શિયાળામાં લઘુત્તમ ઉષ્ણતામાન ૫૦° ફેરનહીટ, ગુરૂત્તમ ઉષ્ણતામાન ૮૩° ફેરનહીટ અને હવાનું દબાણ ૧૦૧૪ મિલિબાર હોય છે. ઉનાળામાં લઘુત્તમ ઉષ્ણત્તામાન ૬૦° કે ગુરૂત્તમ ઉષ્ણતામાન ૧૦૫° ફેરનહીટ હવાનું દબાણ ૧૦૦૬ મિલિબાર રહે છે. ચોમાસામાં લઘુત્તમ ઉષ્ણતામાન ૭૭° ફેરનહીટ ગુરૂત્તમ ઉષ્ણતામાન ૯૧° ફેરનહીટ હવાનું દબાણ ૧૦૦૦ મિલિબાર રહે છે. બારેમાસ મોટાભાગે પશ્ચિમ તરફથી પવનો વાય છે. શિયાળામાં દક્ષિણ ભારતમાં બરફવર્ષા થઈ હોય

ત્યારેજ થોડા દિવસે ઉત્તરમાંથી પવનો વાય છે. વાવાઝોડાની કે અતિવર્ષાનો ભય નહિવત્ છે. ચોમાસામાં  વરસાદ  દરમિયાન જ પવનો દિશા બદલે છે. બાકી આખુ વર્ષ પશ્ચિમ તરફથી જ પવનો વાય છે.

પંચાળ પ્રદેશની આખોહવા સૂકી અને સમધાત છે. પશુપાલન ઘાસ અને ખેતી માટે અનુકૂળ આબોહવા છે. પણ વરસાદ અનિયમિત પડે છે. સરેરાશ ૨૦ થી ૨૫ ઈંચ વરસાદ માંડ પડે છે. એમા પણ ત્રણ-ચાર વર્ષે એકવાર દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય છે. અહીં જુન થી ઓકટોબર સુધી ચોમાસાની ઋતુનો અનુભવ થાય છે. વરસાદનું પ્રમાણ પંચાળમાં બધી જગ્યાએ એક સરખું રહેતું નથી. કયાંક વધારે તો કયાંક ખૂબજ ઓછો વરસાદ પડે છે. વરસાદની અનિશ્ચિતાને કારણે અહીંના માલધારીઓ દુષ્કાળ વખતે સ્થળાંતર કરી જતાં હોય છે. આ વિસ્તારની આબોહવા શરીર સ્વાસ્થ્ય માટે સારી છે. અહીંના માલધારીઓ ખડતલ, તંદુરસ્ત અને સશકત જોવા મળે છે.

## પંચાળ પ્રદેશની નદીઓ :-

સૌરાષ્ટ્રમાં આમ તો નાની-મોટી ૯૨ જેટલી નદીઓ વહે છે. પરંતુ પંચાળની મુખ્ય ત્રણ નદીઓ છે. મચ્છુ, ભાદર અને ભોગાવો. ભાદર નદી ચોટીલા પાસેથી નીકળી ૧૨૦ કિ.મી. દૂર ખંભાતના અખાતને મળે છે. તે પંચાળની જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી ગણાવી શકાય. પંચાળની ઉત્તર દિશામાંથી નીકળતી મચ્છુ નદી મોરબી પાસેથી વહીને કચ્છના રણને મળે છે. ભાદર અને સુખભાદર જસદણ પાસે મધવાની ટેકરીઓમાંથી નીકળે છે. તેમાં સુખભાદર પૂર્વમાં નાગનેશ આગળ થઈ રાણપુર આગળ ગોમાનદીને સમાવી લઈ ખંભાતના અખાતને મળે છે. ગોમાનદીનું મૂળ હિંગોળગઢની ટેકરીઓ છે. કાળુભાર, કંકાવટી, ચંદ્રભાગા, કેરી, ઘેલો જેવી અનેક નાની-મોટી નદીઓ આ પ્રદેશમાંથી થઈને વહે છે. અહીંની નદીઓમાં ચોમાસામાં પાણી રહે છે. એટલે ખેતી માટે આ નદીઓ ઉપયોગી નથી. પંચાળનો મોટાભાગનો પ્રદેશ ‘ઝાલાવાડ’માં છે. આ વિસ્તારને લોકો ‘ઝરમરિયો ઝાલાવાડ’ કહે છે. એટલે અહીં વરસાદનું પ્રમાણ બહું ઓછું છે. ભાગ્યેજ ધોધમાર વરસાર આ વિસ્તારમાં જોવા મળે. અહીંની નદીઓ ડુંગરાળ અને પથરાળ પ્રદેશમાંથી વહેતી હોવાથી આ નદીઓનું પાણી પીવામાં મીઠું છે. અહીના પાણીને ‘આકરૂં’ કે ‘કડક’ પાણી પણ કહે છે. પંચાળની ગિરિમાળામાં આવેલા પથ્થરોમાં શિલાજિત નામનું શકિતદાયક કુદરતી સત્ત્વ હોય છે. જે પાણીમાં દ્વાવ્ય છે. આથી પંચાળનું પાણી શકિતવર્ધક સ્વાસ્થ્યવર્ધક છે એક કહી શકાય. ગુજરાતની નદીઓમાં સૌથી મીઠું પાણી પંચાળ પ્રદેશની નદીઓનું છે. તેથી અહીંના લોકોમાં રોગનું પ્રમાણ ઓછુ જોવા મળે છે.

## પંચાળની વન્યસૃષ્ટિ :-

પંચાળની વન્યસૃષ્ટિ વિશાળ છે. પંચાળના પ્રખ્યાત વૈદ્યરાજ સ્વ. જગજીવનદાસ આચાર્યશ્રીના મત મુજબ વૈદેકશાસ્ત્રને ઉપયોગી અને માનવજીવનને ઉપયોગી એવી ૫૦૦ જેટલી વનસ્પતિઓ છે. જેમાં જ્ઞાન-અજ્ઞાન લગભગ ૪૦૦થી વધુ વનસ્પતિની જાત ઘેલા સોમનાથની આસપાસના મોતીસરના વનમાં ઊગે છે. શતાવરી નામની ઔષધીતા મોટા પ્રમાણમાં પંચાળની ઘરતી પર ઉગે છે. લોકો શતાવરીને ભો-ચાટલી પણ કહે છે. પંચાળની વનસ્પતિ વિશે એટલે જ કહેવાય છે કે

''કળ, કોળી, ફળ, લીંબાળી, વન વગડો હરમાળ
ખાખર, બાવળ ને ખીંજડા પાણાનો નૈ પાર
વગર દીવે વાળુ કરે, પડ જેવો પંચાળ''[૬]

વૃક્ષોમાં બાવળ, ખાખરો, ખીજડો, ઉમરો, વડ, થોર, બોરડી, પીપર, ગોરડ, લીંબડી, આંબો, આંબલી તેમજ કેળા, લીંબુ, સીતાફળ, જાંબુ, જમરૂખ, પપૈયુ, દાડમ જેવા ફળ આપનારા વૃક્ષો આ ઘરતીમાં જોવા મળે છે. પાંચાળમાં બધીજ જગ્યાએ 'લાંપડુ' નામનું ટૂંકું ઘાસ થાય છે. અન્ય ઘાસમાં સમેરૂં, શતાવરી, ઝીંઝવો, તાંજળિયો, કણજરો, ગોખરૂં, લૂણી, ધંઉલો, ધ્રો, ભોપાતરી, કાળિયું, સેમૂળ વગેરે પ્રકારના ઘાસ ચોમાસામાં ઊગી નીકળે છે. પંચાળના મુખ્ય પાકોમાં મગફળી છે. આ ઉપરાંત કપાસ, બાજરો, મકાઈ, જુવાર, મગ, મઠ, અડદ, રાજગરો, ચોળી, કળથી વગેરે તથા શાકભાજીમાં કારેલા, ટમેટા, દૂધી, તૂરિયા, મરચા, ગલકા, રીંગણા, વાલોડ, ગુવાર, ભીંડો વગેરે મુખ્ય છે.

## પાણીસૃષ્ટિ :-

પંચાળ પ્રદેશ ઘોડા માટે વખણાય છે. આમ તો ઘોડાની ઘણી જાતો છે. પણ એમાની પંચાળ પંથકમાં કેટલીક જાત લોકસાહિત્ય અને ઈતિહાસમાં પ્રસિધ્ધ છે. ''પાળિયાદની હરણ્યં, મૂળીની બેરી, લીંબડીની લાલ, ચોટીલાની ચાંચી ગઢડાંની ચમર-ઢાળ, ભાડલાની મલ અને પતી, ભીમોરાની કેસર અને જસદણની રેડી અને ભૂતડી વગેરે જાતવાન ઘોડાની વિવિધ જાતો આ પંથકમાં જોવા મળે છે. પંચાળમાં સંવત ૧૯૬૮ સુધી જસદણ દરબાર ઓંઠા ખાચર ઘોડાના દાન માટે વખણાતા. રાજા, મહારાજા અને ક્ષત્રિયોને ઘોડાના દાન આપ્યાના દાખલાઓ નોંધાયેલા છે. આઝાદી પછી જસદણના ઘોડાઓ છેક દેશ-વિદેશમાં ઓસ્ટેલિયા સુધી નિકાસ થતા. પાંચાળીના પગલામાંથી ઘરતી માથે કંકુ ઝરીને જે કંકુવરણી દેવભોમકા બની એ પંચાળની પ્રાણી સૃષ્ટિમાં ખૂબ વૈવિધ્ય જોવા મળે છે. જસદણના ઘોડાની ઊંચી કિંમત અંકાતી. સૌરાષ્ટ્રમાં એક માત્ર અશ્વશાળા હિગોળગઢમાં આજે પણ મોજૂદ છે. અહીંના લોકો અશ્વને પ્રાણી નહીં દેવાંશી પ્રાણી ગણે છે. આપણા ૨૪ અવતારમાં હયગ્રીવ ભગવાનનો અવતાર અશ્વયોનિમાં થયો હતો. યાંત્રિક જમાના પહેલા ઘોડોએ મૃત્યુલોકનું વિમાન ગણાતું. પંચાળમાં ઘોડાઓ ઉપરાંત ગાય, ભેંસ, બળદ, ગધેડા, ઘેટાં, બકરાં અને કૂતરા જેવા પાલતું પ્રાણીઓ વસે છે.

આજથી ૭૦ વર્ષ પહેલા ઘેલા સોમનાથ અને મોતીસરના વનમાં દીપડા, વાઘ અને ચિત્તાની વસ્તી હતી આજે નથી. આજે પંચાળમાં વન્ય પશુઓમાં શિયાળ, હરણ, સાબર, વરૂ, ઝરખ, ભૂંડ, સસલાં, શાહુડી વગેરે પ્રાણીઓ તેમજ જળચર પ્રાણીઓમાં માછલા, મગર, કાચરો, બતક, જળસાપ વગેરે નદી અને તળાવોમાં દેખાય છે. અન્ય જીવનજંતુઓમાં કીડી, મંકોડા, વંદા, ચાંચડ, માખી, મચ્છર, કંસારી, આગિયા, જૂ, ગરોળી, ખિસકોલી, ભમરો, કરોળિયો, ઉધઈ, સાપોલિયા વગેરે આ વિસ્તારમાં વસનારા જીવજંતુ છે.

પંચાળની ભૂમિ નાની-મટી ટેકરીઓ અને નદીઓથી મઢેલ રળિયામણિ ભૂમિ છે. આવી ભૌગોલિક અનુકૂળતાને લીધે પંખીઓ અહીં બહોળા પ્રમાણમાં જોવા મળે છે. મોર, સુગરી, પોપટ, મેના, કાગડો, કબૂતર, કાકાકૌઆ, હંસ, કાબર, ટીડોડી, બાજ, ચકલી, ચામાચિડયું વગેરે કાયમી વસવાટ કરનારા પક્ષીઓ અહીં જોવા મળે છે. પંચાળમાં હિંગોળગઢ ખાતે પક્ષીશાસ્ત્રની છાવણી (W.H.O) તરફથી સ્થાપાયેલી છે. પક્ષીના અભ્યાસી જસદણના યુવરાજ શિવરાજકુમાર ખાચર જણાવે છે કે ગુજરાતમાં પ્રવર્તતી અને અત્યાર સુધી નોંધાયેલી પક્ષીઓની ૪૭૫ જાતો અને પેટા જાતો છે. જેમાંથી ૨૦૦ જેટલી જાતો શિયાળામં પંચાળની મુલાકાત લે છે. યુરોપમાંથી લાખોની સંખ્યામાં પક્ષીઓ ગુજરાત સૌરાષ્ટ્રમાં આવે છે. શિયાળામાં પંચાળનું પક્ષીવૈવિધ્ય સમુદ્ધ હોય છે. પંચાળમાં પાનખર ઋતુમાં સંખ્યાબંધ પક્ષીઓ પસાર થાય છે. પક્ષીઓ માનવજીવન સાથે અને સંસ્કૃતિ સાથે વણાયેલા છે. આથી લોકસાહિત્ય સાથે પણ સહઅજ રીતે તેઓ ગૂંથાયેલા છે. પક્ષીઓની બાબતમાં પણ પંચાળ પ્રદેશ અનેરી લાક્ષણિકતા ધરાવે છે.

## પંચાળના તીર્થસ્થાનો :-

પંચાળને 'દેવ ભોમકા' કહેવાય છે. પંચાળ શબ્દની વ્યુત્પતિ અંગે અનુમાન કરીએ તો પાંચ ઋષિ જયાં વસતા હતા તે ભૂમિ 'પંચાલય' 'ય' નો લોપ થયો. પંચાલ એટલે પંચઋષિનું સ્થાન શ્રી મયાશંકર પંડયા નોંધે છે. કે પંચાળ કણ્વઋષિના વખતના બોલાતું હતું. થાન મહાત્મ્યના ૧૨ માં અધ્યાયમાં રામચંદ્રજીએ વશિષ્ટ ગુરૂને પૂછયું, 'હે મુનિ મે રાવણાદિક રાક્ષસોને માર્યા અને એ પ્રસંગે અગસત્ય ઋષિએ મને કહ્યું કે રાવણ વિપ્ર હતો ત્યારે મને બ્રહ્મહત્યાનું પાતક લાગ્યું માટે પાપનું નિવારણ શી રીતે થાય તે કૃપા કરીને બતાવો. ત્યારે અગસ્ત્ય મુનિએ કહેલું 'ઉત્તમ એવો દેવકો પંચાળ દેશ છે.'

''કંકુવરણી ભોમકા, સરવો સાલેમાર
નટ પટાધર નીપજે, ભલો દેવકો પાંચાળ''

ત્યાં યાજ્ઞવલ્કય એટલે કે કણ્વઋષિ ગાલવ ઔતિથ્ય, અગિરા અને બૃહસ્પતિ વગેરે ઋષિઓના આશ્રમો છે. ત્યાં જાઓ ! આથી પંચાળ દેવોનું સ્થાન છે. સ્થાન પરથી થાનગઢ શહેરનું નામ ભિમાન થયું છે. પંચાળના મોટાભાગના ર્તીર્થો અને મંદિરો થાનની આસપાસ પથરાયેલા છે.

## ત્રિનેત્રેશ્વર મહાદેવ તરણેતર :-

ભારત દેશમાં ત્રિનેત્ર તીર્થો બે જગ્યાએ આવેલ છે. એક બદ્રીકાશ્રમ પાસેનું હિમાલય પ્રદેશનું ત્રિનેત્રતીર્થ અને બીજુ પંચાળનું તરણેતર''[૮] પાંચાળ પંથકમાં તરણેતર ગામ નજીક આવેલું ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર એ લોકોની આસ્થાનું સ્થાનક છે. આ મંદિર સોલંકીકાળ પહેલાનું હોવાની માન્યતા છે. પુરાતત્ત્વવિદ શ્રી નરોત્તમ પલાણ તેને ૧૦ મી સદીનું માને છે. મંદિરની શૈલી જોતા તે ગુર્જર પ્રતિહાર શૈલીનું છે. અહીં દર વર્ષે ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠ્ઠ દરમિયાન વિશ્વ વિખ્યાત તરણેતરનો મેળો ભરાય છે. સુરેન્દ્રનગર જિલ્લા મથકથી અંદાજે ૯૫ કિ.મી. દૂર આવેલું છે. તરણેતરનું હાલનું મંદિર લખતરના રાજવી શ્રી કરણસિંહજીએ પોતાની પુત્રી કર્ણબાની યાદમાં બંધાવ્યું અને ઈ.સ. ૧૯૦૨ ના રોજ તેની પ્રતિષ્ઠા કરી હાલમાં મંદિરમાં જૂના મંદિરની શૈલી જળવાઈ રહી છે. ચોરસ સ્તંભો પર સ્મિત ગૂઢમંડપ આંતર કોતરણીથીં ભરપૂર છે. સ્તંભાવલી ભદ્રક શ્રેણીની છે. ત્રણે શૃંગાર ચોકીઓ ફાણસા શૈલીમાં કંડારાયેલ છે. છજ્જા વિનાનો મંડોવર પુરાણી નાગરશૈલી દાખવે છે. પૃષ્ઠભાગ અને મંડોવરનું શિલ્પ વિધાન સુંદર છે. એમ કહેવાય છે કે કામદેવના વિરહમાં રતિએ શિવના વરદાનને પામવા પંચાળમાં અહીં શિવની સ્થાપના કરી. મહાદેવની સેવા કરતી તે દ્વાપરયુગ સુધી રહી હતી. અહીં તરણેતરના મેળામાં પંચાળના માલધારીઓ જ સવિશેષ હજારોની સંખ્યામાં આવે છે. ''આ મેળામાં એક અનોખી જ રંગત છે, છટા છે, લય છે, અને ગીત છે. સુંદર ભરતભર્યા અંગરખા અને લાલચટ્ટાક ફેંટા બાંધેલા જુવાનિયા અને આભલાં ભરેલ રંગબેરંગી ધારદાર ધાઘરાને ઓઢણા સાથે ધૂમતી સોરઠી યુવતીઓ આ મેળામાં રંગ છલકાવી દે છે.''[૯]

## ઝરિયા મહાદેવ:-

સુરેન્દ્રનગર જિલ્લાના પંચાળ પ્રદેશના પ્રાકૃતિક સ્થળ પર ઓલા ઝરિયા મહાદેવની આ જગ્યાએ શિવલિંગ પર પથ્થરમાંથી પાણીનો સતત અભિષેક થયા કરે છે. તેથી તેને ઝરિયા મહાદેવ કહેવાય છે. કેટલાક તેને ટપકેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખે છે. આ સ્થાન ૧૫ મી સદીનું હોવાનું મનાય છે. શ્રાવણ માસ દરમિયાન અહીં આજુબાજુના વિસ્તારમાંથી અસંખ્ય શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામથકથી અંદાજે ૯૫ કિ.મી. દૂર આવેલું છે.

### ચોટીલા ડુંગર તથા ભકિતવન :-

રાજકોટ જિલ્લાના ચોટિલા ડુંગર પર -ચામુંડામાંનું પ્રખ્યાત મંદિર આવેલું છે. જયાં દરરોજ અનેક દર્શનાર્થીઓ દર્શન કરવા માટે આવે છે. ડુંગરની તળેટીમાં રાજય સરકાર દ્વારા નયનરમ્ય ભકિતવનનું નિર્માણ કરાયું છે. જેની અનેક યાત્રાળું -પ્રવાસીઓ મુલાકાતે આવે છે. આ સ્થાનકે દર પૂનમના દિવસે મોટા પ્રમાણમાં શ્રધ્ધાળુંઓ દૂર-દૂરથી પગે ચાલીને આવે છે. નવરાત્રિના તહેવાર તથા દિવાળીના તહેવારોમાં દર્શનાર્થીઓની વધું ભીડ જોવા મળે છે.

### ઘેલા સોમનાથઃ-

જસદણ તાલુકામાં જસદણથી પૂર્વમાં લગભગ ૧૫ માઈલના અંતરે પંચાળની ટેકરીઓ વચ્ચે ચારેબાજુથી ઘેરાયેલા ઘેલો નદીને કાંઠે ઘેલા સોમનાથનું મંદિર છે. અહીંનું શિવલીંગ સ્વયંભૂ છે. મંદિરની પાછળ અભિમન્યુનો ચક્રાવો ચીતરાયેલો છે. જેને લોકો ભૂલ-ભૂલામણી પણ કહે છે. ઘેલા સોમનાથ મહાદેવ અને ડુંગર પર મીનલદેવીની મૂર્તિ બરાબર સામસામે છે. એટલે દહેરી પરથી મહાદેવના સ્પષ્ટ દર્શન થઈ શકે છે. ''એવી હકીકત પ્રાપ્ત થાય છે કે પાટણનો ભીમદેવ સોલંકી સોમનાથ દેવની રક્ષાર્થે પ્રભાસમાં હતો ત્યારે પાટણ ગઝનીએ જીતી લઈ ત્યાં જ મુકામ કર્યો હતો.એ સમયે મુસલમાન સરદારો નાકાબાંધી ઘૂમતા હતા. આથી સંભવ છે કે આ ઘેલા સોમનાથ મહાદેવના પ્રાચીન મંદિર પર આ સમયમાં હુમલાઓ થયા હોય.''[૧૦] ઘેલા સોમનાથ વિશે ચમત્કારિત કથાઓ અને દંતકથાઓ પણ આસપાસના લોકોમાં પ્રચલિત છે. ગુજરાતના છત્રાલ રાજાની પુત્રી મીનલ સોમનાથ પ્રભાસની અનન્ય ભકત હતી. શિવજી પ્રસન્ન થયા. અને મીનલ કહે ત્યાં સાથે આવવાનું એમણે કબૂલ્યું. શરત રાખી કે મને જયાં ગમશે ત્યાં રોકાઈ જઈશ. મીનલની સાથે મુસલમાન સરદારની પુત્રી જે મીનલની સખી હતી તે તેની સાથે જ રહેતી. રથમાં સોમનાથનું લિંગ પંચાળભૂમિમાંથી પસાર થતા આ રળિયામણી જગ્યા જોઈ રથ ખાંગો થઈ જાય છે.રથના પૈડાં થંભી જાય છે. શિવજી પણ અહીં રોકાઈ જાય છે. ભગવાન વિના ભકત રહે ખરા? મીનલ પણ ત્યાં જ ટેકરી પર સમાઈ ને મુસલમાન સખી પણ ત્યાં જ રહી. મીનલની દેરીની બાજુમાં બીજી નાનકડી દેરી પણ છે. મહંતશ્રી દેવગીરીજી પોતાની અનુભૂતિ આ ચમત્કારિક વાતને સમર્થન આપે છે. કે દર શ્રાવણ મહિને વહેલી પરોઢે તેમનો એક ગોળો સતીની ટેકરી તરફી આવી લિંગમાં સમાઈ જાય છે. ઘંટનો આછો રણકાર જાગે છે અને તાજી પૂજા થઈ હોય તેમ પુષ્પો, બિલિપત્રો વગેરે પડેલા હોય છે. આજે પણ ભગવાનની આરતી પહેલા સતી મીનલની દહેરીએ પ્રથમ દીવો પ્રગટે છે. ઘેલા સોમનાની આરતી ગવાય છે. તેમાં પંચાળનો ઉલ્લેખ છે.

''પંચાળે પ્રગઠ થયા તે દેશનું
પુણ્ય જાણું હું વડુ
તે ઘેલા શિવ સોમનાથ તમને
પાદારવિન્દે પંડુ''

અહીં શ્રાવણ મહિનાના દર સોમવારે મોટો મેળો ભરાય છે. મેળામાં દૂરના ગામડા અને શહેરોમાંથી શ્રધ્ધાળુઓ ઉમટી પડે છે.

## સૂરજદેવળ- સૂર્યમંદિર :-

થાન પંથકમાં દેવસર ગામ પાસે વિક્રમ સંવત ૧૯૯૧માં તૈયાર થયેલા કાઠી જ્ઞાતિના ઈષ્ટદેવ એવા સૂરજદેવળનું પ્રખ્યાત યાત્રાધામ આવેલું છે. આ મંદિરમાં સૂર્યનારાયણ તથા રન્નાદેવીની મનોહર પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. ઈસુની પ્રથમ શતાબ્દી પછી કાશ્મીરથી તમિલાડુ અને ઉડીસાથી ગુજરાત સુધી ઘણા મહત્ત્વપૂર્ણ સૂર્યમંદિર બનવા લાગ્યા હતા. જેમા કનોજ, ભિન્નમાલ, શ્રીમાલ, ખજૂરાહો મંદસૌરના મંદિરો વિશેષ પ્રખ્યાત છે. ઈડિસાનું કોણાર્ક ભગ્ન સૂર્યમંદિર પણ વિશ્વવિખ્યાત છે. ગુજરાતમાં નાના-મોટા પચ્ચીસ સૂર્યમંદિરો અથવા એના અવશેષો પ્રાપ્ત થાય છે. ઉત્તર ગુજરાતમાં પાંચથી વધારે સૂર્યમંદિરો જોવા મળે છે. તેમા મોઢેરાનું મંદિર શિરમોર છે.

પંચાળ સૌરાષ્ટ્રના કાઠી રજપૂત સૂર્યાપાસક હતા. ઋગ્વેદથી સૂર્યોપાસે પ્રચલિત છે. પંચાળ પ્રદેશમાં થાન વિસ્તારમાં બે સૂરજદેવળ છે. જૂનું સૂરજદેવળ અને નવું સૂરજદેવળ. જૂનુ સૂરજદેવળ થાન-સોનગઢનું સૂર્યમંદિર ઈ.સ. ૧૯૭૬માં કાઠી સિંહજીએ બંધાવેલું. ત્યારબાદ સુધારા-વધારા કરીને તેને સાચવવામાં આવેલું. નવું સૂરજદેવળ ચોટીલાની ઉત્તરે ટેકરીઓ વચ્ચે આવેલું છે. બન્ને મંદિરો પૂર્વાભિમુખ છે. મંદિરની બાંધણી રથના આકારની છે. સૂર્ય ઉત્તરાયણનો હોય કે દક્ષિણાયનનો પણ સૂર્યકિરણો મંદિરમાં પ્રવેશે તેવી તેની રચના કરવામાં આવી છે.

## ગેબીનાથની ગુફા :-

દેવભૂમિ પંચાળમાં થાનથી લગભગ ર કિ.મી.ના માર્ગે ગેબીનાથના ભોયંરા તરીકે ઓળખાતી જગ્યા છે. સામ-સામા બે ડુંગરામાં એક પર જૂના સૂરજદેવના અને બીજા પર ગેબીનાથના બેસણા છે. નળિયાવાળા મકાનમાં ગેબીનાથનું સ્થાનક આવેલું છે. ભોયરૂં તો બંધ કરી દેવામાં આવ્યું છે. પણ આ જગ્યા ગેબીનાથના ભોંયરા કે સ્થાનક તરીકે ઓળખાય છે.

## દૂધઈ-વડવાળા મંદિર :-

બ્રાહ્મણી નદીના કાંઠે વસેલું દૂધઈ ગામે આવેલી રબારી સમાજના વડવાળા મંદિરની જગ્યા અંદાજીત ૨૭૫ વર્ષ કરતા પણ વધુ સમયથી ધર્મની ધજા ફરકાવી રહી છે. ત્રણ શિખર, પાંચ ઘુમ્મટ અને કલાત્મક કોતરણીવાળું પંચદેવ પૂજા ધરાવતું ૫૬ ફૂટ ઊંચું ભવ્ય દેવાલય આવેલું છે. આ સ્થાનકે કચ્છ કાઠિયાવાડના રબારી સમાજને એક તાંતણે જોડી ધર્મની સાથે ગૌ-સેવા, અન્નદાન અને માનવસેવાનો અનેરો મહિમા પૂરો પાડયો છે.

**પાળિયાદ- વિહળનાથ :-**

પંચાળના બોટાદ-જસદણ લીંબડીની વચ્ચે આ તીર્થધામ આવેલું છે. ગિરનારના પ્રસિધ્ધ સિદ્ધપુરુષ ગેબીનાથની સેવક પરંપરામાં આપા મેપા, આપા જહરા, આપા ગોરખા અને આપા વિહા હતા. માલધારી પ્રજા જેને આપા વિહામળ, વિહળોનાથ કે આપા વિહળા જેવા હુલામણા નામથી સંબોધે છે.

**બિલેશ્વર મહાદેવ :-**

બેલ્વા ગંગા નદીને કાંઠે અંદાજે ૩૦૦ વર્ષ પૂર્વે ઉમરડા ગામની સ્થાપના થઈ હતી. આ ગામ પાસે ત્રણ નદીઓના સંગમ ઉપર બિલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જે ૧૪૦ વર્ષ પુરાણું હોવાનું મનાય છે. મંદિરની આસપાસ બિલીના વૃક્ષો ઘણા મોટા પ્રમાણમાં થતા હોવાને કારણે આ મંદિરનું નામ બિલેશ્વર મહાદેવ પાડવામાં આવ્યું હતું. અહી મહાશિવરાત્રી તથા શ્રાવણ માસના સોમવારે મેળો ભરાય છે. અને મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આ મંદિરના દર્શને આવે છે.

**અવળિયા ઠાકર :-**

ચોટીલા અને થાન વચ્ચે રસ્તાની કિનારી પર એક ટેકરીની ટોચ ઉપર આવેલું આ વૈષ્ણવ મંદિર ઠાકોરમંદિર છે. ભરવાડ સમાજના સમૂહલગ્નો અહીં થાય છે. એક જમાનામાં અવળિયા ઠાકરની જગ્યા પાસેથી પાણી જમીનમાંથી ઉભરાઈ નાનકડો વોકળો વહેતો હતો. આજે એનું પાણી ઊંડું ઉતરી ગયું છે.

**બાંડિયા બેલી :-**

થાનથી ૫ કિ.મી.ના અંતરે પ્રકૃતિની ગોદમાં બાંડિયા બીલી નાગ સ્થાનક આવેલું છે. આજે જયારે મોટાભગના પંચાળમાંથી વનરાઈ અદશ્ય થઈ છે. ત્યારે આ વિસ્તાર વનરાઈથી ભરપૂર છે. આ પ્રાકૃતિક જોવાલાયક સ્થળ પંદરમી સદીનું મનાય છે.

આ ઉપરાંત પંચાળમાં જડેશ્વર મહાદેવ, રાણકદેવી, સુંદરી ભવાની, અનસૂયા મંદિર, હોલમાતા વગેરે તીર્થ સ્થાનો આવેલ છે. આ પ્રદેશમાં ઘણા તીર્થસ્થાનો આવેલા હોવાથી આ પ્રદેશને ‘દેવભૂમિ’, ‘દેવકોપંચાળ’ કહે છે. તે યોગ્ય અને સાર્થક છે.

**લોકકલા :-**

લોકકલા એ લોકો દ્વારા સર્જન થતી કલા છે. જેમાં હસ્તકલા, ગૃહઉદ્યોગની કળા, માટીકલા, ભરતગૂંથણ, પ્રતીકચિત્રો લીપણકળા, લોકચિત્રો, જુદા-જુદા નૃત્ય વગેરેનોસમાવેશ થાય છે. પંચાળના માલધારી ઓમાં રહેલી ભરતકામની કલા તો તરણેતરના મેળામાં જોવા મળે છે. દરેક વિસ્તારની

લોકકલા ભિન્ન-ભિન્ન હોય છે. લોકકલા જે-તે જ્ઞાતિને તેના વારસામાં ઉતરી આવેલી હોય છે. કેટલીક કલાઓ પેઢી દર પેઢી વારસો જાળવી રાખે છે. અમુક તેમા નવું ઉમેરણ કરે છે. જયારે અમુક કલાઓ વર્ષો પછી નષ્ટ પામે છે.

### રબારી ભરત-કંડાર કામ :-

પંચાળમાં ભરત કંડાર કામ બહુ ઓછું થયેલું જોવા મળે છે. રબારી સ્ત્રીઓ ભરતગૂંથણું કામ કરે છે. નવરાશના સમયમાં વિવિધ રંગોની મેળવણીથી અલગ પ્રકારનું ભરતગૂંથણનું કાર્ય કરે છે. (રબારીમાં રબારી ભરત કંડાર એ આગવું નજરાણું છે. અત્યારે ભરતકામમા 'રબારી ભરત' ને એક શૈલીગણવામાં આવે છે. કેમકે રબારી ભરત અન્ય લોકજાતિનાં ભરત કરતા તદ્‌ન પોતીકીભાત પાડે છે. પંચાળી સ્ત્રીઓ પોતાના વસ્ત્રો જેવા કે કમખા, ચણિયા, ઓઢણી, પુરુષોની બંડી, નાના બાળકોના કપડા, સાડીનો પાલવ, ચંદરવા, ચાકળા, ટોપી, ટોડલિયા, ધાબળી વગેરેમાં ભરતકામ કરે છે. ભરતકામમાં લાલ, લીલા, પીળા, કાળા, સફેદ, જાંબલી વગેરે રંગોનું મિશ્રણ જોવા મળે છે. ભરતકામ વચ્ચે નાના-નાના આભલાં ટાંકેલા જોવા મળે છે. જેનાથી વસ્ત્રોમાં અલગ ઉઠાવ જોવા મળે છે.

### ધડકી :-

ગુજરાતના ગમે તે વિસ્તારમાં માલધારી પ્રજા વસવાટ કરતી હોય પણ તે ધડકી બનાવવામાં પારંગત હોય છે. જે-તે વિસ્તારની ધડકી અલગ-અલગ હોય છે. રૂ, કાપડ અને દોરાના મિશ્રણથી ધડકી તૈયાર કરી તેને ફરતી વિવિધ દોરાથી કટાવ કામ, ભરતકામ કરવામાં આવે છે. ધડકીમાં મોર, પોપટ, ઢેલ, વૃક્ષ, સૂર્ય વગેરેથી કલાત્મક આકૃતિ છાપવામાં આવે છે. તેના ઉપર ભરતકામ કરી વિવિધ રંગોથી આકર્ષક ભાત ઉપસાવે છે. રબારી, ભરવાડ જ્ઞાતિમાં દીકરીને કરિયાવરમાં ધડકી તો અચૂક આપવામાં આવે છે.

### ધાબળા :-

પંચાળ વિસ્તારમાં વરસાદ ખૂબજ ઓછો પડે છે. મોટાભાગના નેસ જંગલ વિસ્તારમાં છે. આ વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ ખૂબજ રહે છે. શિયાળામાં ગરમ ધાબળાનો અહીંની પ્રજા ઉપયોગ કરે છે. આ આખો ધાબળો ઘેટાં-બકરાંની ઊનથી બનેલો હોય છે. તેની કોરધીગી હોય છે. ભાતીગળ છેડી અને બાંધેલ રંગીન કોર હોય છે. છેડે ફૂમકો હોય છે. ગરમ ધાબળા કે ગરમ કપડા પર ઘણીવાર ઊનના રંગીન દોરાનું ભરત પણ જોવા મળે છે. માલધારી સ્ત્રીઓ ઓઢવાના ગરમ ધૂંહલા ઉપર સુતરાઉ કે હીરનું ભરતકામ કરે છે.

**મોતીકલા :- તોરણ :**

લગ્નપ્રસંગે કે ધાર્મિક ઉત્સવોમાં નેસના દરવાજે પંચાળી માલધારી સ્ત્રીઓ મોતીથી પરોવેલું તોરણ બાંધે છે. રબારી તોરણ પાંચ કોથળીનું બનેલું હોય છે. તોરણમાં વચ્ચે મોતી ભરેલ સાથિયો, ગણેશ , બુટા, વૃક્ષ, વેલ, આંબો કે આસોપાલવની ડાળીઓ વાળી ડિઝાઈનનું તોરણ બનાવવામાં આવે છે. મધ્યમાં ગણેશ શ્રીકૃષ્ણ કે સાથિયા રાખવામાં આવે છે. પંચાળની ઘણી માલધારી સ્ત્રીઓ નવ કોથળીનું પણ તોરણ બનાવે છે. આ તોરણમાં મોતીનું ભરત કરવામાં આવે છે. દરેક કોથળીમાં એક ઝાડવું અને એક ફૂલ ચીતરવામાં આવે છે. આ ઉપરાંત ચાકળા, ટોડલિયા વગેરે પણ મોતીથી ભરવામાં આવે છે.

**શ્રીફળ :-**

શ્રીફળ પાણી વગરનું અને કદમાં નાનું હોય તેવું પસંદ કરવામાં આવે છે. તેના પણ રબારી કન્યાઓ સફેદ કે લીલું કાપડ ચડાવી દે છે. ત્યારબાદ તેમાં મોતીથી ભરતકામ કરવામાં આવે છે. તેમાં ગણેશ, પોપટ, સાથિયો વગેરેની ભાત ઉપસાવવામાં આવે છે. લગ્ન વખતે વરરાજાના હાથમાં શ્રીફળ આપવામાં આવે છે.

**લોટી :-**

શુભ પ્રસંગોએ કળશનો ઉપયોગ થાય છે. લાંબાની કે સ્ટીલની લોટીને કાપડથી ગૂંથવામાં આવે છે. તેના પર શ્રીકૃષ્ણ, મોર, પોપટ, કોયલ વગેરે ચિત્રોની ભાત ઉપસાવવામાં આવે છે. લગ્નપ્રસંગે તેમજ કોઈ ભગત, ભુવાના સ્વાગત માટે સામૈયું કરવામાં આવે છે. ત્યારે તેનો ઉપયોગ થાય છે.

**ઈંઢોણી :-**

કાથીની ઈંઢોણી પર કાપડનું કવર ચડાવી તેના પર છાપકામ કરવામાં આવે છે. ત્યાર પછી તેમા સાથિયો, મોર, ઝાડવું અને ટીપકીની ભાત ભરેલ આહીર-કાઠી ભરતની નકલ કરેલી હોય છે. પંચાળની માલધારી સ્ત્રીઓ બહું ઓછી મોતીની ઈંઢોણી પરોવે છે. મોટેભાગે ઊનની ગૂંથેલી ઈંઢોણી વધૂ જોવા મળે છે.

**ભરવાડ ભરત કંડાર કામ :-**

ભરવાડ ભરતકામમાં રબારી ભરતકામની જેમ આગવી વિશિષ્ટતા જોવા મળતી નથી. બીજી કોમ જેવી કે કોળી, પટેલ, દરજી, સુથાર વગેરે સાથે ઘણું સામ્ય ધરાવે છે. આ લોકોનું ભરત તોરણ, ઈંઢોણી, શ્રીફળ, સાંકળા, શ્રીગણેશ, ટોડલિયા, પછીતપાટી વગેરે હોય છે. પંચાળની માલધારી પ્રજામાં

વિવિધ કસબ કલાના દર્શન થતાં નથી. માત્ર ભરતકલાના દર્શન થાય છે. મોતી ભરત મોટાભાગે રબારીમાં છે ભરવાડમાં નથી. ગૂંથણકલા પંચાળના કોઈ માલધારી સમાજમાં અસ્તિત્વ ધરાવતી નથી. માલધારી સમાજમાં 'રબારી ભરત' ની વિશિષ્ટ ભરત શૈલી અને 'ટાંકા ભરત' ભારતીય સંસ્કૃતિની કલાઓમાં એક આગવું સ્થાન ધરાવે છે.

## પંચાળની લોકનારીના આળેખ :-

આળેખ અને ચિતર એ કલાને માથે ઓળઘોળ થઈ જનારી ગ્રામનારીઓનો ધબકતો કલાવારસો છે. આળેખની કળાનો આગવો સંસ્કાર સામાજિક ઉત્સવોની સાથે સવિશેષ સંકળાયેલા છે. લગ્ન જેવું આનંદ મંગળનું ટાણું હોય કે દિવાળી જેવું રૂડું રૂપાળું પરબ હોય ત્યારે ઘર-ખોરડાના ઓરડા ઓસરિયુંમાં રૂડા ચિતરડા આલેખાય છે. ખડકીની કોરમોરે કે બજારની વંડી સાથે ચિતર અને શોભનની કૈકં કલાઓ ઠલવાય છે. પંચાળની અભણ ગૌરીઓ ઓળપ લીંપી માટીની ભીંતો ઉપર ખડીથી ચિતરામણ કરીને પોતાની ઊર્મિઓને અભિવ્યકત કરે છે. આમ, આળેખ અને ચિતર ગ્રામપ્રજાની તળપદી લોકકલા છે. પંચાળમાં વસતી માલધારી પ્રજાની આ અનોખી કલા છે. ચિત્તરમાં રહેલા શોભનપ્રતીકો ઊંડીને આંખે વળગે તેવા છે. ટહુકતો મોરલો, વનવગડાની શોભા વધારતા વાઘ, દીપડા, હરણા, સોનેરી મૃગ, આંબો, પોપટ, કાન-ગોપીનું વલોણું ઉપરાંત ભૌમિતિક ભાતો જોવા મળે છે. આ વિસ્તારમં ઓળપ ઉપર ધોળી ખડીથી કે ગેરુથી આળેખો દોરાય છે. તેમાં આકર્ષક સાદગીના દર્શન થાય છે.

## પ્રતીકચિત્રો :-

પંચાળની માલધારી પ્રજામાં પ્રતીકચિત્રોનો મહિમા ધાર્મિક તહેવારોમાં જોવા મળે છે. આળેખ ચિતરનો સંબંધ લગ્નપ્રસંગ સાથે જોડાયેલો છે. તેમ પ્રતીકચિત્રોનો સંબંધ ઉત્સવ અને વારવરતોલાની સાથે વિશિષ્ટ રીતે વણાયેલો છે. આળેખોમાં ખડી, ગેરુ અને લાલ, પીળા રંગો વપરાય છે. જયારે પ્રતીકચિત્રોમાં મોટાભાગે પલાળેલું કંકુ, ઘી, કાલવેલું, સિંદુર વપરાય છે. દેવ-દેવતાઓને ચડાવવાનો સિંદુરિયો રંગ શુભ અને કલ્યાણકારી મનાયો છે. વૈશાખ સુદ ચોથ ખેડૂતોમાં ગણેશચોથ તરીકે જાણીતી છે. આ દિવસે ગણેશ પૂંજાનું કંકુ કે સિંદુર લઈ પુરુષો ઘરના બારસાખ ખડકી કે ડેલીના કમાડિયા ઉપર 'શ્રીલાભ, શ્રીશુભ, શ્રી લાભ સવાયા' દાદાની ચડતી દેરડી વગેરે પ્રતીકો આલેખે છે. નાગપાચમના દિવસે નાગદેવની કૃપા યાચના માટે લોકનારીઓ નાહીધોઈને કંકાવટીમાં કંકુ ઘોળી આંગળી કે દાતણના કૂચાથી પાણિયારે નવકુળ નાગનું આલેખન કરે છે. તેમા મુછાળા નાગદેવનો ગઢ, ચાર દરવાજાને વચમાં રાતા કે કાળા રંગ વડે નાગના નવ પ્રતીકચિત્રો દોરે છે.

ચૈત્રવદ તેરસના દિવસે સ્ત્રીઓ બળિયાકાકાના પ્રતીકરૂપે જોડી ચીતરી પડખે ઘોડિયું, સાથિયો, ને ટીલા ટપકાના શોભન પ્રતીકો ચીતરે છે. રાંદમાંનું વ્રત કરનાર વહુઆરુઓ રાંદલમાંની પ્રજાના પ્રતીકરૂપે ખોયાવાળું ઘોડિયું આલેખી ખોયામાં પુત્રના પ્રતીકરૂપે ચાંદલો કરે છે. પુત્ર ઝંખતી નારી પ્રતીકચિત્રને પ્રતિદિન કંકુ અને ચોખાથી વધાવે છે.

## લોકસંસ્કૃતિનું સંગમ સ્થળ લોકમેળો :-

લોકમેળાઓ લોકજીવનના ઉલ્લાસનું મોઘેરું પર્વ જ પણ લોક સંસ્કૃતિનું સંગમ સ્થળ પણ છે. જેતે પ્રદેશમાં વસતિ વિવિધ જાતિઓ કોઈપણ જાતના ભેદભાવ વિના મેળામાં ભેગી થાય છે. ત્યાં લોકજીવનનો સંસ્કાર વિનિમય થાય છે. મેળામાં વિવિધ જાતિઓના વસ્ત્રાભૂષણો, નૃત્યો, વાદ્યો, ભાતીગળ કળાઓ, લોકગીતો, લોકબોલીઓ, હથિયારો, રીતરિવાજો, ખાવા-પીવાની ટેવો, એમનું સાહિત્ય એમના દેવ-દેવીઓ અને ધાર્મિક માન્યતાઓ વિશે જાણવા મળે છે. મેળામાં લોકજીવનની કંઈક કળાઓ ઠલવાય છે. આથી લોકજાતિઓના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી બની રહે છે. આમ, મેળોએ ભકિત, શકિત અને સૌદંર્યનો ત્રિવેણી સંગમ છે. લોકઊર્મિઓની અભિવ્યકિતનું સહિયારું સ્થાન છે. મેળો માનવીનાં થાકેલા મનને હળવુંફૂલ બનાવી નવી તાજગી બક્ષે છે. તેથી લોકજીવનમાં મેળાઓ આજેપ એટલા મહત્ત્વના બની રહ્યા છે.'[૧૧]

સામાન્ય રીતે મેળાની મોજ વરસમાં એકજ વાર માણવા મળે છે.વર્ષ દરમિયાન અસંખ્ય મેળાઓ યોજાય છે. પણ એક મેળો વરસમાં એક જ વાર યોજાય છે. સ્થાનિક મેળાઓ એક દિવસ માટે જ ભરાય છે. કેટલાક મેળાઓ બે થી પાંચ દિવસ માટે ભરાય છે. જૂનાગઢનો ભવનાથનો મેળો, તરણેતરનો મેળો ત્રણ દિવસ સુધી ચાલે છે. જ્યારે માધવપુરનો મેળો પાંચ દિવસ સુધી ચાલે છે. અપવાદરૂપે કેટલાક મેળા દર ત્રણ સાત કે અઢાર વરસે યોજાય છે. આવા મેળામાં કુંભ મેળો, ભરૂચ જિલ્લાના ભાડભૂતમાં દર અઢાર વર્ષે યોજાતો મેળો વગેરેને ગણાવી શકાય.

## તરણેતરનો મેળો :-

તરણેતરનો મેળો યૌવન, રંગ, રૂપ મસ્તી, લોકગીત, દુહા અને લોકનૃત્યનો મેળો છે. સૌરાષ્ટ્રની સમૃદ્ધ લોક-સંસ્કૃતિને જોવા જાણવા અને માણવા માટે તરણેતરનો મેળો એક સ્થાન છે. સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર મહાદેવની જગ્યામાં ભરાતાં મેળામાં રૂપાળા ભરત ભરેલી અને આભલા મઢેલી સોળ-સોળ સળિયા સંગાથ રેશમી રૂમાલિયા લોકાવેલી છતરિયું હાથમાં લઈને મેળામાં ઘૂમતા રંગીલા જુવાનિયાને જોઈને જોનારનું મન હરખાય છે. તરણેતરનો મેળો એટલે આનંદ યુવાની અને કળાનો અનેરો સંગમ મેળાનો સમય આવતા જ ગામડાના માનવીઓ મેળો માણવા ગાંડાતૂર બની જાય છે. અલગારી યુવતીઓ હરખપદુડી થઈને ફરવા માંડે છે. દૂર-દૂરના ગામડા, નેસને, ટીંબામાંથી લોકો

ગાડા, ઘોડાને ઊંટ ઉપર બેસીને કે પગપાળા મેળો માણવા ઉમટી પડે છે. જોબનભર્યા, જુવાનડીઓ જોડિયા પાવા વગાડતા વગાડતા ને ડોલરના ફૂલ જેવી રૂપમણીઓ ગીતો ગાતી ગાતી નરવા સાદે મેળાના મારગને જાણે કે ભરી દે છે.

'ઓ મારા લેરી રે
અંધારી રાતનો મેળો રે લોલ,
સૂરજની સાડિયુને સૂરપાણની જાતરા
ઓ મારા લેરી રે
અંધારી રાતનો મેળો રે લોલ'

આ મેળામાં રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલે છે. ટીટોડો અને ભરવાડોના હુડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે. મેળામાં યુવાન-પ્રેમીઓના મિલન થાય છે. સગપણના નાતે જોડાયેલા યુવક-યુવતીઓ મેળામાં મળી જાય ત્યારે તો એમના આનંદની કોઈ અવધિ રહે ખરી! તરણેતરને મેળો સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢથી ૮ કિ.મી. દૂર આવેલા ત્રિનેત્રેશ્વર મહાદેવના વિશાળ પટાંગણમાં પ્રતિવર્ષ આ મેળો ભરાય છે. ભાદરવા સુદ ૪-૫-૬ ના રોજ ભરાય છે. ત્યારે ગુજરાત બહારથી પણ લોકો ઉમટી પડે છે. ત્રણ દિવસના મેળાનો મોટો મહિમા પાંચમનો- ઋષિપંચમીનો છે. આ દિવસે વહેલી સવારે મંદિર ઉપર બાવન ગજની ધજા ચડે છે. એક એવી પણ લોકમાન્યતા છે કે આ દિવસે પટાંગણમાં આવેલા કુંડમાં ગંગાજી પ્રગટે છે. પોતાના સાત ઘોડાના રથમાં સવાર થઈને સૂરજદાદા પધારે તે પહેલા તો આ ગંગાજીમાં સ્નાન કરવાનું પુણ્ય મેળવી લેવા હજારો ભાવિકોથી કુંડ અને પટાંગણ ભરાય જાય છે. પંચાળ પ્રદેશના ગ્રામજનો અને સ્વજનોના અસ્થિ પધરાવવાનું ધાર્મિક મહત્ત્વ પણ આ મેળા સાથે જોડાયેલું છે.

ત્રિનેત્રશ્વર માટે ઘણી લોકવાયકા પ્રચલિત છે. એક કથા મુજબ દ્રૌપદીનો સ્વયંવર અહીં યોજાયો હતો. આ કુંડમાં જ પૂર્વે બ્રહ્માજી અહીં ભગવાન મહાદેવની આરાધના કરતા હતા. ત્યારે તેમને ચઢાવવાના કમળોમાં એક કમળ ઓછું થયું. હકીકતમાં બ્રહ્મમાજીની પરીક્ષા કરવા માટે જ મહાદેવે એક કમળ ઉપાડી લીધું હતું. પરંતુ બ્રહ્માજીએ તો પોતાનું ચક્ષુ હજારમાં કમળ તરીકે ઘરી દીધું. ભગવાન પ્રસન્ન થયા. બ્રહ્માજીની આંખ સારી કરી આપી પણ ચઢાવેલું ચક્ષુ પોતાના લલાટમાં ધારણ કર્યું ત્યારથી શંકર ત્રિનેશ્વર કહેવાયા.

એક એવી પણ કથા છે કે કણ્વઋષિએ મહાદેવની પૂજા કરી મહાદેવ પ્રસન્ન થયા અને વરદાન આપ્યુ કે આ સ્થળે કુંડમાં સ્નાન કરીને જે મારી પૂજા કરશે, પિંડદાન આપશે અને દાન-પૃણ્ય કરશે તેના પિતૃઓ મોક્ષ ગતિ પામશે. ત્યારથી આ સ્થાન ત્રિવેણી સંગમ હરિદ્વાર, સિદ્ધપુર અને પ્રભાસની જેમ

મૃતાત્માના ફૂલ પધારવવા માટે જાણીતું થયું. ત્રિનેત્રેશ્વર મંદિર લખપતના રાજવી કરણસિંહ પોતાની કુંવરી કરણબાની સ્મૃતિમાં ઈ.સ. ૧૯૦૨ માં બંધાવેલું મંદિરની સામે એક તુલસીકયારો અને કુંડ છે. મંદિર સોમપુરા શૈલીનું છે.

પંચાળની કુંકવરણી ભોમકાના આ જગમશહૂર મેળાનો પ્રારંભ તો બે સદીઓ પૂર્વે થયો હોવાની માન્યતા છે. આઠ દાયકા પહેલા પણ તરણેતરનો મેળો કાઠિયાવાડનો અગત્યનો મેળો હતો. ઈ.સ. ૧૯૮૧ થી બદલાયેલા આજના તરણેતર મેળાનું અનોખું મહત્ત્વ છે. સુરેન્દ્રનગર જિલ્લાના મનડાસર, સોનગઢ, દાધોળિયા, વીજળિયા ગામના કોળી ભાઈઓની લીંબડી, સુરેન્દ્રનગર, વીજળિયા અને થાનગઢની રાસમંડળી, રાણાગઢની પઢારરાસ મંડળી, મયૂરનગરની આયર રાસ મંડળી, ઉપરાંત લાતી પર કે બાંટવાની મંડળીઓ વચ્ચે હરિફાઈ થાય છે. ઉપરાંત અશ્વદોડ, બળદગાડા જેવી સ્પર્ધાઓ પણ યોજાય છે. સૌરાષ્ટ્રના લોકજીવનને ધકબતું રાખનાર ભરવાડો, રબારીઓ, આહીરો, કાઠીઓ, ચારણો દર વર્ષે મેળાના દિવસોમાં તરણેતરમાં ભેગા થાય છે. ત્યારે સામાન્ય રીતે વસ્તીહીન વેરાન ભાસતું આ સ્થળ ધકબતું હોય છે. અને દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષ છે. ઉપરોકત તમામ જાતિઓ રંગબેરંગી ભરત-ભરેલા પોતાના પરંપરાગત મૂળ પોશાકમાં આ સ્થળે ઉતરી પડતા હોય છે. અહીં માંગલિક પ્રસંગો થાય છે. માતાજીને નૈવેધ થાળ ધરાવાય છે. આભલાં ભરેલી રંગબહાર સમી ભાતીગળ છત્રીઓ, કેડિયા ઉલાળતા મૂછાળા યુવાન મરદો, ઘાઘરાના ઘેર લહેરાવતી યુવતીઓના દાંડિયારાસ અને છત્રીનૃત્યો હૂડો અને ટીડોડા જેવા વિશિષ્ટ લોકનૃત્યો માટે તરણેતરનો આ લોકમેળો મશહૂર છે.

'તરણેતરના ત્રણ દિવસના આ મેળામાં ખરીદીનું એક મોટુ બજાર ભરાય છે. રેગબેરંગી વસ્ત્રો, મોજડી, મોતીના તોરણ, સામૈયું, કલાત્મક ઘર વપરાશની નાની-મોટી ચીજવસ્તુ વગેરે મનગમતી મળી રહે છે. મેળાના પરિસરમાં મનોરંજનના માધ્યમો ઉલ્લાસની ઉજાણી કરાવવા હાજર હોય છે. ખાણી-પીણીની લારીઓ, જાદુગરો ખેલ કરે. વાદી નાગને રમાડે, મદારી માંકડાને નચાવે. રંગીલી યુવતીઓ મનમાં મોહ ઉપજાવવા છૂંદણા છૂંદાવવા બેસી જાય છે. લોકો ખાય-પીઈને મોજમજા સાથે મેળાનો આનંદ માણે છે.'[૧૨]

## લોકસાહિત્ય :-

સાહિત્યની જેમ લોકસાહિત્ય પણ કોઈ એક વ્યક્તિ માટે અથવા કેવળ મનોરંજનાર્થે નથી રચાયું સમાજની નબળાઈ સબળાઈ સામે રાખીને રચાયું છે. જે સમાજ સંસ્કાર ને સાહિત્યને નોખા પાડવા તો ડાંગે જળ નોખા કર્યા જેવું છે. લોકસાહિત્યમાં જે તે જીવનની સારપ, ભોઠપ, મીઠપને માઠપ પોતાની છાપ છોડતી હોય છે. જાગૃત-અજાતપણે લોકસાહિત્યમાં દર્શાવાઈ જતી લોક સંસ્કતિ રસસિક્ત દસ્તાવેજ જે વણલખ્યે લોકના હૈયે હોઠે છે. લોકસાહિત્ય દ્વારા પ્રગટ થતાં રીતરિવાજો હ્રાસ-ઉપહાસ, હાર-જીત,

નકશો જોઈ મકાન ચણાય તેમ અસહજ નહી. ડાળને સહજ ફૂટેલાં પર્ણો જેમ ગૂંથાયાં છે. કોઈપણ પ્રજા કેવળ અન્નથી ટકતી નથી એના ટકવામાં સંસ્કારનો પણ બહુ મોટો ફાળો હોય છે. હૃદયનું સ્થાન હંમેશા પેટ ઉપર છે. તેથી અન્નથી અધિક મહત્ત્વ સંસ્કારને અપાયું છે તે યોગ્ય છે આ સંસ્કાર પ્રગટે છે શેમાંથી ? પ્રજા ભણેલી હોય તો પુસ્તકમાં, મુદ્રીત-સાહિત્યમાં એનું સંસ્કારધન સંઘરાયું હોય છે. પણ નિરક્ષર પ્રજાના સંસ્કારો એમના લોકસાહિત્યમાં સચવાયેલા હોય છે.

પંચાળના માલધારીઓ વિશે આવું કહેવામાં કોઈ હરકત ન હોઈ શકે. એનું લોકસાહિત્ય એના સંસ્કારનું સાચકલું સાક્ષી છે. અર્ધી પંક્તિની કહેવતથી માંડીને લોકકથામાં એમના સંસ્કારના જ જમા-ઉધાર પાસાનો જ હિસાબ મંડાય છે. રૂઢિપ્રયોગો, દુહા, ઓઠા, ફટાણા, હાલરડા લોકનૃત્યગાન વગેરે એમની સંસ્કાર છબી ઝીલે છે. એ ભાગ્યે જ કહેવાનું હોય, પંચાળના પ્રદેશમાંથી નીકળવાનું થાય ત્યારે મીઠા લયે લલકારતા શબ્દ હૃદયને હલબલાવે છે. કારણકે એમા કડીએ-કડીએ સંસ્કૃતિ અંગો, ધર્મ, ધૈય, શૂરવીરતા, શૃંગાર, વનલીલા, વસ્ત્રાભૂષણ, શુકન, અપશુકન, ઉત્સવ વ્યક્તિનામો-તીર્થનામો અનુસ્યૂત થતા હોય છે. એટલે એનો સ્વર કાનને સંતોષે છે. તો શબ્દમાં સંસ્કારભાવ હૈયાને હરખાવે છે.

લોકસાહિત્યની ઓળખ કનુભાઈ જાની આપતા લખે છે. (તળપદી) ભાષામાં તળપદા સંસ્કાર, અજ્ઞાન કર્તવ્યવાળી પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઊતરી આવેલી સર્જકની સભાન લક્ષણોવાળી, લોકસમાજની મુગ્ધ નિર્વ્યાજ નૈસર્ગિકવાળી, ગીત હોય તો કયારેક ટેક-ઠેક નૃત્ય રચીને સાથે લાવતી, સહેજે યાદ રહી જાય તેવા શબ્દપ્રયોગની રચના કે શબ્દ લયવાળી ઉદ્દેશવતીના અભાવવાળી જે તે સમાજના પ્રાણ ધબકારવાળી નિર્દંભ, સરળને ભાવ સુંદર મોટે ભાગે નિરંલકત છતાં જો હોય કલ્પનાને સૂઝે એવા અલંકારોથી ઓપતી જે રચનામાં લોકસમૂહને ઘટાડવા વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે. ને એથી જેમાં પાઠાંતરો અનેક હોય તેવી અથવા જેનો એક નિશ્ચિત અફર પાઠ ન જ હોય તેવી શબ્દના કે ભાવ-વિચાર લાગણીથી પ્રભુત્વ માત્રથી ધ્યાન ખેંચે તેવી નહીં બલ્કે ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ કોઈ દેખાડો ન હોય - "Complete absence of all offical all influence exercised from above' તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચાર - મંથન આત્મનિરીક્ષણ પરીક્ષણ પૃથ્થકરણ આ બધુ ન હોય તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી. આંટીઘૂટી વિનાની અત્યંત સરળ રચનાવાળી મૂળમાં લેખિત કે લિપિબદ્ધ નહિ પણ મૂળ પરંપરાગત કથ્ય કે ગેય વારસારૂપે સાંભળેલી શબ્દકલા તે લોકસાહિત્ય.

પંચાળની આ માલધારી પ્રજા પેટનો ખાડો પૂરવા અન્ન, વસ્ત્ર, માટે ભટકતી હોય તેમણે પોતાના સાહિત્યને અન્ય પ્રજામાંથી મળેલા સાંસ્કૃતિક વારસોને શણગારેલ છે. વળી એમણે પોતાના સાહિત્યથી ઈત્તર પ્રજાઓને પણ સંસ્કાર પીયૂષ પાયા છે. તાત્પર્ય સ્પષ્ટ છે કે લોકસાહિત્ય પંચાળવાસી માલધારી પ્રજાની જીવંત એવી સંસ્કાર પારાશીશી છે. જે એમના જીવનના લગભગ બધાજ સંસ્કારોનું

સુરેખ ચિત્ર દોરી આપે છે. એ ચિત્રમાં સંપની રેખા છે. ધર્મની સીમા રેખા છે. રિવાજોના લકીરો વગેરે ઘણુંબધું ધ્યાનાર્હ છે. સંસ્કારમાં વાતાવરણની અસર સાફ ઝબકતી દેખાય છે. પંચાળની ભૌગોલિક પરિસ્થિતિ એમના લોકસાહિત્યમાં હર્ષોઉલ્લાસ હેઠળ રજૂ થઈ છે. ખાસ કરીને ત્યાં વરસાદની ખેંચ હોઈ મેઘને ઠપકો રાંક નદીને સૂકી ધરા પ્રત્યેની સહાનુભૂતિને સજીવારોપણ અલંકારોથી સભાન વાચા અપાઈ છે.

કોઈપણ પ્રજાની સંસ્કૃતિનું ચરમબિંદુ ધર્મ છે. ભક્તિ ધર્મનું આવશ્યક અંગ છે. આ ભક્તિ સૌથી વિશેષ સેવા સ્વરૂપે માલધારી સમાજમાં વિશેષ સાકાર બનેલ છે.

રામદાસબાપુ તમારી ભક્તિાં અમને ભેળવો.
મારા પ્રભુજીને પોઢણ ઢોલિયા
રામદાસબાપુને હિંડોળા ખાટ...બાપુ તમારી.....

આજે પણ માલધારી પ્રજા સાધુ-બાવા જ્ઞાતિના પુરુષોને બાપુ કહીને બોલાવે છે. ધર્મની સાથે-સાથે અતિથિ દર્શન થાય છે.

### પંચાળના લોકગીતો :

સુપ્રસિદ્ધ લોકગીતના શબ્દોમાં નંદકુંવર અને કાનો શબ્દ માલધારીના લોકગીતોનું સૂચન કરે છે. સવર્ણના બદ ઈરાદાનો જવાબ માલધારી સ્ત્રી કેવી નિર્ભયતાથી આપે છે. પતિ ગુમાવ્યા પછી પોતાની કેડયમાં દિયરને તેડયો હશે.

ગાયુ તારી ગોંદરે ઘાયલ, ગાયુ તારી ગોંદરે
રે દરીડા વાછરું વઢિયારમાં ઝોલા ખાયરે... અરજણિયા....
રે દેરિયા તારે માટે ઠીક છે, ઘાયલ તારે માટે ઠીક છે.
ઠીકને ઠેકાણે વહેલો આવ રે....અરજણિયા...

આ લોકગીત તો શુદ્ધ માલધારી પ્રજાનું લોકગીત છે કેમકે ગાય, ગોંદરો અને અરજણિયો શબ્દ દ્વારા અને એથીય વિશેષ માલધારીના સ્થળાંતરની વાત પણ કરે છે. અને પોતાના દિયર સાથેના અનૈતિક-સંબંધ કે લગ્નસંબંધ સૂચવે છે.

દિયરવટુ વાળવાનો વ્યાપક રિવાજ આ પ્રજામાં હાલ નથી. પણ આઝાદી પહેલા અસ્તિત્વ ધરાવતા ઘણા લોકગીતોમાં દેરિડો, વેરિડો, શબ્દ આ રિવાજને સ્પષ્ટ સમર્થન આપે છે.

''કે તો ગોરી તને ચિતળની ચૂંદડી મંગાવી દઉ
ચુંદડીનો ઓરનારો રે, કાનો રમે છે કેડમાં
નંદકુંવર નાના રે, કાનો રમે છે મારી કેડમાં.''

માલધારી સીમમાં રોટલા સાથે બકરીના દૂધની સીધી સેડય મોઢામાં લે છે. વાસણ સાથે ન હોય એટલે શું કરે ? જુઓ આ વાત કેવી સ્પષ્ટ રીતે છે. ગાય દોતી વખતે ગોવાલણીના મુખે મૂકી છે.

દોતા-દોતા રે પ્રભુ શેડયુનો લેજો
દૂધડિયા અભડાય છે
કેમ તમ ઉભા મહારાજ
ગાયું દોવાની વેળા જાય છે.

કૃષ્ણ અને દેવીઓના વર્ણન-પરાક્રમ વિષયક ગરબી-ગરબાતો શેરીએ-શેરીએ સુપ્રચલિત છે. તેમાં કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ શ્રદ્ધા અને દેવી પ્રત્યેની આસ્થા પ્રગટે છે. ગોપાલક સંસ્કૃતિને ધર્મ સુધી લાવનારા ને દોરનારા કૃષ્ણ હતા એ નિર્વવાદ છે.

''ગોકુળ મેલીને મથુરામાં શું મોયા
ગોપીયું જુએ છે તારી વાટ ગોવાળિયા
ઉતારા દેશુ ઓરડા ગોવાળિયા
દેશુ મેડીના મોલ ગોવાળિયા
ગોકુળ મેલીને મથુરામાં શું મોયા.''[૧૩]

દાંપત્યજીવન અન્યપ્રજા-જેટલું જટિલ નથી મોટો પ્રશ્ન ગરીબીનો છે. ગૃહશાંતિ નહી. ગરીબીમાં પતિ-પત્ની વિશેષ નજીક આવે છે. અને બાળલગ્નનું પ્રમાણ ખૂબ હોવાથી કુમારિકાઓના વ્રત તો હોય નહી. આ કુટુંબગીતો અને વ્રતગીતોનો અભાવ બાળલગ્ન અને કૌટુંબિક સુખને સૂચવે છે.

કેટલાક હરાયા, તોફાની ગાય-ભેંસ ગામને કે માલધારીને કેવા હેરાન કરતા હોય છે. તે વ્યવસાય અંગેની મુશ્કેલીઓ પણ એમના લોકગીતોમાં દેખાય છે.

ઈરે ડોબલડી ને ખીલે બાંધી
ખીલા સોતી ભાગી ડોબલડી
મારી દેરાણીએ ડોબી ઓરી

દેરાણી પ્રત્યેની સ્ત્રી-સહજ ઈર્ષા પણ છાની રહેતી નથી.

આમ, પંચાળના માલધારીઓનાં લોકગીતો દ્વારા એ ગોપાલક સમાજની લોકસંસ્કૃતિની સાથે-સાથે કેટલાક સ્પષ્ટ-સુરેખ લોકજીવનના પ્રસંગચિત્રો પણ ઉપસી આવે છે. માલધારી સમાજનું મનોરંજન સાધન પણ આવા લોકગીતો જ છે. મોટાભાગના લોકગીતો લોકનર્તન દ્વારા પ્રદર્શિત થાય છે. મુશ્કેલી ભરેલું જીવન અને કંગાળ ગરીબી છતાં જીવનના ઉલ્લાસને ગાતા રસિક લોકગીતો પ્રભુ પ્રત્યેની અને કુદરત પ્રત્યેની શ્રદ્ધા અને આશાને અનન્ય રણકો સંભળાવી ડોલાવી જાય છે.

છત્રીના છાંયે મને ઝોલું આવ્યું
ઝોલું ઝોલું શું કરો છો
ઝોલું નાનું બાળ મને ઝોલું આવ્યું.
કયા ભાઈની પાઘડીમાં સોનાની ઢેલ...મને ઝોલું આવ્યું
કયા વવને કમળે ટૌકે લીલા મોર.... મને ઝોલું આવ્યું
વીરમભાઈની પાઘડીમાં સોનાની ઢેલ.... મને ઝોલું આવ્યું
રતનવવની કમળે ટૌકે લીલા મોર.... મને ઝોલું આવ્યું.[૧૪]

(૨)

ઓતર દખણથી ચડી વાદળી રે લોલ,
ઝરમરિયા વરસે ઝીણા મેઘ રાજ,
જોરૂભા જેવો રાજા નૈ મળે રે લોલ,
રાણીયું રુવે છે રંગમેલમાં રે લોલ,
દાસીયું રુવે છે બારેમાસ રાજ....જોરૂભા જેવો....
પોપટ રુવે છે પોપટ પાંજરે ર લોલ
મેના રોવે છે બારેમાસ રાજ....જોરૂભા જેવો....
ઘોડા રુવે છે ઘોડાવહાણમાં રે લોલ
અસવાર રુવે છે બારેમાસ રાજ....જોરૂભા જેવો....
ખેડૂત રુવે છે ખેતરવાડીએ રે લોલ...
વાણિયા રુવે છે બારેમાસ રાજ....જોરૂભા જેવો....
ગાયુ રુવે છે ગામ ગોંદરે રે લોલ
ગોવાળ રુવે છે બારેમાસ રાજ....જોરૂભા જેવો....[૧૫]

## ગરબો

ગિરનારી વાગે ઘૂઘરા લીલાગર વાગે ઢોલ,
આવીને ઉતર્યા ચોકમાં, સામા મણિયારાનાં હાટ
મણિયારો લાવે ચૂડલી અંબાજી માને કાજ,
અંબાજીમાં ભરપૂરમાં બહુચરાજી નાનેરા બાળ,
- ગિરનારી વાગે ઘૂઘરા
આવીને ઉતર્યા ચોકમાં, સામા સોનીડાના હાટ
સોનીડો લાવે ઝૂમણાં અંબાજી માને કાજ,
અંબાજીમાં ભરપૂરમાં બહુચરાજી નાનેરા બાળ,
- ગિરનારી વાગે ઘૂઘરા

**રાસ-રાસડા :**

રાસ-રાસડા ભાઈ બહેનો સાથે અથવા સ્વતંત્ર રીતે લે છે. એક તાળીપાડી કે ત્રણ તાળી પાડીને બન્ને રીતે લેવાય છે. રાસમાં સંગીત અને ગીતનો અર્થ મહત્વ ધરાવે છે. કથાગીત માટે 'રાસડો' શબ્દ પ્રયોજે છે. શુભ પ્રસંગે અને તહેવારોમાં રમાય છે.

> પાટુ મારીને પટારો ભાંગિયો
> ભાંગ્યા છે કાંઈ ગાયકવાડી ગામ રે
> મકરાણી કાદુ ડંકોરે દીધો ને
> સોરઠ દેશમાં

રાસ એ સૌરાષ્ટ્રનું એક આગવું નૃત્ય છે. રાસ રમનાર અને રાસ જોનાર બન્નેને આનંદથી તરબોળ કરતું આ નૃત્ય ઐતહિાસિક દષ્ટિએ મહાભારતમાં હલ્લીસક કીડા કે દંડરાસક તરીકે વર્ણવાયેલું છે. તે જ આ રાસ કે દાંડિયારાસ. રાસ એ ગોપ સંસ્કૃતિનું આગવું અંગ ગણાય છે. પ્રાચીન કાળમાં ગોપ-ગોપીઓ સાથે મળીને કૃષ્ણલીલાના રાસ રમતા, પાછળથી જુદીજુદી જાતિઓ આ રાસમાં પોત પોતાની વિશેષતાઓ ઉમેરતી ગઈ.

રાસ અને રાસડા વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. સૌરાષ્ટ્રમાં રાસ મોટેભાગે પુરુષો લે છે. રાસને હલ્લીસક પણ કહી શકાય. જ્યારે રાસડાએ તાલરાસકને પ્રકાર છે. રાસમાં નૃત્યનું તત્ત્વ આગળ પડતું હોય છે. જ્યારે રાસડામાં સંગીતનું તત્વ મોખરે છે. રાસ અને ગરબી પુરુષપ્રધાન છે. જ્યારે રાસડા નારી પ્રધાન છે.

તરણેતરના મેળામાં પંચાળની લોકનારીએ રાસડાની રંગત જમાવે છે. રાસડામાં નારીહૃદયના ભાવો સરસ રીતે અભિવ્યક્ત થાય છે. રાસડાના ગીતનું વસ્તુ સામાજિક ત્યાગ બલિદાન ટકે કે વીરતાનું હોય છે. રાધાકૃષ્ણના પ્રણયગીતો પણ રાસડામાં ખૂબ ગવાય છે. માલધારી સ્ત્રી-પુરુષો સાથે રાસડામાં જોડાય છે. સ્ત્રીઓ તાલીઓના તાલ કે ચપટી વગાડતો ઢોલ સાથે રાસડા લે છે. એક સ્ત્રી ગવરાવે છે અને બીજી સ્ત્રોઓ ફરતી ફરતી ઝીલે છે. રાસમાં જેટલી વિવિધતા તરલતા જોમને જુસ્સો જોવા મળે છે તે રાસડામાં નજરે પડતો નથી. રાસડામાં રાસે રમનાર નારીઓમાં વસ્ત્રાભૂષણોનું પ્રાદેશિક વૈવિધ્ય આપણું ધ્યાન ખેંચે છે. લોકમેળામાં તો અઢારે વરણ રાસડે રમીને આનંદ માણે છે.

## ❖ રાંદલનો ઘોડો ખૂંદવો :

સૌરાષ્ટ્ર પ્રદેશમાં સૂર્યપત્ની રત્નાદેવી પૂજાનો મહિમા ઘણો મોટો છે. પંચાળની માલધારી જાતિઓમાં લગ્ન, સીમંત, આણાં જેવા સામાજિક પ્રસંગે રાંદલ તેડવાનો રિવાજ છે. જેને ઘેર રાંદલ તેડયા હોય તેને ત્યાં બ્રાહ્મણને બોલવીને બાજોઠ પર બે લોટા અને નાળિયેરના ગોટા મૂકી, કોડીની

આંખ્યું કરી કપડાં, ઘરેણાં વગેરે પહેરાવી રાંદલમાંની સ્થાપના કરવામાં આવે છે. આ પ્રસંગે કુટુંબની સ્ત્રીઓ અને રાંદલની ભૂઈ અથવા ગામના ગોર મહારાજ રાંદલનો ઘોડો ખૂંદવા આવે છે. ઊભા-ઊભા ધીમે-ધીમે, ચાલતાં-ચાલતાં અને બેય પગે સીધા કૂદીને ગોળ-ગોળ ફરીને આ લોકનૃત્ય કરાય છે. આ લોકનૃત્યમાં લોકવાદ્યોની જરૂર પડતી નથી. રાંદલના લોટા તેડતી વખતે જ આ નૃત્ય કરાય છે. આ નૃત્યને કેટલાક લોકો 'હમચી ખૂંદવી' કે 'ઘોડો ખૂંદવો' પણ કહે છે.

(૧) ઊતર્યા આંબેને ઊતર્યા આંબલિયે રે,
ઊતર્યા કંઈ તેજાભાઈને ઘેર
રાંદલમાં ભલે આવ્યા રે.

(૨) લોટા તેડાવ્યા રાંદલમાના
મારા આંગણિયા સોહાય
ઘોડલા ખૂંદશે રે રાંદલમાં
મારી આશા પૂરણ થાય...

### ❖ ટીટોડો :

લગ્ન કે અન્ય ઉત્સવ પ્રસંગે પંચાળની લોકનારીઓ ઢોલના તાલે તાલે ટીટોડો લે છે. બે છોકરીઓ સામસામે હાથની તાળી દઈને કેડેયથી નીચે-નીચે પાછળ હાથ લઈ જઈને ગાય છે.

''એક તરીહ વરહનો ટીટોડો
એના મોંમા દૂધિયા દાંત
બોલે ટીટોડો....

આ નૃત્ય નાની ઉમંરની બહેનો જ કરે છે. ટીટોડાનૃત્ય વખતે જોડકણા ગવાય છે. 'કોણ વહેલું થાકે' એવી સ્પર્ધા પણ થાય છે. શરીર હાંફીને થાકી જાય ત્યાં સુધી કુમારિકાઓ ટીટોડા લે છે.

### ❖ સરજૂગાન :

સૌરાષ્ટ્રના રબારીઓમાં મમાઈમાતાનું મહત્ત્વ ઘણું મોટું છે. મમાઈમાતાના નોખા-નોખા સ્થળે પાંચ મઢ આવેલા છે. દર વર્ષે માતાના સ્થાનકે પુંજનો ઉત્સવ ઉજવાય છે. ભૂવો માતા પાસે પુંજ કરવાની આજ્ઞા માગે છે. આજ્ઞા મળતા પાંચ ટુકડીઓ હાથમાં મોરપીંછ લઈને સરજૂ ગાતી-ગાતી નોતરાં દેવા નીકળે છે. આસો સુદ આઠમની સાંજે પુંજના સ્થળે દસ-વીસ હજાર રબારીઓ ભેગા થાય છે. ભૂવાઓના સામૈયા થાય છે. રાસ-ગરબાને દાંડિયારાસની રમઝટ બોલે છે.

## ❖ પંચાળના લગ્નગીત :

મનુષ્યના સોળ સંસ્કારમાંનો એક સંસ્કાર તે લગ્નજીવન છે. ભારતીય સમાજમાં સૌથી પ્રચલિત અને મહત્ત્વનો સંસ્કાર છે. લગ્નગીતો વર અને કન્યા બન્ને પક્ષે ગવાય છે. લગ્ન લખાય ત્યારથી લગ્નપૂર્ણ થાય ત્યાં સુધી વિવિધ વિધિ વખતે લગ્નગીતો ગવાય છે. લગ્નની પૂર્વતૈયારી રૂપે બન્ને પક્ષના ઘર કે ઝૂંપડાને ગાર-ઘોળ કરી ચાકળા-ચંદરવાથી શણગારવામાં આવે છે. વર-કન્યા બન્ને પક્ષની બહેનો રોજ રાત્રે આડોશ-પાડોશ, ગામ-નેસની બહેનો એકઠી થઈ ગીતો ગાય છે. સૌપ્રથમ ગણેશની સ્થાપના કરવામાં આવે છે. ગણેશ સ્થાપના વખતે ગવાતું ગીત.

ગણેશ ગુંદાળા ને ફાંદે રૂપાળા
પાછલી પછીતે માંડેલા ગણેશ રે
તેત્રીસ કરોડ દેવતા જાનુમાં સોઢયા
પ્રથમ ગણેશ વિસરાયા

## ❖ સાંજીના ગીત :

ઝાડે-ઝાડે પક્ષી જનાવર બોલે
વેજાભાઈ નીંદરા કેમ આવે,
દાદા વાઘાભાઈના રાજમાં
વેજાભાઈ નીંદરા કેમ આવે.
(આજ રીતે મામા, કાકા, માસા, વગેરે માટે ગવાય)

લગ્નના આગળના દિવસે સાંજે વરકન્યાને પીઠી ચોળવામાં આવવે છે. વર-કન્યાની ભાભી, કાકી, માસી, પીઠી લગાડે છે. પીઠીથી વર-કન્યાને શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય પ્રાપ્ત થાય છે. પીઠીમાં વીજળીબળ અને કામદેવને આવકારવાની શક્તિ હોવાની માન્યતા રહેલી છે.

'લીલુડો હરિયો ને પીળુડી પીઠીનો ભરિયો
મારી આઈના રાણીંગભાઈ રે વાલિડો રજમલ હાચરિયો
મારા વીરના સસરા કે મારા વીરને દૂધ સાગર પાજો
દૂધ સાકર પાજો રે મારા વીરને લાડડી પરણાવોરે....'

ગામના લોકો ગણેશને પૈસા-શ્રીફળ મૂકીને વધાવે છે. લહાણારૂપ જે વધાવે અને ગોળ વહેચાય છે. લગ્નતિથિને દિવસે સવારે કે આગળના દિવસે બન્ને પક્ષના ઘેર આંગણામાં ચાર થાંભલા ખોડી-વળીયું, વાંસને ગોઠવી બાંધી બાજરા જુવારના પૂળા કે કપાસની સાંઠી ગૂંથેલ કાથીથી બાંધી છજુ કરવામાં આવે છે. મંડપને ચાકળા, ચંદરવા, તોરણ બાંધી શણગારાય છે. અને ગીતો ગવાય છે.

તારા મોઢડાં પીળા ધમ્મરક દોરો સોનાનો
સોનાના દોરે પરણજો રે બાળક બંધવા
તમે એકવાર પાટણ જાજો
પાટણના પટોળાં લાવજો રે...રાજ બંધવા

તમે એકવાર શિહોર જાજો
સિહોરની ચૂડલી લાવજો રે...રાજ બંધવા

તમે એકવાર શિતળ જાજો
શિતળની ચૂંદડી લાવજો રે...રાજ બંધવા

તમે એકવાર ગોંડલ જાજો
ગોંડલની ગુજરી લાવજો રે... રાજ બંધવા

તમે એકવાર ઘોઘે જાજો
ઘોઘાના ઘોડેલાં લાવજો રે...રાજ બંધવા

❖ **પ્રસંગગીત :**

કાખમાં વટલોઈ હાથમાં શેળુ
ગાવડી દોવા જાય ભરવાડી
તેજલી રેતને ઊગતાં વોળાવી...

મારી તેજલના આણલાં આવ્યાં
આંગણે બાંધ્યા ઊંટ ભરવાડી તેજલી રે,
ઊગતા ઓળાવી

મારી તેજલનો ચોટલો મોટો
જાણે કાળડો નાગ ભરવાડી તેજલી રે
ઊગતી ઓળાવી

મારી તેજલને ભરવાડ કોઈનો કે જે
દીકરા જેવી દેય ભરવાડી તેજલી રે
ઊગતાં ઓળાવી

બાર વાગ્યાની ગાડીએ બેઠી
ઊતરી થાનગઢ ભરવાડી તેજલી રે
ઊગતાં ઓળવી

વરપક્ષ વરરાજાને લઈને જાન જોડે છે. જાનમાં માણસની સંખ્યા નિશ્ચિત હોતી નથી. કેટલીકવાર જાનમાં માણસની સંખ્યા અગાઉ નક્કી કરેલી હોય છે. અથવા કન્યાપક્ષ તરફથી નિશ્ચિત સંખ્યાનું સૂચન પણ મળે છે. જાનમાં વધુ સંખ્યા હોય તો ‘જાડી જાન’ કહેવામાં આવે છ. જાડી જાનથી બન્ને પક્ષને

સામાજિક પ્રતિષ્ઠા મળે છે. જાન રવાના થાય તે પહેલાં પૈડું સિંચવામાં આવે છે. કન્યા પક્ષને ગામ પ્રથમ જાન ગામને પાદર પડાવ નાખે છે. સામૈયું કરીને જાનને ઉતારો અપાય છે. વરરાજાની સેવામાં અણવરને જવાબદારી સોંપાય છે. માલધારી સમાજમાં લગ્ન મોટેભાગે રાતના હોય છે. સમય પ્રમાણે હાલમાં દિવસ દરમ્યાન લગ્ન યોજાય છે. ત્યારબાદ વરરાજાને પોંખતી વખતે કપાળમાં ચાંદલો કરી ઘોસરું, રવૈયો, ત્રાક, અને ઘઉંના ઈડીયા-પીડીયા વડે ગોર મહારાજ પોંખાવે છે.

લગ્નવિધિ સમયે માંડવાની વચ્ચે વર-કન્યાને સામ-સામે બેસાડવામાં આવે છે. વરકન્યાએ હાથ-પગ, કાનમાં, સોના, ચાંદીના ઘરેણા પહેર્યા હોય છે. બન્ને પક્ષની બહેનો ગીતો ગાય છે.

બેની તારા નવા તે નગરના ઘરચોળા
માથે ચંપા પટ્ટાનો લેસ રે....રાજીબોન પરણે રે...

બેની તારા દાદા આવ્યાને, માતા આવશે
બેની તારી મોટીમાને હરખનો માય....રાજીબોન પરણે રે...

બેની તારા કાકા આવ્યાને કાકી આવશે
બેની તારા ફઈબાને હરખાનો માય....રાજીબોન પરણરે....[૧૬]

(૨) સીતાને તોરણ રામ પધાર્યા
આંગણે અલબેલો ઉભા રહ્યા
રવૈયાને પોંખે પનોતી
રવૈયો છાસ ઘુમવા થાશે

માલધારી સમાજમાં કન્યાને લગ્નમંડપમાં લાજ કાઢીને બેસાડાય છે. લગ્નવિધિ વખતે વરકન્યા મૌન વ્રત પાળે છે. ગોર મહારાજની આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. મંડપ વચ્ચે જવ, તલ, ઘી વગેરેથી અડાયા છાણાં ખીજડાના સૂકા ડાળખામાં અગ્નિ પેટાવી હવન કરે છે. હસ્તમેળાપ પૂર્ણ થયા બાદ વરકન્યાને ફેરા ફેરવવામાં આવે છે. પ્રથમ ત્રણ ફેરામાં વરને આગળ રાખવામાં આવે છે, ચોથા ફેરામાં કન્યાને આગળ કરવામાં આવે છે. ચાર ફેરા કર્યા પછી જ વર-કન્યા પતિ-પત્ની બને છે. ત્યારબાદ વર-કન્યાને કંસાર જમાડવાની વિધિ થાય છે. વર-કન્યા સામ-સામા પક્ષની થાળીમાં કંસારના કોળિયા મૂકે છે. તે વખતે બહેનો ગીત ગાય છે.

લાડી લાડો જમે રે કંસાર
લાડીનો બાપ ટળવળે
એની દીકરી આંગળી ચટાડ
કંસાર ગળ્યો લાગે.

## ❖ કન્યાવિદાય :

લગ્નવિધિ પૂર્ણ થયા પછી દીકરીને સાસરે વળાવતી વખતે કન્યાપક્ષની બહેનો જે ગીત ગાય તેને કન્યાવિદાયનું ગીત કહે છે. કન્યાવિદાય એવી વસમી ક્ષણ છે. કન્યાપક્ષની બહેનો, કન્યાના માતા-પિતા, દાદા-દાદી, મામા-માસી સૌની આંખમાં આંસું આવી જાય છે. હૃદયને કઠણ કરીને પણ કન્યાપક્ષની બહેનો દીકરીને વળાવે છે ત્યારે ગીત ગાય છે.

(૧) સૈયાર સંકેલો ઢીંગલાં પોતિયાં
સૈયર આવો રૂડો દાદાજીનો દેશ
જાહીબેન હાલ્યા સાસરે !
સૈયર આવો રૂડો વીરાજીનો દેશ મેલી
જાહીબેન હાલ્યા સાસરે !

(૨) આવી રૂડી આંબલિયાની ડાળ
હીંચકો બાંધ્યો હેમનો રે માણારાજ
દાદા મોટા દેવુ હોય તે દેજો
અમારે જાવું સાસરિયે માણારાજ
દાદાએ દીધા ગાયુના દાન
દીકરીબા હાલ્યા સાસરિયે રે માણારાજ

(૩) 'ઢોલિયા ધડૂકિયા લાડી, હાલો આપણે ઘેર રે
ઊભા રો તો માંગુ મારા દાદાજીની શીખરે,
હવે કેવી શીખ રે લાડી, હવે કેવા બોલ રે,
પરણ્યા એટલે પ્યારા લાડી, હાલો આપણે ઘેર રે !

## ❖ દુહા :

દુહો લોકસાહિત્યનું સુઘડ વેધક સાહિત્યસ્વરૂપ છે. પંચાળના માલધારીઓને દુહા અતિ પ્રિય છે. ગાય, ભેંસ, ઘેટા, બકરાં વગડે વેરાયા હોય, વગડાનો વાયુ પાંદડા હારે વાતુએ વળગ્યો હોય ત્યારે બગલે લાકડીઓનો છેડો ટેકવી પગને આંટી મારી પંચાળના પ્રદેશને દુહા ગાઈને ગજવતા ગોપાલકનું ચિત્ર મનોહરને અહલાદક આકર્ષણ ઊભુ કરી હૈયુ હલબલાયને એમાંયે ઐતિહાસિક કથાને ગૂંથી લેતા દુહાઓ એમના વધુ પ્રીતિપાત્ર હોય તેવું જણાય છે.

પોતાના માલઢોર સારું જીવ સટોસટ લડી લેનારા પંચાળના વીરજવાનો આપેલ વચન પ્રાણના ભોગે નિભાવનાર પ્રેમીઓની શૃંગાર-મસ્તી, દેવતાઈ સતનું આરાધન, ભૂમિપ્રેમ, ને લાજ-મરજાદ, દુહાઓના વિષય તરીકે ઓળખાતા હોય છે. પંચાળના માલધારીઓના દુહાઓમાં યુવાન, પ્રણ્ય-બેલડીઓની રસઝરતી કથા 'શેણી-વિજાણંદ', 'દેવરો-આણલદે' 'હોથલ પદમણી' અને 'ખેમરો લોડણ' પ્રેમસતની પંક્તિ ગવાય છે.

**દેવરો-આણલદેનો દુહો**

''સિંધાવો ભલે સજણા, લિયો લાખેણા લાવ
દેવરા કેરા દાવ, અમ કરજો અવળા પડયા''

**શેણી-વિજાણંદનો એક દુહો જોઈએ.**

''હરણા તારી ડોકમાં ઘડાવું ઘૂઘરમાળ
સોને મઢાવું તારી શિંગડી, વાવડ દે વિજણંદના''

'ખીમરા-લોડણ' આ દુહામાં વિરહવ્યથા ન સહેવાતા કેવું બલિદાન દેવાય છે તે જુઓ

''કોઈ ચડાવે તેલ, કોઈ ચડાવે સિંદૂર
પણ લોયણ ચડાવે લોય, તારી ખાંભી માથે ખેમરા'

એમના દુહાઓમા માત્ર પ્રણયમસ્તી નથી. પણ દેશભક્તિના પણ દર્શન થાય છે.

'ખાખર ઉમ્બરને ખીજડા, પાણાનો નહિ પાર,
વણ દીવે વાળુ કરે, તો દેવકો પંચાળ'

અતિથિ સત્કારની ભાવના નીચેના દુહામાં જોવા મળી

નરનારી બન્ને ભલા, કદી ન આંગણ કાળ,
આવેલને આદર કરો, પડ જોયો પંચાળ,

પોતાના પશુઓ જે જળ પીએ છે તેનો આભર માનવાનું પણ તેઓ ભૂલતા નથી. નીચેના દુહામાં તેના ગુણગાન ગાય છે.

નદી ખાબકે નિર્જળા, મલપતા પીએ માલ
ગાળે કસુંબા ગોવાળિયા, ખંડ જોયો પંચાળ

તેમના નીતિવિષયક દુહા પણ જોવા મળે છે.

''અગ્નિમાં બળવ ભલું, ભલું ઝહેરનું પાન
શિયળ ખંડિત ના ભલું, નવ કાંઈ શિયળ સમાન''

દુહાઓમાં પંચાળના માલધારીની દેશભક્તિ, અતિથિ સત્કારની ભાવના, ડહાપણભરી ખુમારી, રીતરિવાજો, ખાસિયતો, નબળાઈઓ વગેરે કોઈકવાર અભિધામાં- કોઈકવાર વ્યંજનમાં તો કોઈવાર લક્ષણમાં પ્રગટ થાય છે.

- ‘કુંકવરણી ભોમકા, સરવો સાલેમાળ
  નરપટાધર નીપજે, ભોય દેવકો પાંચાળ’

- ‘આછાં પાણી વરડે, ધરતી લાંપડિયાળ
  સર ભર્યા સારસ લવે, પડ જુઓ પાંચાળ’

- ‘ગૂઢે વસ્તર ગોરિયા, પગ પિંડીનો તાવ,
  પનઘટ ઉપર પરવરે, પડ જુઓ પંચાળ’

- ‘લાંબી પેટે અંગિયા, છૂટી મેલે સાળ,
  વાટકીએ કસુંબા પીએ, પડ જેવો પંચાળ’

- ‘ઢાંગો માંડણ ઠીક છે, કહી ન આંગણ કાળ
  ચાર પગાં ચરતાં ફરે, પડ જેવો પંચાલ

માલધારી ગમે તે જ્ઞાતિ જાતિનો હોય પછી તે ભરવાડ કે રબારી, ચારણ કે આયર જે હોય તે તેને દુહા તો આવડતા જ હોય. લોકકથા, ટુચકાં ઓઠા, જોડકણા કે ઉખાણા ન આવડતા હોય પણ થોડાઘણાં દુહા આવડતા હાય તે ગોપાલક સંસ્કૃતિનું આગવી દેન છે.

## જોડકણાં :-

પંચાળના ગોપબાળોમાં જે જોડકણા પ્રચલિત છે. તેમાના કેટલાક અહીં ઉતારીએ, લોકરમતોની વચ્ચે-વચ્ચે જોડકણા આવતાં હોય છે. અહીં તો જોડકણાની રમત પણ રમાય છે. તેમા બાળસહજ કુતૂહલ પ્રગટ થવાની ઈચ્છા, કોઈકનું ધ્યાન ખેંચવાની વૃત્તિ, મશ્કરી, મેણાટોણાની આછકલી, ઝલક, એવું બધુ અપ્રાસ-સપ્રાસમાં કહેવાતું હોય છે. તેમાં મોર, પોપટ, ગાય, ભેંસ, બકરી, જેવા પ્રાણીને પણ જોડી દેવામાં આવે છે. જોડકણામાંથી માલધારીની બોલીના લહેકા-ટહુકા આપમેળે જ એમા વણાઈ જતાં પ્રતીત થાય છે.

**માલધારીઓના મુખ્ય ખોરાક ખીચડી છે. બાળકોએ તેના પરથી જોડકણું જોડી કાઢ્યું.**

‘ખાતાં જાઓ ખીચડી
ને ગાતાં જાઓ ગીત’

**ઊંટને જોઈને માલધારી ગોપબાળો ગાય છે.**

'સાંઢિયા સાંઢિયા ઝૂંક
તારી દાઢીમાં થૂંક
તારી મા ખાય તેલ
તું તો ઢીલો ને ઢફ'

**ભાઈની આવરદા વધારવાના હેતુથી બહેન પોષ મહિનાની પૂનમનું વ્રત કરે છે.**

'પોષી પોષી પૂનમડી, આકાશ સંધ્યા અન્ન
ભાઈની રહેન રમે કે જમે ?
ભાઈ તરત જ જવાબ આપે 'જમે''

પંચાળની મુખ્ય ત્રણ નદીઓ, કાળુભાર, વાઘેશ્વરી, અને ઘેલા. આ ત્રણેય નદીનો સંગમ ઘેલા સોમનાથ પાસે થાય છે. એને પણ પંચાળના ગોપબાળો જોડકણા રૂપે બોલે છે.

'કાળુભારના કાળા પાણી,
ઘેલાના ગળમાણા
ઉતાવળીના આણાં આવ્યાં
ફલગુબાઈ ફૂલાણા'

નવરાત્રિ વખતે કાલીઘેલી બોલીમાં કોઈ બાળકી ગીતગાતી હોય ત્યારે સાંભળવાની ઓર મજા આવે છે. અને છોકરાઓ નાગના આકારના માટીના ઘોઘા બાપજી બનાવી ઘેર-ઘેર જોડકણાં ગાય છે.

(૧) 'ગરબડિયા ગોરાવો, ગરબે જાળિયા મેલાવો જો
હું પણ નો'તી મારે જીવાભાઈ છે વીરા જો !'

(૨) 'ઘોઘો ઘોઘો ઘોઘ સલામ
નાથીબાઈના વીર સલામ'

(૩) 'અડકડી સોનાની કૂડી, ભામણ બેઠા ડેલીદડી
ડેલી માથે ડોલમડોળ, મહી વાગે છે ભંગીઢોલ'

હોલી-નવરાત્રિ જેવા ઉત્સવોમાં ગામડામાં અશ્લીલ જોડકણા ગવાય છે. જે માનવ ઉત્ક્રાંતિમાં જંગલની સંસ્કૃતિ-સંસ્કાર ઉતરી આવેલ હોય તેમ લાગે છે. હોળી વખતે ગવાતા જોડકણાને ફાગ કહે છે. દિયર ભોજાઈ વચ્ચે જોડકણાની આપ-લે થાય છે.

'ભાભી ભાભી ભાણું
ઉપર મેલ્યું સાણું
મારા ભાઈ
એમાં હું શું જાણું'

જોડકણામાં માલધારી પ્રજાના લોકમાનસ બાલોચિત્ત રસ-જિજ્ઞાસા, વિનોદ, ઉપહાસ, ઘોર શૃંગાર વિભત્સ અને લોકરમતનો પરિચય મળે છે.

### ❖ ઓઠા :

ઓઠા એ લોકસાહિત્યનો પ્રકાર છે. ઓઠામાં બોધ, ઉપદેશ હોય છે.  ટુચકામાં કેવળ મનોરંજન હોય છે. ઓઠામાં સત્યને મૂર્ત કરવા ને મજબૂત કરવા એને લગતું પ્રમાણ છે. પંચાળના માલધારીઓમા પ્રચલિત ઓઠાની વાત કરીએ તો તેમા થોડીક પ્રાદેશિક વિશેષતાઓ જોવા મળે છે. શંકરભગવાન પંચાળ પ્રદેશ માટે અજાણ્યા દેવ નથી. એની ભોળપ વિશે અહીંના લોકોમાં એક સરળ ઓઠુ પ્રચલિત છે.

એક ચોરને ગામમાં કશુંય ન મળતા શંકરના મંદિરે ખાતર પાડવા ગયો. ત્યાં ભગવાન ઉપર લટકતા ચાંદીના છત્ર સિવાય બીજું કંઈ નહોતું. તે લેવા માટે શંકરના લિંગ ઉપર પગ મૂકીને એ ઊભો રહ્યો અને છત્ર ઉતારી ચાલતો થયો ત્યાં જ ડમરું મૃદંગ વાગવા લાગ્યા ચોરે હાથ જોડી ક્ષમા માંગી કે હે ભગવાન. હવે પછી હું કયારેય ચોરી નહી કરું ?

પણ ભગવાન તો એને માંગ-માંગ હું તારા ઉપર પ્રસન્ન છું કહેવા લાગ્યા ભોળાનાથની અવળવાણી સમજવા ચોરે બીતાં-બીતાં પૂછયું પણ તમે મારા પરશું કામ રાજી થયા છો ? ભગવાને કહ્યું, ‘મે જાતભાતના અનેક ભગત જોયા. કોઈ ફૂલ ચડાવે, કોઈ દૂધ કોઈ બિલ્લીપત્ર, કોઈ માથું પણ તું તો આખો જ મારા પર સમર્પિત થઈ ગયો. હું તારા પર સાચે જ પ્રસન્ન છું.

આવા હતા ભોળિયા શંકર.’

ઓઠા કહેનારની શક્તિ પ્રમાણે વળાંક લેતા હોય છે. કહેનારની બોલી, સરળ ને તાકયું તીર મારનારા ન હોય તો સાચું ઓઠુ વણસી જતાં વાર ન લાગે એથી ઊલટું ઓઠું નબળું હોય પણ કહેનાર બળુકી બોલીમાં કહેતો હોય તો ડાયરામાં કે જ્યાં પણ એ કહેવાતું હોય ત્યાં પોતાની આગવી હવા ઊભી કરી દે છે. પંચાળના માલધારીઓ ઓઠુ કહેતી વખતે વધારે પડતું લંબાણ કરી દેતા હોય છે. ત્યારે તે વણસતું લાગે છે. ઓઠું વધું પડતું. ટૂંકાય ત્યારે પણ તેની જીવંતતાને આંચ આવતી હોય છે.

પંચાળના માલધારી કોમમાં ભગવા ભક્તિરસનાં ઓઠા મુખ્ય છે. ને બાકી સામાજિક ઓઠા મળે છે. ઓઠાનું મૂળ શોધીએ તો છેક પુરાણોમાં મળે એટલે કે ઓઠામાં પંચતંત્ર, હિતોપદેશ, ને ઐતહાસિક કથાઓ સહેજ ફેરફાર સાથે પ્રાદેશિક ખાસિયતોના મેળવણ સાથે કહેવાતી હોય છે.

## ❖ ટુચકા :

પંચાળના ડુંગરાના ગોપાલકોમાંયે હાસ્યરસ નિપજાવવા ટુચકા પ્રયોજાય છે. ખરું જોતા ટુચકો એ સમય પાસ કરવા માટે નાની આકૃતિનો લોકકાવ્યનો પ્રકાર છે. અમુક ટુચકા વીંછીની જેમ પૂંછડે ડંખ રાખનાર એટલે કે છેક છેવાડે ચોર સુધી રહસ્યોદઘાટન કરતા હોય છે. ટુચકા વચ્ચે-વચ્ચે હાસ્યરસનું ગીત કે જોડકણું આવી જતું હોય છે. મોટે ભાગે તે હાસ્યને અવરોધતું નથી. મુક્ત કરે છે. પુષ્ટ કરે છે. ટુચકો એ કાવ્ય નથી છતાં એમાં અલંકાર, ભાષા, ચતુરાઈ, કાવ્ય જેવી ગોઠવણ ઈત્યાદી આવી શકે છે. પંચાળના માલધારીઓ પણ જાણ્યે-અજાણ્યે આ બધાનો લાભ લેતા જણાય છે. ટુચકામાં એક કહેનાર અને અનેક સાંભળનાર હોય છે. આમ ન હોય તો ઓછામાં ઓછી બે વ્યક્તિની અપેક્ષા તો રહે જ છે. તાત્પર્ય એટલું જ કે એક કહે ને એક સાંભળે ત્યારે ટુચકો થાય. શહેરી સભ્ય સમાજના ટુચકાથી સ્વરૂપગત નહી પણ વિષય બાબતે પંચાળના લોકોના માલધારીઓના ટુચકા નોખા પડે છે. શહેરના ટુચકાઓમાં બહુધા બુદ્ધિજન્ય કટાક્ષો હોય છે ને હાસ્ય નિપજાવતું હોય છે. તો પંચાળના ટુચકાઓમાં વગડાનો ધીંગો શ્વાસ ધબકતો હોય છે. ટુચકા યુવાનો વચ્ચે કહેવાનું ચલણ હોય છે. તેનો ઉદ્દેશ માત્રને માત્ર હસવા-હસાવવાનો છે. પંચાળના માલધારીઓના કેટલાક ટુચકા નીચે પ્રમાણે છે.

પંચાળ પ્રદેશ એટલે ડુંગરાળ પ્રદેશ ત્યાં પાણીની ખૂબ જ અછત રહે. એમાંયે એકવાર દુષ્કાળ પડયો. ગામમાં એક જ વાવમાં પાણી હતું, ને વાવ ગામથી થોડેક દૂર હતી. ત્યાં પાણી ભરવા જવામાં ગામની સ્ત્રીઓને બહુ સમય લાગતો. આ મુશ્કેલી દૂર કરવા વાવને ગામમાં લઈ આવવા ખંભે ધાબળા બાંધી માંડયા તાણવા, ધાબળા ફાટવાનો અવાજ થયો અવાજ સાંભળી સૌ બોલી ઊઠયા. ‘ચહકા, ...ચહકી....વાવડી ચહકી’ !....

બીજો ટુચકો પણ હાસ્યનિષ્પન્ન કરે છે. એક ભરવાડ રોજ દાતણ ચાવતો હોય ત્યારે શેરીમાં નીકળતું ભેંસનું ખાડું જુએ. રોજ એમાંથી એક સારી ગોળ શીંગડાવાળી ભેંસને જોઈ વિચારે એમાંથી મારું માથુ નીકળી જાય કે નહીં? એક દિવસ એણે એના શિગડાંમા માથુ નાખ્યું તો સલવાઈ ગયું કોઈકે કહ્યું આવું કરતાં પહેલા કંઈ વિચાર ન કર્યો મૂરખ ! વિચાર તો હું ઘણાંય દિવસથી કરતો હતો એણે કહ્યું.

આમ, ટુચકામાં માલધારી પ્રજાની ઓછી બુદ્ધિને સામાન્ય જ્ઞાનનો અભાવ વરતાય છે. ટચુકામાં પંચાળના સંસ્કાર, બોલી, જીવંતતા ને જડતાં જોવા મળે છે.

## ❖ ઉખાણા :

ઉખાણામાં સ્મૃતિશક્તિ અને સામાન્ય જ્ઞાનની પરીક્ષા લેવાઈ જતી હોય છે કોઈ કોઈવાર ગણિત સૃષ્ટિ, વિશેનું જ્ઞાન ને ડહાપણ બહું ઓછા શબ્દોમાં ઉખાણામાં ચીતરાયું નજરે ચડે છે. પંચાળના માલધારીઓમાં ઉખાણા કહેવાને એમનો તોડ કાઢવાની યુવાન-યુવતીઓમાં સ્પર્ધા જોવા મળે છે. સાથે જ નોંધીએ કે એમના ઉખાણામાં એમની સમસ્યાઓ એમની મૂંઝવણ એમનો રાજીપો એમની શ્રદ્ધાઓ

એમની વૈવિધના ડોકાય છે. ઉખાણામાં પંચાળની માલધારી કુટુંબની બહેનો પોતાની અરસપરસની સૃષ્ટિને કોઈ કોઈ વેળા ભાવાત્મક રીતે વણી લઈ એમા નવો જ પ્રાણ પૂરી એને કવિતાની કોટિએ લઈ જાય છે. અહીં કેટલાક ઉખાણા આપેલા છે.

(૧) પંચાળની એક યુવતીના પિતા ગામની નદી વળોટી સામે કાંઠેના ગામે ચોમાસે ખરીદી કરવાને ગયા હતા. એટલે એ વિષયક ઉખાણું બનાવી એણે પોતાની સખીને પૂછયું.

''આવશે તો નંઈ આવે, ને નંઈ આવે તો આવશે ઈ ઉખાણું વરત''

સાહેલી જવાબ ન દઈ શકી.

ઉત્તર : યુવતીએ પોતે જ કહ્યું 'નદીમાં પૂર આવશે તો મારા બાપુ ગામે નંઈ આવે ને નદીમાં પૂર નહીં આવે તો આવશે.

(૨) ''લાંબુ લાંબુ લહ પહ, ત્રણ માથાને દહ પગ'' તો કહેવાયું

જવાબ : ''કોસ''

(૩) ગણ્યા ગણાય નહીં ને વિણ્યા વિણાય નહીં
છાબડીમાં માય નહીં શું ?

ઉત્તર : તારલાઓ

ઉખાણા આબાલવૃદ્ધ સૌના ચિત્તને આકર્ષે છે. સ્ત્રીઓમાં પણ એટલા જ પ્રચલિત છે.

### ❖ કહેવતો :

અરબી ભાષામાં કહેવતનું મહત્ત્વ દર્શાવતી એક સુંદર કહેવત છે ''જેમ મીઠા વિનાનું ખાવું લુખ્ખું, તેમ કહેવત વિનાની ભાષા લુખ્ખી'' કહેવતો કાંઈ એમ ને એમ જન્મતી નથી. એની પાછળ કોઈને કોઈ કારણ ક્ષોભથી જન્મે છે. કોઈવાર વાતમાં કોઈ એવો તીખો તીવ્ર-વેધક ને ડહાપણનો સાર ગ્રહી વિચાર રજૂ થઈ જાય તો એ છેવટે કહેવત દેહે સમાજમાં સ્થાપિત થઈ જાય છે. કહેવતને કોઈએ સોંસરવા ઉતરી જાય એવા 'વચન બાણ' ની ઉપમા પણ આપી છે. પંચાળની માલધારી પ્રજાને વ્યવસાય અર્થે અનેક સ્થળે જવાનું થયું એ કારણે એમના કહેવત ભંડારમાં મૂલ્યવાન ઉમેરો થયો ને કેટલીક એણે છૂટે હાથે જયાં ગયાં ત્યાંજ લોકોના વચ્ચે હ્દયથી વેરી છે.

દૂધ, ઘી તો એમનો મુખ્ય વ્યવસાય એ ઉપરથી એણે પૈસા ખર્ચીને મૂર્ખાઈ કરવી એ વાતના સારાંશ રૂપે કહ્યું.

‘છાસમાં માખણ જાય ને વહુ કૂવડ કહેવાય’

દૂધમાં પાણી ભેળવવાની વૃત્તિ દરેક ગોપાલકમાં સહજ હોય છે. પંચાળના માલધારીઓ એમાંથી બાકાત કયાંથી હોય ? એ વિશેની એક કહેવત જોઈએ.

‘ભરવાડની દીકરી કુંવારી રહે, પણ દૂધ કુંવારું ન રહે.’

તો એનાથી સાચુ સત્ય રજૂ કરતી બીજી એક કહેવત અહીં જ નોંધીએ.

‘દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.’

આખાય ગામની ગાય, ભેંસ એક જ ભરવાડ ચારવા જતો. પંચાળમાય એમ ખરું તેથી જ કહેવાય.

‘પાંચના ગોવાળ ત્યારે પચાસનાય ગોવાળ’

ભરવાડ, રબારી તરફ સભ્ય સમાજના ધાર્મિકો સૂગ રાખતાં હોય છે. ત્યાં સુધી કે અમુક જૈન સાધુઓ રબારીની ભિક્ષા સ્વીકારે છે પણ ભરવાડની નહી. ભરવાડને ગામના સવર્ણો ‘ભૂત’, ‘ગોબો’, ‘ગમાર, ‘ભરું’ એવા સંબોધને બોલાવે છે.

એના દાખલા રૂપે એક કહેવત જોઈએ.

‘ભૂત નહી દેખાતો દેખો ભરવાડા’

સવર્ણો પંચાળના માલધારીને ભલે આવું કહે પણ એમનામાં જે સંપ અને ઐકય છે તે શીખવા જેવા છે. એમનાં જેવો સંપ ગુજરાતની કોઈ લોક જાતિઓમાં નથી. વળી સમૂહલગ્નો, સુધરેલા સમાજ પહેલા એમનામાં જ હતા. એવી ભાવનાની સાક્ષીરૂપ એક કહેવત નોંધીએ.

‘ડાંગે માર્યા પાણી જુદા પડે નહીં’

વન-વગડે ઘૂમતા પંચાળ માલધારીઓ ઘેટા-બકરાને પાણી પાવા પોતાની સાથે ચામડાની બોખ રાખતાં હોય છે. જેથી રસ્તે આવતા ગમે તે કૂવેથી પાણી સીંચીને ઢોરને પાઈ શકાય. ‘બોખ’ શબ્દને ગૂંથી લેતી આ કહેવત કેવો ગૂઢાર્થ નીપજાવે છે.

‘બોખ પાછળ ઘરેડુ’

આવી કહેવતની ખૂબી એ છે કે એમાં સાદી ભાષામાં, ઊંડું સત્ય પીરસાયુ હોય છે. જિંદગીમાં ઊભી થતી સમસ્યાઓના ઉકેલ આપવા પણ આ કહેવતો સમર્થ હોય છે. કહેવતો જે તે પ્રજાનું સંસ્કારધન છે. કહેવતોમાં અનુભવ-જ્ઞાનનું મિશ્રણ થયેલ હોય. પુખ્ત સ્ત્રી-પુરુષોમાં કહેવતો પ્રચલિત હોય છે.

## ❖ રૂઢિપ્રયોગો :

કહેવત અને રૂઢિપ્રયોગમાં એક ઝીણો તફાવત છે કહેવતમાં જે વાત કહેવાની હોય તે બોધના હેતુથી કહેવાય છે. જ્યારે રૂઢિપ્રયોગમાં એ બોધ વિના સ્પષ્ટ રીતે આલેખાય છે. રૂઢિપ્રયોગોનો ઉપયોગ લોકબોલીમાં નવું જોમ, જુસ્સો તાજગીને ભાવની ભરતી આવે છે. થોડામાં ઘણું કહેવાય જાય. રૂઢિપ્રયોગમાં વાણીની તોછડાઈ પણ જોવા મળે છે. એ તોછડાઈ જ વેધકતા આપવામાં સહાયક બનતી હોય તેમ લાગે છે. એક જ શબ્દના અનેક અર્થ થતા હોય છે તેવા રૂઢિપ્રયોગો પંચાળની માલધારી જ્ઞાતિમાં સાંભળવા મળે છે. રૂઢિપ્રયોગોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ આપણા શિષ્ટ સાહિત્યના ગદ્યમાં પણ થતો જ હોય છે. રૂઢિપ્રયોગો કોઈ નિશ્ચિત પ્રદેશ કે જાતિના હોતા નથી. પંચાળના માલધારીઓમાં વાતચિત્ત દરમ્યાન નીચેના જેવા રૂઢિપ્રયોગ પ્રયોજાય છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | સવાશેર સૂંઠ ખાવી | - | તાકાત હોવી |
| (૨) | દેવ થવું | - | મૃત્યુ પામવું |
| (૩) | હાથ પીળા કરવા | - | લગ્ન કરવા |
| (૪) | હોઠ સાંજા તો ઉત્તર ઝાઝા | - | બહાનું કાઢી ખોટું બોલવું |
| (૫) | પેટે પાટા બાંધવા | - | ખૂબ જ કરકસર કરવી |
| (૬) | લોહી ઉકળવું | - | ગુસ્સે થવું |
| (૭) | ગાડરિયો પ્રવાહ | - | આંધળું અનુકરણ કરવું |
| (૮) | નાક કાપવું | - | કિંમત ન રહેવી |
| (૯) | દમ દટ હોવું | - | ખૂબ જ સમૃદ્ધિ હોવી |
| (૧૦) | ઊભી પૂંછડીએ ભાગવું | - | બીકથી કે પરાજ્યથી ભાગવું |
| (૧૧) | ગોળ ખાવો | - | સગાઈ કરવી |
| (૧૨) | ભગવાનનું માણસ | - | ભલું ભોળું માણસ |
| (૧૩) | રૂપિયોને નાળિયેર દેવું | - | સગપણ પાકુ કરવું |
| (૧૪) | મોમાં મગ ભરવા | - | મુંગું રહેવું |
| (૧૫) | ગાય જેવા હોવું | - | સાવ નિરુપદ્રવી હોવું |

રૂઢિપ્રયોગ કહેવત જેટલું જ લોકસાહિત્નું સબળ વ્યવહાર માધ્યમ છે. રૂઢિપ્રયોગો સમજવા માટે કોઈ ઊંડા જ્ઞાનની જરૂર નથી. એટલે જ પંચાળના અભણ કે ઓછું ભણેલા માલધારીઓની વાતોમાં એ છૂટથી પ્રયોજાતા હોય છે ને સાંભળનારને પણ સહેલાઈથી સમજાતા હોય છે.

## ❖ લોકકથા :

લોકકથામાં લોકસંસ્કૃતિનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. લોકકથામાં લોકોના તળપદા રીત-રિવાજો, લોકબોલી, લોક વરણો, પશુ-પંખીઓ, હથિયારો, યુદ્ધો, ઉત્સવો, અલંકારો, વહેમો, ભૂતપ્રેતની માન્યતાઓ અને સ્થાનીય ભૂગોળ જોવા મળે છે. સંસ્કૃતિના બધા જ પાસાઓ આપણને લોકકથામાંથી મળે છે. કોઈપણ સમાજની સંસ્કૃતિની ઉન્નતિ અને અવનતિ જાણવી હોય તો એ ધર્મશાસ્ત્ર ઉપરથી જણાય છે. સ્મૃતિઓમાં નહીં મળે શિષ્ટમંડળોમાં એને નહી શોધી શકાય. ઈતિહાસમાંથી પણ એ ખોળી કાઢવું કઠણ છે. ત્યારે સમાજની મૌલિક લોકકથાઓ પરથી એનો ખ્યાલ આવી શકે છે.

લોકકથા ચારણો ઉપરાંત અન્ય જ્ઞાતિના લોકોમાં પણ કૌશલ જોવા મળે છે. હિન્દુઓમાં ચારણ, ગઢવી, બારોટ, ભાટ, રાવળ, તુરી, ઢાઢી અને મુસલમાનોમાં મીર જ્ઞાતિ પણ લોકકથા કહેનારી જાણીતી જાતી છે. લોકકથા કહેનારને લોકકથા કહેતી વખતે ખૂબજ સજાગ રહેવું પડે છે. વળી જે પ્રદેશની લોકકથા કહેવાની હોય તે પ્રદેશની ભૂગોળ લોક સંસ્કૃતિ, લોકબોલી, રીત-રિવાજો અને ઈતિહાસની જાણકારી અત્યંત જરૂરી બને છે. પંચાળ વિસ્તારના માલધારીઓની કેટલીક લોકસભર લોકકથા જોવા મળે છે. જેમાં માલધારીઓની શૂરવીરતા, મર્દાનગી, દાતારી, ગોભક્તિ, સેવાસાધના, ને અતિથિપ્રેમ વગેરે તેમની લોકથામાં અંકાય છે.

### (૧) રાણીમા :

અઢારમી સદીમાં પંચાળમાં અનેક ભક્તો થઈ ગયા છે. વાંકાનેર પાસેના લુણસરિયા ગામમાં રાણીમાં અવતરેલા. આ સ્ત્રી પાત્ર માલધારી પ્રજામાં અમર રહેવા સજાર્યું છે. ખૂબ જ નાની વયે રાણીમાં પિતાની છત્રછાયા ગુમાવી બેઠા. અનાથ રાણીમાને કાકા વીરાભગત ભેગાં રહેવાનો વારો આવ્યો ત્યાં ભક્તિ સંસ્કારવાળા વાતાવરણમાં રાણીમાનો ઉછેર થયો. મીરાંબાઈની જેમ ઠાકોરને તે પોતાનો ધણી માનતા. રાણીમાના જીવન આસપાસ કેટલાક ચમત્કારીક પ્રસંગો ગૂંથાયેલા છે. જ્ઞાતિ, રિવાજ પ્રમાણે બહુ નાની વયે જ તેમના લગ્ન લેવાઈ ગયા હતા. પણ રાજકીય અશાંતિના સમયમાં લોકસેવા, પીડિત-વાત્સલ્ય, અભ્યાગતને આશરો ને અન્નદાન દેવામાં જીવન ખર્ચી નાખ્યું. જેમની સાથે એમના દૈહિક લગ્ન થયા હતા. તે અરજણભાઈ પણ છેવટે રાણીમાની જગ્યામાં આવી ઠાકોરજીની ગાયોની અને સંતોની સેવામાં લાગી ગયા.

'નરનારી બન્ને ભલાં, કદીન આંગણ કાળ
આવતડાં આદર કરે, ૫ડ જો જો પંચાળ'

રણીમાની યાદગીરી રૂપે આજેય મચ્છુકાંઠે 'રાણીમાના હનુમાન' અને 'રાણીની વાવ' તરીકે બે સ્થાનો ખ્યાતનામ છે. પરમ પ્રેમાવતાર બાઈમાં શ્રી ભક્તિમાન રાણીમાએ ચરિત્ર મિશ્રિત લોકવાર્તામાં

રાણીમાની પ્રેમલક્ષણાભક્તિ, સર્વધર્મ સમભાવ એવા, શાંતિપ્રિયતા, અહિસંક પ્રતિકારને ધર્મ પ્રચારના ઉમદા ગુણોનું ગૌરવાન્વિત આલેખન થયું છે. રાણીમાના ચરિત્ર આસપાસ એમના દેવી ચમત્કારોની કિવંદંતીઓ છે. જેમને અર્ધ ઈતિહાસ કહી શકાયે. એ શ્રદ્ધાનો વિષય હોઈ ખરા-ખોટાના, ખોટા-વિવાદ વિના આપણેએ ચમત્કારીક પ્રસંગો જોઈએ. જેમકે, પાંચીકામાંથી સાકરમાં રૂપાંતર થવું તે પ્રસંગ ઉપર ભૂમિમાં વાવ થયાનો પ્રસંગ, દેહાભગતવાળો પ્રસંગ વગેરે ચમત્કારો દંતકથારૂપ કહેવાય છે. અહીં 'રાણીમા'નું પાત્ર પંચાળની સંતસ્ત્રીઓની ઝાંખી કરાવી જાય છે. એની સંસ્કૃતિમાં જે ઊંડી ધર્મભાવના વિકસી છે તે જોવા મળે છે. રાણીમાના બાળપણના વર્ણનથી 'નબાપા'થઈ જવું વગેરે પંચાળમાં બાપ મર્યા પછી છોકરાઓ કાકાને ત્યાં ઉછરે છે તે વણલખી કુટુંબભાવના રજૂ કરે છે. જેને સંસ્કૃતિનો ઉજળો અંશ કહેવાય.[૧૭]

## (૨) ખાનદાની :

'વંકી મચ્છુ માળીએ, એથી વંકી વાંકાનેર
નર પટાધર નીપજે, પાણી ધરાના ફેર'

આ પ્રદેશની ખમીરવંતા માનવીની લોકવાર્તામાં ખાનદાની ગવાઈ છે. બીજલને આંગણે સોળકન્યા પરણાવવાનો રાયજંગ મંડાણો છે. ને બાજુમાં ગામનો વાલો શેઠ બીજલને આ લગ્ન માટે ૧૬૦૦ કોરી આપવા બંધાઈને છેલ્લી ઘડીએ ગલા-તલાં કરી ના ભણે છે. આબરૂદાર બીજલને જીવતર ધૂળમાં મળી ગયું લાગે છે. વેવાઈયો ઉતાવળા થાય છે. એની પોતાની દીકરીયું પણ લગ્ન જોગ થઈ છે. લગ્નદિન ઉજળી નોમના તોરણ બંધાયા પણ વાણિયાના વિશ્વાસઘાતે બીજલ અકળાય છે. છેવટે ફાંટમાં પાણા બાંધી આત્મહત્યા કરવા જાય છે. ત્યાં તેનો ભાણિયો ગામધણીનો દીકરો સોખડ. ઘીના ઠામમાં ઘી પડ્યું રહેશે કહી પોતાના બાપુને પૂરી વિગતે વાકેફ કરી દીધા. દરબાર કને ગામ ગિરવે મૂકાવી લગ્નજોગ ૧૬૦૦ કોરી અપાવે છે. દહીસરાના દરબાર મોટાભાઈ ઉર્ફે દેદા દરબાર છેલ્લી બધી વાતની ભાળ નીકળતા દેણું ચૂકવવા ડેલીએ આવેલ. બીજલનો શુકન સારું પાંચ જ કોરી લઈ લેણું વસૂલ થયાનો કોલ લખી દે છે. વચ્ચે કુદરતનું કરવું કે આપો આસો ભગવાનને ઘેર ગયા. છેવટે દરબાર મુળુવાળાના ડોબા ચરાવી સોખડ ઉદાસ મને દેણું ચૂકવવાનું વિચારે છે. છેવટે ભારમાનું દેણું ટીલાતના માલધારી હતા દહીસરાં દેદા દરબારને ભરી દે છે.

આ લોકકથામાં આપ્યુ વચન ન પાળતા વાણિયાને દોષ દીધા વિના આબરૂ ખાતર બીજલ મૂંઝવણનો માર્યો આત્મહત્યાનો માર્ગ અપનાવવા જાય છે. ત્યાં પંચાળના લોકોમાં લોકોને વચન આપ્યા પછી પાળી દેવું ને એમ ન થાય તો મરવું ભલું એવી ઊંડી ખાનદાની વ્યક્ત થાય છે. સોખડને ગામધણીનું ચિત્ર સંસ્કારની સાક્ષાત પ્રતિમાં સમાન છે. ૧૬ કન્યાને વરાવવાની વાત પંચાળમાં માલધારી કોમમાં થતાં સમૂહલગ્નોના રિવાજની યાદ અપાવે છે. દુઃખને એક બે હૈયે જીરવનારો, આંસુને એકલો નેણે

ઢોળનારોને ખાનદાનીની ફાંટુ ભરો તોય વીરડા શી ખૂટે જ નહી એવા બીજલનું ચરિત્ર-ચિત્રણ પણ કોઈ ભડ માલધારીની છાપ ઊભી કરે છે.

આમ, આ વાર્તામાં ખાનદાની, વચનપાલન શૌર્યની છોળો ઊઠે છે ને એના કસુંબલ છાંટડા હૈયાને તરબોળ કરે છે. લોકકથામાં ઈતિહાસ-ભૂતકાળની કથાઓ-પ્રસંગો સાથે જે તે પ્રદેશની ભૂગોળને પણ રજૂ કરે છે. પંચાળ પ્રદેશ જ આમેય રળિયામણો સોહામણો પ્રદેશ છે. આવી લોકવાર્તાના સંપાદક પંચાળભૂમિ નું વર્ણન કર્યા વગર રહેતા નથી.[૧૮]

## ❖ ભરવાડની ભાઈબંધી :

શ્રી દલિતભટ્ટ સંપાદિત 'ભરવાડની ભાઈબંધી' લોકકથામાં વાંચીએ છીએ કે કૂદાણીના ખેતાજી મકવાણાને મારી સરધારના ગોધા વાઘેલા કૂંદણીનોકબજો લે છે. ખેતાજીને મનથી વરેલી માનબા ઉદરમાં ઉગતાં જીવનું જતન કરતા શિયાણી ગામના ભરવાડ વીસાને ખોરડે આવ છે. ખેતાજી અને વીસાને વગડાનો આંખનો નાતો હતો. કુંવરને જન્મ આપી માનબા મકવાણા પાછળ સતી થાય છે. માનબાએ કુંવર વીસાને સોંપ્યો. વખત વીતતા સરધારના વાઘેલાને ભાળ મળતા બે હાજરની ફોજ વીસાને ઘેર ઘેલો ઘાલવા ઉપડે છે. પણ એ પહેલાં વીસો સાબદો થઈ જાય છે. એનો લાકડિયો સાદ સીમાડે-સીમાડે, ગામેગામ ફરી વળે છે. દશ હજાર ગોબાધારી ભરવાડો ભેગા થઈ જાય છે. વાઘેલાના સૈન્યને હરાવી બાપના મારતલને મારી અઢાર વરસનો કુંવર સાંગાજી ભરવાડોની ફોજ લઈને કૂંદણી પર ખાબીકીને કૂંદણી પાછું લે છે.

ઉપરોક્ત લોકકથામાં પંચાળની માલધારીની પ્રજાની એકતા, સંપ, આતિથ્યભાવનાં, વફાદારી મિત્રતા જેવા માનવસમાજના ઉમદા ગુણોની સાથે-સાથે પંચાળની ભૂમિ અને માલધારી પ્રજાની લોકસંસ્કૃતિ દેખાય છે. વીસો માનબાનો દુઃખ ટાણે જોખમ વહોરી લઈનેય આવકારે છે અને રક્ષે છે. એમા એની આતિથ્યભાવના અને શોર્ય પ્રગટ થાય છે. વેંત-વેતની મૂછો એના મોએ ફગફગતી હતી. તેવો બોઘરું ઘી પીનારો વીસો ભરવાડ પટેલ હતો ને ભાઈબંધી માટે કાંડે ઘા ઝીલનારો વીર હતો. પંચાળની નદી ભાદરના સેજળનું તળાવ કરતા ઘેઘૂર ઘટાદાર વડલાઓની જોગી-જટા જેની વડવાઈઓનું ને તાપથી તવાઈ ગયેલી લીલુડી વનરાજિનું વર્ણન વાંચતા જ લોક વાર્તાકારે પંચાળની લોકસંસ્કૃતિની વાત માંડી છે. એવું તરત જણાઈ આવે. એટલું જ નહિ આવા વાતાવરણ ઘૂમતાં 'હું બેઠયે ગમે ત્યાં આથડો તો તો મારું નાક કપાય', 'અમારી ભાઈબંધી સાથે મલક થૂંકે' જેવી ભાવના ધરાવતા વીસા ભરવાડનું શૌર્ય છતું થાય છે. કૂદંણી, સરદાર અને ભડલી જેવા પંચાળભૂમિના ગામોનો ઉલ્લેખ અહીં થાય છે. પ્રણયકથાને ઓથે અહીં ભરવાડ જાતિનું ખમીર મહેમાનગતિની ઉચ્ચ ભાવનાને, સ્ત્રી પ્રત્યે માનપાન આ લોકકથામાં રજૂ થયેલા જણાય છે.[૧૯]

## ❖ એકલવીર જોઘો ભરવાડ :

઼ઓ લોકવાર્તામાં મચ્છુંકાંઠાના ગોવાળ જોઘા ભરવાડની વાત કરવામાં આવી છે. એ દરબાર જશાવાળાની ગાયો ચરાવતો હતો. જશા વાળાને ગાયો ઘણી હતી. જોઘો ભરવાડ વીસ વર્ષથી દરબારની ગાયો વનવગડે ચરાવતો હતો. અને છે એવું કે એક દિવસ મચ્છુકાંઠે જોઘો ભરવાડ ઘણ ચરાવવા જાય છે. ત્યાં પાઘડીબંધ મથરાવટી ગોરિયુ ફાટ-ફાટ જાંગ ફાટતા આઉ, ત્રણ-ત્રણ વળ લેતા કાન એનું અસલ દેશી ઘણ જોઈ કાઠીઓની દાનત બગડી. એ ઘણને હાંકી જવા એનો મુખી આદેશ કરે છે. પહેલા પ્રથમ તો મૂંઝાઈને જોઘો ઘેર-ગામ તરફ દોડી આવે છે. પણ પછીથી વૃદ્ધ માને પત્નીનો ઠપકો અને શૌર્ય કરવા પ્રેરે છે. ને એ ઘણ પાછુ વાળે છે. આ બાજુ ગામમાં ગામતરું કરી પાછા ફરેલા દરબાર જશાવાળાને બધી વાતની જાણ થાય છે તે મચ્છુકાંઠાનો રસ્તો પકડે છે. ત્યાં એના માણસો ઘણને લઈ પાછું આવતા દેખાય છે. ત્યાં માણસનું ઘડ જોવા મળે છે. જોતા જાણ થાય છે કે એતો જોઘા ભરવાડનું ઘડ !

જશાવાળાના મુખમાં ત્યારે વાર્તાકાર કેવા રૂડા શબ્દો મૂકે છે ‘રંગ છે ગોવાળ ! વાહ ! ગોવાળ ! તે તો મારી લાજ રાખી દીધી પંચાળની આ લોકવાર્તામાં જેમ જોઘા ભરવાડના શોર્ય માથે આપણે વારી જઈએ છીએ તેમ ત્યાંની માલિકપ્રેમી ગાયો દુશ્મન સામે ઝઝૂમે છે. તેમાં પંચાળનું દેવત્વ પ્રગટે છે.

ભોમા શિંગ ભરાવી માથુ ઊંચુ કર્યું. સૂંડલો એક ધૂળની ડમરી ચડાવી દીધી ને ગડગડતી મેલી તે સાથે જ ઘોડાઓ અને તેના અસવાર એમ બન્નેને ઉલાળી દીધા. સાથે જ ક્રૂર કાઠીએ છ-સાત બંદૂકોની ગોળીઓથી ઉડાવી દીધું તેમા પંચાળના ગોવાળનું શૌર્ય, જોઘાનું લડતુ ઘડ ફરજમાન દર્શાવે છે. વાર્તારંભે દોરાયેલ જોઘાનું ચિત્ર પણ પંચાળના માલધારીની યાદ તાજી કરાવી જાય એવું છે. હાથમાં શિરામણ માથે પાઘડી બાંધેલ કડિયું, પહેરેલ પોતિયું વાળીને પગમાં બોર ખીલા જડેલ પગરખા પહેર્યા હતા. પંચાળની ગાયોના નામ લાખેણ, ધમોર, ધારેણ, પરવાર, ઉઝારા વગેરે પણ પંચાળની લોકસંસ્કૃતિનું જ ચિત્ર ઉપસાવે છે.

પંચાળની માતાનું ગૌરવ ડોસીના પાત્રમાં દેખાય છે. ‘ઘણ કાઠી વાળી ગયા’ ને દીકરો કહેવા આવ્યો એ સાંભળતા જ ડોસીનો ટેકા ઉપરથી હાથ ઉપડી ગયો, દેહ ટટાર થઈ ગયો. ‘‘મારો જોઘો ઘણમાં હોય ને કાઠી ઘણ વાળી જાય’ વીહ વરહની ગોવાળી લાજે. તે તો મારું ધાવણ લજવ્યું, માલધારી જોઘાની પત્ની પણ એવે ટાણે આંખથી ઠપકો દેતી ભરવાડને જોઈ કેવા સરસ શૌર્ય ભાવે આલેખાઈ.

આમ, એક ભરવાડના હાથે રચાયેલ આ લોકવાર્તામાં પંચાળની લોકસંસ્કૃતિના અનેક પાસા સવળા કરાયા છે જેમાં શૌર્ય, કર્તવ્ય પાલન, પત્નીની પતિ પ્રત્યેની ફરજ જે માતાની દીકરાને ધાવણ ન લજવવાની સલાહ, આદિ પંચાળી બાનીમાં અહીં જીવંત થઈ ઊઠયું છે.[૨૦]

## ❖ અક તેતરને કારણે :

સંવત ૧૪૭૪માં પારકરમાં ભયંકર દુષ્કાળ પડયો. સોઢાએ પોતાના ઢોર બચાવવા સોરઠમાં ચાલી નીકળ્યા. માલધારી રાજા પોતાના માલ ચારીને ગુજારો કરતાં નેસડામાં રહીને રાજમહેલની મજા લેતા. સોઢાજી પરમારને ચાર ભાઈઓમાંથી બે ભાઈઓ પારકરમાં રહ્યા અને લખધીરજી અને મૂંજાજી પોતાની હાંસલી ઘોડી પર બેઠા ત્યારે મા જોમબાઈ બોલ્યા આપણી વસ્તીને પરદેશમાં મા કયાંથી મળશે એટલે જોમબાઈપણ રથમાં બેઠા અને બે હજાર સોઢાઓ ઢોર હાંકતા-હાંકતા મુકામ બદલતા ચાલી નીકળ્યા. લખધીરજીને નીમ હતું કે ઈષ્ટદેવની પ્રતિમા 'પારસનાથ'ના દર્શન કરી પછી જ અનાજ આરોગે. હવે પોતાનો દેશ છોડયો તે ઘણો દૂર રહી ગયો. આથી એક રાતે ઈષ્ટદેવ સ્વપ્નમાં આવ્યા ને કહ્યું : કે બેટા કાલે એક ગાયનું ધણ તને રસ્તામાં સામુ મળશે. તેમા કાળી કુંવારી ગાય તેમનો માયંલો પગ ઊંચો કરીને તારી સામે જોઈ જમીન ખોતરશે. ખોતરેલી જમીનમાં ખોદજે તો તને ત્યાં એક પ્રતિમા મળશે. તેના દર્શન કરીને રોજ જમશે. મૂર્તિ રથમાં પધરાવીને સાથે લઈ જજે ને જ્યાં રથ ઉભો રહી જાય ત્યાં તારો મુકામ કરજે.

બીજે દિવસે પ્રભાતે સ્વપ્નની વાત સાચી પડી પંચાળ ભૂમિમાં માંડવ ડુંગરની ધાર ઉપર જ ગાય મળી ને મૂર્તિ જડી એ માંડવરાજની પ્રતિમાને માતા જોખબાઈ ખોળામાં લઈને બેઠા. સોનાના થાળ સરખી પંચાળ ભૂમિમાં મોતીના દાણા જેવા ડુંગર જોતા-જોતાં અગ્નિપુર વરતારો આગળ આવ્યા હવે કેવો છે એ પંચાળ દેશ.

'નદી ખળકે નિઝરણા, મલપતાં પીએ માલ
ગાળે કસુંબા ગોવાળિયા, પડ જેવો પંચાળ'

ચાલતાં ચાલતં એક નદીની વચ્ચે રથ ઊભો રહ્યો. ત્યારે લખધીરજીએ પોતાની પાઘડીનો છેડો ગળે વીંટી પ્રતિમા સામે હાથ જોડી કહ્યું 'હે ઠાકર ! તે દિવસ તમે સ્વપ્નમાં કહેલું કે જ્યાં રથ ઊભો રહે ત્યાં ગામ બાંધજે. નદી વચ્ચે કંઈ ગામ બંધાશે ? સામે કાંઠે પધારો તો ત્યાં આપની સ્થાપના કરું એટલું બોલી પૈડાને હાથ દીધો એટલે રથ ચાલવા લાગ્યો. આ આખોય વિસ્તાર નિર્જન છે. પરમારોની ગાયો, ભેંસો, ઘેંટા, બકરા ને ઊંટ બધા જંગલમાં ચરવા લાગ્યા. જે નદીમાં રથ થંભી ગયો હતો તે અત્યારે પણ 'નાડાતોડિયું' એ નામથી ઓળખાય છે.

પારકી ભૂમિમાં ધણીની રજા લીધા સિવાય કેમ રહેવાય તપાસ કરતા ખબર પડી કે વઢવાણના રાજા વીસળદેવ વાઘેલાનો વિસ્તાર છે. નાનાભાઈ મુંજાજીને અહીં રહેવાનું કહી પોતે વઢવાણ આવ્યા. દરબારગઢમાં વીસળદેવ ચોપાટ રમે છે. ત્યાં જઈને રાજાને રામરામ કર્યા. રાજાને આવનાર મહેમાન ગમી ગયો અને સીધોજ ચોપાટ રમવા બેસાડી દીધો. લખધીરજીને ચોપાટ રમવામાં મજા આવી. સાંજ

પડી એટલે લખીધીરજી એ બધી વાત કરી. દુષ્કાળ છે. રજા આપો તો તમારા વિસ્તારમાં માલ ચારીએ. વિસદેવ બોલ્યા એ મુલકતો ઉજ્જડ છે. પણ તમે મારી રીજા લીધી એટલે હું તમારી નીતિથી ખુશ છું. પણ તમારે એક શરત મારી પાળવી પડશે રોજ ચોપાટ રમવા આવવું પડશે. લખધીરજીએ શરત કબૂલ કરી.

એક દિવસ લખધીરજી ચોપાટ રમીને પડાવ પર  પહોંચ્યાં ત્યારે મુંજાજીએ વાત કરી કે 'ભાઈ ! આજ તો હું પૂજા કરતો હતો ત્યારે માંડવરાજ બે વાર મારી સામે જોઈને હસ્યા.' ચતુર લખધીરજીએ વાત રાળીટાળી નાખી પણ અંતરમાં એને ફાળ પડી ગઈ કે નક્કી મુંજાજી માથે ભાર છે. તે વગર પ્રતિમા હસે નહી.

''માંડી સાંભળ્યું કે'
'શું છે છોડી'

આ ઓલ્યો રજપૂત રોજ-રોજ મારા બાપુ પાસે ચોપાટે રમવા આવે છે એની ખબર છે ને !

''હા એ રોયો આવે છે ત્યારથી દરબારે ઓરડે આવવાનું ઓછું કરી નાખ્યું છે. કોણ જાણે શું કામણ કરી મેલ્યું છે. બોથડ સોઢાએ.

''મા તમે બહુ ભોળા છો. સાચી વાત કહું એ રાજપૂત આવ્યો છે સિંધમાંથી એને એક જુવાન બેન છે. બાપુને તેની સાથે વિવાહ કરવા છે તેથી તેને થોડી જમીન કાઢી આપી છે. એને એટલે રોજ ચોપાટ રમવા બોલાવે છે. ઠાકોર વિસળદેવના પત્ની અને તેની વડારણ વચ્ચે આ વાત થઈ. રાજપ્રીતિ વઢવાણના દરબારી નોકરોથી નહોતી ખમાતી. લખધીરજીનો પગ કાઢવા માટે વાઘેલાઓએ રાણીવાસમાં ભારે ખટપટ ઊભી કરી. રાણીને આ વાત સાચી લાગી. એટલે તેમણે તેમના ભાઈ-ભત્રીજાને બોલાવીને આ સોઢા સામે યુદ્ધ કરી તેને અહીંથી ભગાડી મૂકવાનું કહ્યું. સાયલાથી આ કટક વનમાં જાય છે. ત્યાં એક તેતર પક્ષી પાંખ ફફડાવી રહ્યું પાંખ તૂટી પડવાથી ઊડી શકતું નથી. આ તેતરને પરમારોના ઉચાળા તરફ હાંકો કજિયો જગવવાનું બરાબર બહાનું જડશે. તેતર માતા જોમબાઈ ઈષ્ટદેવ માંડવરાજની પૂજા કરે ત્યાં પહોંચી બાજોડની નીચે લપાઈ ગયો. માતા જોમબાઈએ લોહી તરબોળ પંખીને બાજોડ નીચેની લઈ પોતાના હૈયા સરસું ચાંપ્યું ને પંપાળવા લાગ્યા. તેતરને ઉદ્દેશીને કહે છે 'હવે બીમા ! મારા બાપ! હવે અહીં કોની બીક છે ? આ તો રજપૂતાણીનો ખોળો છે. મારા બચ્ચા.

ત્યાં તો ઝાંપા બહાર બઘડાટી થઈ રહી . ચભાડોના ઘોડા હમચી ખૂંદતા હતા. એ ચભાડો ચાસકેચાસકા કરતા હતા. આહીં ગયો એલા અમારે ચોર કાઢી આપો ? કોના છે ઉચાળા ? સોઢાઓ બધા પોતપોતાના ડેરામાંથી બહાર નીકળ્યા પૂછવા લાગ્યા કોણ છે ? તમે કેમ આટલા બધા રીડિયા કરો છો ?

અમારો ચોર કાઢી આપો જલદી. ચોરી ઉપર શિરજોરી કરોમા ચભાડો એ તોછડાઈ માંડી

'કોણ તમારો ચોર ?

'અમારો શિકાર' જખમી તેતર

સોઢાઓમાં હસાહસ ચાલી વાહ ! રંગ છે તમને એક તેતર સારું આટલી બહાદુરી !''

ત્યાં તો ઝાંપે જોમબાઈ દેખાણા ગોદમાં તેતર છે રજપૂતાણીએ પૂછયું 'શું છે બાપ ?'

'ઈજ ! ઈજ અમારો ચોર ! ઈજ તેતર ! લાવો પાછો'

તેતર પાછો અપાય કાંઈ ! એ મારો શરણાગત ઠર્યા ! શીદ ઠાલા ઝેર વાવો છો ! અમને પરદેશીને શુંકામ સંતાપો છો ? કહો તો મારા ઘેંટા, બકારા, ગાય, ભેંસ દઉ પણ શરણાગત કેમ સોંપ્યો જાય. આમેય ચભાડોને તો કજિયો જોઈતો હતો. બહાનું જડી ગયું. સમશેરો ખેંચાઈ એ મામલો દેખીને માતાએ જુવાન બેટા મૂંજાજીને પડકર્યો.

'બેટા, એક ચકલ્યું છે, તો પણ એ આપણું શરણાગત કર્યુ. આજ આપણે મર્યા-માર્યા વગર છૂટકો નથી. ભલે આજ ચભાડો પારકરા પરમારની રાજપૂતી જોતા જાય.

''વાહ મારી જનની ! કહીને મુંજાજી તેગ લઈને ઉઠ્યો હું તો પરમારને પેટ ધાવ્યો છુના મા જુએ છે બેટો ઝૂઝે છે એવું કારમું ધીંગાણું મંડાઈ ગયું. તેમા ૫૦૦ ચભાડો કપાઈ ગયા અને ૧૪૦ સોઢા કામ આવ્યા એન એક તેતરને કારણે સોઢા પરમારોએ પૃથ્વી પર પોતાની ઈજ્જત આબાદ રાખી.

આ સમયે લખધીરજી તો વીસળદેવની ડેલીમાં ચોપાટ રમવામાં તલ્લીન હતા. એમને આ દગાની ખબર નહોતી. સાંજ પડી એટલે વીસળદેવને રાણીએ બોલાવી કહ્યું કે અહીં બેસો.

પણ મહેમાન એકલા બેઠા છે.

મહેમાનને એકલા નહી રાખુ. હમણા એના ભાઈયુની હારે જ સરગાપુરનો સાથ પકડાવી દઈશ.

'રાણી ! આ શું બોલો છો ?'

'ઠીક બોલું છું, એ વાઘરાની દીકરી હારે તમારે પરણવું છે કા.'

'તમે આ શી વાત કરો છો ?'

'હું બધું જ જાણું છું પણ આજ મારા ભાઈઓએ એ તમામને જમપુરીમાં પહોંચતા કર્યા હશે ?

વીસળદેવ બધો ભેદ સમજી ગયા. તેણે ડેલીએ આવીને લખધીરજીને કહ્યું 'ભાઈ ! અહીંથી જલદી ભાગ. તમારે માથે આફત છે. લખધીરજી જાય છે ત્યાં રસ્તમાં રાણીના માણસો રોકી દે છે.

'મને કોઈ રીતે જાવા દો !'

'હા તારી હાંસલી દેતો જા !'

ખુશીથી પણ દરવાજે અહીં બજારમાં હું ગરાસિયો ઉઠીને ભોયે ચાલીશ તો મારી આબરૂ જશે. બજારમાં પહોચતાં જ હાંસલીના ડેબામાં પગની એડી મારી ત્યાં તો હાંસલી ઉડીને એક નાડાવા જઈ ઊભી.

લખધીરજી બોલ્યો કે 'લ્યો બા, રામરામ !'

રજપૂતના ઘોડાને ડોકા બેય એકસાથે જ લેવાય એટલી વાત હવેથી ભૂલશો નહીં.

હાંસલીને જાણે પાંખો આવી. ઘણુંય દોડવા જાય શું કરે. એક નાની નદી આવી તેમાં હાંસલી ટપીને જાય છે. ત્યારે તેના પગમાં રહેલ નેવલ તૂટી ગઈ. રસ્તામાં લખધીરજીને ફાળ પડી ગઈ હતી. મુકામ પર આવતા જુએ છે તો મા મૂંજાજીના શબનું માથું ખોળામાં લઈને બેઠા હતા. એક તેતરને કારણે મુંજાજી મરે ? એ વાત સાંભળીને લખધીરજીની છાતી સવાવેંત ઊંચી ચડી માને કહે છે મા ! આજ રોવાનું ન હોય. આજ તો ઘોળમંગળ ગાવાનો દિવસ છે. આજ તમારી કૂખ દીપાવીને મૂંજો સ્વર્ગે ગયો. જુઓ મા, જોયું મુંજાનું મોં ? હમાણાં ઉઠીને તમને ઠપકો દેશે ? આવું મોત તો તમારા ચારેય દીકરાને માટે માગજો, માડી !

'બાપ લખધીર, તારો બાપ સ્વર્ગે સિધાવ્યા તે દિ આ મૂંજો પેટમાં હતો. એટલે મારાથી એની સંગાથે જવાણું નહીં. આજ તારા બાપની ને મારી વચ્ચે વીસ-વીસ વરસનું છેટુ પડી ગયું હવે તો મૂંજાને સથવારે જ મને રાજી થઈને જાવા દે.

ચેહ ખડકાવીને માતાજી દીકરાનું શબ લઈને સતી થયા. આજ પણ એ જગ્યાએ જોમબાઈનો પાળિયો છે. આજ પણ જે બાઈને છાતીએ ધાવણ ન આવતું હોય તે આ પાળિયાને કાપડું અડાડી આવે તો ધાવણની શેડો છૂટે એવી લોકવાયકા છે.

મા અને ભાઈને સ્વર્ગે વળાવીને લખધીરજી શોકમાં નહોતો પડી ગયો એણે એ ઠેકાણે ગામ બાંધ્યુ. એક રબારણ રોજ દૂધ આપી જતી તેને લખધીરજીએ બહેન કહેલી એનું નામ મૂળી હતું. મૂળીની મમતાથી પરમારે ગામનું નામ મૂળી રાખ્યું.

એ રીતે આજનું મૂળી સોઢા પરમારોની રાજધાની બન્યું.[૨૧]

❖ ❖ ❖ ❖

## સંદર્ભ સૂચિ


| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | ભગવદ્દગોમંડળ - ભાગ-૬, પૃ.૩૭ |
| ૨. | એજન, પૃ.૩૯ |
| ૩. | ગોપાલદર્શન ભાગ-૪, સં.દુલેરાય માટલિયા અને સુરાભાઈ ભરવાડ, પૃ.૧૧૭ |
| ૪. | એજન, પૃ.૧૧૮ |
| ૫. | પંચાળના ડુંગરાના માલધારીઓનું લોકસાહિત્ય અને તેનો લોકસંસ્કૃતિ સાથેનો સંબંધ, પ્રો. પરશુરામ દેવમુરારી, પૃ.૬૫-૬૬ |
| ૬. | એજન, પૃ.૨૬ |
| ૭. | પંચાળના માલધારીની મુલાકાત, વસ્તાભાઈ |
| ૮. | સૌરાષ્ટ્રની અસ્મિતા - ડૉ. જયંતિલાલ ઠાકર, પૃ.૯૬ |
| ૯. | ગુજરાતની અસ્મિતા- રજની વ્યાસ, પૃ.૩૨૫ |
| ૧૦. | શ્રી ઘેલા સોમનાથ મહાદેવ- શ્રી દિનુભાઈ દવે, પૃ.૧૮ |
| ૧૧. | ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત, લે. જોરાવરસિંહ જાદવ, પૃ.૧૮૨ |
| ૧૨. | એજન, પૃ.૧૮૩ |
| ૧૩. | તરણેતરના મેળામાં રૂબરૂ મુલાકાત, ગદાભાઈ ભરવાડ |
| ૧૪. | તરણેતરના મેળામાં રૂબરૂ મુલાકાત, માલાભાઈ રબારી |
| ૧૫. | તરણેતરના મેળામાં રૂબરૂ મુલાકાત, વેજાભાઈ ભરવાડ |
| ૧૬. | થાનાગઢની રબારી કન્યાની રૂબરૂ મુલાકાત, મણિબેન તથા અન્ય |
| ૧૭. | પંચાળના ડુંગરાના માલધારીઓનું લોકસાહિત્ય અને તેનો લોકસંસ્કૃતિ સાથેનો સંબંધ, પ્રો.પરશુરામ દેવમુરારી-પૃ.૧૫૫ |
| ૧૮. | એજન, પૃ.૧૫૯ |
| ૧૯. | એજન, પૃ.૧૫૭ |
| ૨૦. | એજન, પૃ.૧૮૦ |
| ૨૧. | સૌરાષ્ટ્રની રસધાર- ભાગ-૨, લે. ઝવેરચંદ મેઘાણી, પૃ.૩૭૧ |